Chap-3

પ્રકરણ – ૩ :

# સંસારસુધારક વાડીલાલ

## ૧ : ધર્મસુધારણા :

સંસારસુધારાનું ફલક ઘણું વિસ્તૃત છે છતાં પણ સંસારસુધારાની વાત જ્યારે જ્યારે કરવામાં આવે ત્યારે એ સંસારસુધારો એટલે સમાજસુધારો એવો સંકુચિત અર્થ ઘણીખરી વાર કરી લેવામાં આવે છે, પરંતુ સમાજસુધારો અને સંસારસુધારો એ બે શબ્દોના અર્થમાં ઘણો તફાવત છે. સંસારસુધારામાં ધર્મસુધારો અને સમાજસુધારો એ બને એકી સાથે સંકળાયેલા હોય છે. એમ હોઇ સંસારસુધારક વા. મો. શાહની વાત કરીએ ત્યારે સૌથી પહેલા વા. મો. શાહના ધર્મસંક્રમણની ચર્ચા કરી લઇએ એ ઉચિત છે.

વા. મો. શાહના ધર્મસંક્રમણની વાત કરતી વખતે સ્થાનકવાસી જૈન ધર્મના સ્થાપક વીરનર લોંકાશાહનું નામ પહેલપ્રથમ નજરે ચઢી આવે છે. એમને ઇતિહાસનવેશોએ "ગુજરાતના માર્ટિન લ્યૂથર" જેવા ઉચ્ચકક્ષાના નામે સાચી રીતે બિરદાવેલ છે. એ લોંકાશાહને એમના શાસ્ત્રાભ્યાસ દરમ્યાન સમજાઇ ગયું હતું કે જૈનોમાં રહેલી મૂર્તિપૂજા શાસ્ત્રસંમત નથી; તેથી એમણે એ પ્રથા સામે બંડ પોકારીનેધર્મનો પોતે માનેલો સાચો રાહ જનસમાજને સમજાવ્યો હતો. આજે એમના

અનુયાયીઓની સંખ્યા લાખોની છે, અને તેઓ સ્થાનકવાસી જૈનો તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવે છે. એમનું કાર્ય મૂર્તિપૂજાના વિરોધ પૂરતું મોટેભાગે મર્યાદિત રહયું હતું એટલે પાંચસો વર્ષ પછી એ લોંકાશાહની શોધિતવર્ધિત નવી આવૃત્તિસમા વા. મો. શાહે ધર્મસંસ્કરણનું તેમનું અધૂરું રહેલું કાર્ય હાથ ધર્યું હતું અને મૂર્તિપૂજાની સાથે શિથિલાચાર, દંભ, જૂઠ, અંધશ્રધ્ધા, રુઢિમમત્વ, કૂપમંડૂકતા અને નિષ્ક્રિયતા જેવી અનેક પ્રકારની જે બલાઓએ સમાજમાં ઘર કરી લીધું હતું તેની સામે જીવનભર જેહાદ જગાવી હતી અને પોતાની મનધારેલી મુરાદને બર લાવવા માટે "પત્રકારના તખ્તા ઉપર નાચવાનું સ્વીકાર્યું હતું. એકાદ દસકા સુધી ધર્મચિંતન અને પત્રકારત્વને વાગોળ્યા પછી તેમને ધર્મસંસ્કરણનું સાચું દર્શન થવા પામ્યું હતું અને તેને તેમણે "મહાવીર-મિશન" જેવું ઉજળું નામ આપ્યું હતું. એ "મહાવીર-મિશન" એટલે સમાજ-જીવનના ઉર્ધ્વીકરણની યોજના એ આખીય યોજના તેમણે સને ૧૯૧૩માં પોતાના પત્ર દ્વારા જનતા સમક્ષ રજૂ કરી હતી.[૧] આ યોજનાને અલાયદી પુસ્તિકાના રૂપમાં પ્રસિધ્ધ કરી સમાજના ધીરગંભીર વિચારવંત સજ્જનો, ચિંતકો, ફિલસૂફો તેમજ પત્રકારો તરફ પ્રચારાર્થે મોકલી આપીને તેમના તરફથી યોગ્ય સાથ અને સહકાર મળી રહે એવું એમણે ઇચ્છયું હતું. સમાજનું હિત જેમને હૈયે હરહંમેશ વસી રહયું છે એવા સાધુવર્યોએ તેમજ વિચારવંત સજ્જનોએ એ યોજનાને આવકાર આપ્યો હતો અને પોતપોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવા માટે વા. મો. શાહ પર પત્રો લખ્યા હતા તેની વાત નીચે મુજબ છે:-

---

૧. જૈ. હિ. સને ૧૯૧૩ : જુલાઇ-ઓગષ્ટ : પૃ. ૩૩૪-૩૫૧

કવિવર્ય મુનિશ્રી નાનચંદજીએ લખ્યું હતું કે: "તમે મોકલાવેલ "મહાવીર-મિશન"ની યોજનાનું ફોર્મ બરાબર અથઇતિ વાંચ્યું છે. વાંચતાં હૃદયમાં હર્ષ ઉભરાઇ નીકળ્યો છે. આપણા નિદ્રાવશ સમાજમાં આત્મભોગ આપવાનો પાઠ મૂળથી જ શીખવાયો નથી. શ્રાવકવર્ગ પર સાધુઓના વિચિત્ર વાસક્ષેપથી આ સમાજ બૂઠી લાગણીવાળો, સ્વાર્થપરાયણ, ટૂંકમાં મડદાલ હાલતમાં છે; તો પણ અત્યંત પ્રશંસનીય - આ તમારું આત્મભોગ આપવા માટેનું લખાણ સ્થાનકવાસીઓના અરૂણોદયને સ્વલ્પકાળ હોય એમ બતાવે છે. એક મહાન જબરજસ્ત વ્યક્તિ - જે પાકવી જોઇએ તેની ખામી છે; તોપણ જ્યારે તમારા જેવા નિષ્કિંચન પોતાના જરૂરના વ્યવહારને પણ તિલાંજલિ આપી સ્વધર્મસેવા માટે યાહોમ કરવા તૈયાર થશે ત્યારે લાગણીવાળા ધનાઢ્ય ગૃહસ્થો અને સંસારના શ્રેય માટે મુંડન કરાવી ફરનાર ત્યાગીઓ આત્મભોગ આપે એમાં સંશય નથી એમ હું મારા પોતાના વિચાર ઉપરથી કલ્પના કરું છું. તમારું લખાણ મને વ્યાજબી એટલું જ નહિ પણ સ્તુત્ય અને તુરતમાં અમલમાં મૂકવા યોગ્ય લાગે છે...............આવા સ્વધર્મના ઉદયરૂપે મહાવીર-મિશનમાં મને મારાલાયક કોઇપણ કાર્યમાં સ્વીકારશો તો હું મારા તનમનથી તે સંસ્થામાં સેવા બજાવવા તૈયાર છું."[૨]

કચ્છ પ્રદેશના કાંડાકરા મુકામે તા.૧૮-૬-૧૯૧૦ના રોજ મળેલી સાધુપરિષદના પ્રમુખપદેથી સંસ્કૃત ભાષામાં વિસ્તૃત તેમજ

---

૨. તા.૧૧-૭-૧૯૧૩નો મુનિશ્રી નાનચંદજીએ લખેલો પત્ર: શ્રી ત્રિ.વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનો જીવનસંદેશ": પૃ.૨૦

વિદ્વત્તાપૂર્ણ અને વિચારપ્રેરક વ્યાખ્યાન આપનાર અને અર્ધમાગધી કોષના સર્જક-સંપાદક મહાજ્ઞાની/શતાવધાની, ભારતભૂષણ મુનિરત્ન શ્રી રત્નચંદ્રજીએ પાલનપુરથી લખ્યું હતું કે :
"સંસ્કૃત, પ્રાકૃત કોલેજના સંબંધમાં વાતચીત કરતાં તમોએ એકવખત જે વિચારો રૂબરૂમાં પ્રદર્શિત કર્યા હતા તે વિચારોની ઉત્તમ સંકલના રૂપે "મહાવીર-મિશન" વિશેનો વિસ્તૃત લેખ "જૈ. હિ." માં દૃષ્ટિગોચર થયો. અથથી ઇતિ સુધી વાંચતાં હૃદયમાં અપરિમિત આનંદસંદોહ ઉપસ્થિત થયો. યોજના ઘણી સરસ અને લાભકારક છે, અશક્ય અંશને ભાવના રૂપમાં મૂકી, શક્ય અંશને કૃતિ રૂપમાં મૂકવા પ્રાધાન્ય આપ્યું છે તે ઉચિત જ કર્યું છે. "મહાવીર-મિશન"ની યોજના શીઘ્ર અમલમાં આવે તેમ આ લેખક ઊંડી લાગણીથી ચાહે છે અને શકત્યાનુસાર બનતી યોગ્ય મદદ આપવા તૈયાર રહેશે. કિં બહુના ?"[3]

ઉપર્યુક્ત કચ્છ સાધુપરિષદ ભરવામાં જેમનો મુખ્ય ફાળો હતો એવા વિદ્વાન મુનિશ્રી ત્રિલોકચંદજીએ કચ્છ-અંજારથી લખી જણાવ્યું હતું કે : "તબિયતની અવ્યવસ્થા ચાલે છે; પરંતુ "મહાવીર-મિશન" ની યોજના વાંચી હશે; કાંઇ સુધારાઓ સૂચવશો ?" એવા તમારા પત્ર પરથી માસિક વાંચી જોતાં ઉત્પન્ન થયેલા હર્ષને લીધે શરીરનું અસ્વાસ્થ્ય દૂર થયું છે, ખાંસી નરમ પડી છે મગજનો દુઃખાવો તદ્દન ટૂંક મુદતમાં શાંત પડયો છે, આ પ્રતાપ "મહાવીર-મિશન"ની ખુશખબરનો જ છે.

---

3. તા. ૨૪-૪-૧૯૧૩નો પત્ર : અંજન : પૃ. ૨૧

તમારા પત્રના જવાબમાં હું કહીશ કે મને તે સર્વાંગે પસંદ છે; પણ હમણાં એ બાબતમાં હું કંઇ લખવા ખુશી નથી. તે કામ ગમે તેટલું ઉત્તમ હોવા છતાં, વ્યવહારુ હોવા છતાં, અને મદદ મળી રહેશે કે કેમ એ બાબતમાં મને જરા ચિંતા થાય છે. કારણકે મૂળ તો આપણો વર્ગ કોઇ સૂચનાનું રહસ્ય અને ઉપયોગીપણું સમજવા જેટલો કેળવાયેલો નથી; વળી એટલી ઉદારતા નથી. માટે તેમને કોઈ સારા કામમાં જોડાવા માટે ઉપરાઉપરી લખાણો દ્વારા અપીલ થવાની જરૂર રહે છે કે જે કામ અઠવાડિક અને દૈનિકપત્ર સિવાય બનવું મને બહુ કઠણ લાગે છે. આવા વખતે "જૈનસમાચાર"ની ગેરહાજરી માટે ખરેખર બહુ જ લાગી આવે છે. પૈસાની જરૂર પડે એવું કોઇ કાર્ય કે સુધારો પેપર વગર બનવામાં મને તો બહુ મુશ્કેલી ભાસે છે. "પેપર ! પેપર!" ના સ્વપ્નાં આવે છે અને અંતરમાં એ જ ધ્વનિ-એજ ગર્જના થયા કરે છે; "પેપર" નું નામ સાંભળી જાગી ઊઠું છું ત્યાં નિરાશાથી બધું સ્વપ્નવત્ ભાસે છે. પણ આશા ખોવા મારું મન ના કહે છે અને તમને પણ તેજ આશામાં દૃઢ રહેવા ભલામણ કરે છે. અનુકૂળ સંજોગો ઊભા થશે જ થશે, સાધનો પ્રાપ્ત થશે જ થશે. નિશ્ચય દૃઢ રાખો અને વીરત્વ વિશેષ પ્રગટાવો; એમાંથી પરિપક્વ સમયે પેપર જાગી બગાસું ખાતું બેઠું થશે અને "મહાવીર-મિશન" તથા એવાં અનેક શુભ કાર્યોનાં "બ્યૂગલ" દેશદેશમાં તે ફૂંકશે. હું તે પેપરને અને મિશનને મારા કાળજાની કોર ગણું છું, તેમાં સંમત છું કાર્ય આરંભવા વખત આવશે ત્યારે મારી સલાહ નહિ પણ કામના બોજામાં ફાળો આપવા જાતે તેમાં સામેલ થાઉં તો ?"[૪]

---

૪. તા. ૪-૮-૧૯૧૩ના દિવસે લખાયેલો પત્ર : અંજન : પૃ. ૨૧ ઉપર પ્રસિદ્ધ થયો છે.

તે ઉપરાંત એ યોજના સાચ્ચે સમાજના આદરને પાત્ર કેટલી હદ સુધી ઠરી ચૂકી હતી તે એટલા પરથી સમજી શકાય છે કે તેના અનુસંધાનમાં વાડીલાલને સંખ્યાબંધ પત્રો મળ્યા હતા. એવા એક પત્ર 'વસંત' માસિકના તંત્રી સદ્ગત્ શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ તરફથી તા.૧૬-૭-૧૯૧૩નો લખાયેલો હતો, જેમાં તેમણે સ્પષ્ટપણે એ યોજના માટે સંતોષ દર્શાવતાં જણાવ્યું હતું કે :

"મહાવીર-મિશનની યોજના સંબંધમાં મારાથી બની શકે તેટલો નમ્ર ભાગ લેવા હું તૈયાર થઈશ."[૫]

સદરહુ "મહાવીર-મિશન"ની યોજના વિશે સાનુકૂળ અભિપ્રાયો જાણી દરેકને યોજના સંબંધી જાણવાની ઈંતેજારી થાય એ સ્વાભાવિક છે. આ યોજનાનો ઇશારો પ્રસ્તુત મહાનિબંધમાં "કોન્ફરન્સ વિચારણા" ના પેટાપ્રકરણમાં કરવામાં આવ્યો છે,[૬] જેથી એની પુનરુક્તિ કરવી યોગ્ય નથી. વા.મો.શાહને બિકાનેર કોન્ફ.નું સભાપતિપદ સ્વીકારવાની વિનંતી કરવામાં આવી ત્યારે તેમણે સદરહુ યોજના માટે કુલ બાર લાખ રૂપિયા જેમાંથી બે લાખ રૂપિયાતો તુરતમાંજ એકઠા થાય - તો જ પ્રમુખપદ સ્વીકારવામાં આવે એવી આકરી શરત મૂકી હતી. વળી એ યોજના અમલમાં આવે તો ઘાટકોપરમાં સદ્ગત્ માણેકલાલ અમુલખરાય મહેતાએ પોતાના તરફથી એક લાખ વારના વિસ્તારવાળી જમીન ભેટ આપવાની પણ જાહેરાત કરી હતી,

---

૫. જૈ.હિ.: સને ૧૯૧૩ : નવેમ્બર : પૃ.૬૨૮

૬. પ્રસ્તુત મહાનિબંધ : પ્રકરણ બીજું : કોન્ફરન્સ-વિચારણાનું પેટાપ્રકરણ : પૃ. ૧૯૧-૧૯૨

પરંતુ મુનિશ્રી ત્રિલોકચંદજીએ એમના પત્રમાં દર્શાવેલ ભય સાચો પડયો, સમાજનો સહકાર ન મળતાં અને વિરોધનો વંટોળ ચઢતાં એ યોજના જ્યાંની ત્યાં જ રહેવા પામી. અલબત્ત સને ૧૯૧૩ પછી ફરી એકવખત આ યોજનાને સમસ્ત જૈન સમાજમાં વિદ્યા, ઐક્ય, સમાજસુધારણા અને જુસ્સાનો પ્રચાર કરવાના આશયથી સુધારાવધારા કરીને તેમજ યોગ્યરીતે મઠારીને જનતા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તે મિશનની સભ્ય બનનાર વ્યક્તિને પોતાની શ્રધ્ધા અને માન્યતાઓમાં ચુસ્ત રહેવાનો હક્ક છે એ સિધ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.[૭] બિકાનેર કૉન્ફ.ના અધિવેશન વખતે આ યોજના ફળીભૂત થાય એવો ડંકો બજી રહયો હતો, પરંતુ કેટલાક મૂડીવાદીઓના વા.મો.શાહ પ્રત્યેના અંગત વિરોધને પરિણામે તે યોજનાને સફળતા મળી નહિ.

ધર્મસંક્રમણનો પ્રચાર કરવા જતાં વાડીલાલ શાહને જુનવાણી વિચારસરણીને વરેલા કેટલાય સાધુઓ અને શ્રાવકો સાથે સંઘર્ષમાં આવવું પડયું હતું અને સુધારક તેમજ પત્રકાર તરીકે કડક હાથે કામ લેવા જતા કેટલાયની ઇતરાજી વહોરી લેવી પડી હતી. સંકુચિતવૃત્તિ ધરાવનારા મૂડીવાદીઓની અને તેને ટેકો આપનારાઓની સંખ્યા હરહંમેશ વધારે હોય છે એ દ્રષ્ટિએ આત્મવાદ તેમજ હૃદયવાદને માનનારા વા.મો.શાહ નિષ્ફળતાની ઊંડી ખાઇમાં ફેંકાઇ ગયા હતા; પરંતુ તે પહેલાં તેમણે અનેક જંગ જનતા સમક્ષ ખેલી બતાવ્યા હતા એ વાતનું સમર્થન કરતાં વા.મો.શાહના દેહવિલય સમયે સુપ્રસિધ્ધ

---

૭. "જૈ.હિ." ૧૯૧૭, સપ્ટેમ્બર : પૃ.૪૧૨-૪૨૦

સાપ્તાહિક "સૌ.રાષ્ટ્ર" પત્રે તેમને યોગ્ય અંજલિ અર્પતા જણાવ્યું હતું કે : "જૈન આલમમાં વર્ષો સુધી સિતારા જેમ પ્રકાશનારા, જાણીતા, બહુશ્રુત સેવક વાડીલાલ શાહ, જૈન તેમજ જૈનેતર સમાજમાં બંડખોર સમાજસેવક તરીકે અને નગ્નસત્યો લખનાર તરીકે જાણીતા છે. વર્ષો પહેલાં જ્યારે જૈન સમાજમાં ધર્મના નામે ચાલી રહેલી રુઢિયો અને અંધશ્રદ્ધા સામે કોઇ લખનાર નહોતું ત્યારે "જૈનહિતેચ્છુ" અને "જૈન સમાચાર" પત્રો કાઢીને તેમણે જૈન સમાજનું નવું ઘડતર કરવા માંડયું હતું. શ્રી શાહની લેખિનીએ અનેક જૈન તેમજ જૈનેતર યુવકોને પ્રેરણા આપી છે. એમના અવસાનથી ગુજરાતે પ્રથમ શ્રેણિનો સુધારક, વિચારક અને લેખક ગુમાવ્યો છે."[૮]

આમ બનવાનાં અનેક કારણો હતાં. સમાજમાં ઘર કરી રહેલી સંકુચિતવૃત્તિને ડામવા જતાં એમણે કેટલાય જલદ લખાણો લખીને સંખ્યાબંધ સાધુઓ અને શ્રાવકોના વિરોધી તરીકેનો પાઠ ભજવવાનું સાહસ વર્ષો સુધી ખેડયું હતું. એમ હોવાથી હરહંમેશ બનતું આવ્યું છે તે મુજબ ઊંડી સમજણ વગરની, બિનકેળવાયેલી, ધર્મઘેલછાને વરેલી વ્યકિતઓએ વાડીલાલની ઉચ્ચકક્ષાની પ્રવૃત્તિઓનો પણ વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ પોતે "ધીરે ધીરે સુધારાનો સાર સમજાવવાના સિધ્ધાંતને માનનારા, નહોતા, પણ "યા હોમ કરી પડો ફત્તેહ છે આગે" એવા જલદવાદના ઉપાસક સાધકોમાંના એક હતા. ખ્યાતનામ પાશ્ચાત્ય ચિંતક અને વિચારક બર્નાર્ડ શૉની માફક તેઓ માનતા હતા કે એરણ ઉપર હથોડો પડે એટલે તણખા

---

૮. "સૌ.રાષ્ટ્ર" : તા.૫-૧૨-૧૯૩૪

ઝરે અને પ્રકાશનો ઝબકારો થવા પામે એ મુજબ સમાજના મગજ સમક્ષ જલદ લખાણોરૂપી હથોડા મારવાથી સમાજ જાગૃત થવા પામે અને ધાર્યું પરિણામ લાવવામાં સફળતા મળે. આ સિદ્ધાંતને અનુસરનારા વા.મો.શાહે જીવનભર અથાગ પ્રયત્નો કર્યા હતા તે સુવિદિત છે. વાડીલાલ શાહની જીવનપ્રણાલિનો ઊડતીનજરે અભ્યાસ કરનારને સહજપણે સમજાય છે કે વાડીલાલ સાધુઓના પ્રખર વિરોધી હતા. પરંતુ એ વાત સત્યથી વેગળી છે. વાડીલાલ તો કુસાધુઓના વિરોધી હતા, સાચા સાધુઓના નહિ.[૯] કચ્છમાં કંડાગરા પાસે આવેલા રામાણિયા મુકામે ભરાયેલી સાધુપરિષદ આ વાતની સબળ સાક્ષી પૂરે છે. પરિષદમાં પસાર કરેલા પંદરમાં ઠરાવમાં "જૈનસમાચાર" તેમજ "જૈનહિતેચ્છુ" થી સાધુવર્ગ, શ્રાવકવર્ગ તેમજ સમગ્ર જૈનધર્મને થયેલા ફાયદાઓથી પ્રેરાઇને પસાર કરેલા ઠરાવમાં "જૈન સાધુઓમાં નવું લોહી રેડનારા ઉપકારી પુરુષ તરીકે" વા.મો.શાહને જ્યારે બિરદાવ્યા હતા ત્યારે એમણે અંતઃકરણપૂર્વક તે સાધુઓનો આભાર માનીને પ્રત્યુત્તર આપતાં જણાવ્યું હતું કે : " આપણે અન્યોન્ય તારીફ વ્યાજબી કે ગેરવ્યાજબી માં સમય અને શક્તિ ન ગુમાવતાં "વીર"ની તારીફમાં જ મંડયા રહીને તેના મિશન તેમજ દીક્ષાને દીપાવવા સ્વાત્માર્પણનો યજ્ઞ કરવો જોઇએ."[૧૦]

---

૯. "જૈનદીક્ષા" : ૧૯૩૦ પ્રથમ આવૃત્તિ : અર્પણ

૧૦. જૈ.હિ. ૧૯૧૦ : સપ્ટેમ્બર : પૃ. ૮૧. : અને શ્રી ત્રિ.વી. હેમાણી સંપાદિત "વા.મો.શાહનો જીવનસંદેશ" ૧૯૬૦- પહેલી આવૃત્તિ : પૃ. ૧૪-૧૫.

વળી એ જ રામાણિયાની જૈન પાઠશાળામાંથી સાધુવર્ય શ્રી દેવચંદ્રજીએ પત્ર દ્વારા લખાવ્યું હતું કે : "સ્વધર્મી ભાઇ વાડીલાલભાઇને આસાનકેદની રાહે સજા થવાથી અત્યંત દિલગીરી થઇ છે પણ સ્વધર્મને ખાતર કદાચ તે શિક્ષા થઇ તેને વિશે ડરી જવાનું નથી. બંગાળના માણસો પોતાના દેશને માટે પોતાના પ્રાણ અર્પણ કરે છે. લોકમાન્ય તિલક જેવા પણ સ્વદેશને ખાતર છ વર્ષની સખત કેદ સહન કરે છે તો વાડીલાલભાઇ પોતાના સ્વધર્મ ખાતર આસાન કેદમાં બે માસ રહે તેમાં તેની કીર્તિને કોઇ જાતની ઝાંખપ લાગવાની નથી. સંતોષ માનવાનો છે કે સ્વધર્મ ખાતર તેમણે કોમની સેવા બજાવી છે. અમે તથા પાઠશાળાના વિદ્યાર્થીઓએ વાડીલાલભાઇને શિક્ષા થવાથી વ્યાખ્યાન સમયે જાહેરમાં ભાષણ દ્વારા અત્યંત દિલગીરી જણાવી એમની પ્રશંસાપાત્ર કીર્તિને જાહેરમાં લાવી દીધી છે. અંતે સત્યનો જય થાય છે એ વાત ચોક્કસ મનમાં ધારી વાડીલાલભાઇ છૂટા થાય એ વાત અમને જણાવશો તો અમે વિદ્યાર્થીઓને મિષ્ટાન આપી જાહેર મેળાવડા તરીકે રજા આપીશું. વાડીલાલભાઇને માટે જે કંઇ કરીએ તે થોડું છે."૧૧

વાડીલાલ શાહને બે માસની જેલની સજા થઇ. ત્યારે પોતાને નિષ્કિંચન ભિક્ષુક તરીકે ઓળખાવતા મુનિવર શ્રી નાનચંદજીએ મોતીલાલ શાહને દિલાસાનો પત્ર લખ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે: " સ્વધર્મરક્ત વાડીલાલ ઉપરના કેસના પરિણામથી તમારું મન

---

૧૧. તા. ૩-૧-૧૯૧૨ નો આચાર્ય શ્રી દેવચંદ્રજી લિખિત અપ્રગટ પત્ર.

Smt. Hansa Mehta Library
251
The M.S. University of Baroda

ચિરાયું હોય એ સ્વાભાવિક છે અને એવા ધાર્મિક દાઝવાળા પર આવી પડેલ દુઃખ અમારા જેવા ત્યાગીઓને પણ ખેદ ઉત્પન્ન કરાવે તેવું છે. મનુષ્ય ભલે ભૂલ કરે, પણ કુદરતથી ભૂલ થનાર નથી. એના દરબારમાં રૂશ્વત ચાલતી નથી એ હિસાબે સંતોષ રાખી હાથ પર લીધેલા "હિતેચ્છુ"નું પવિત્ર મિશન વિશેષ ઉમંગથી ચલાવશો આખરે સત્યનો જય થશે. દુઃખમાં અનેક પ્રકારના અનુભવ થાય છે. ધારી બેઠેલા પ્રેમીઓની કસોટી પણ દુઃખમાં જ થાય છે અને બળમાં વૃદ્ધિ સ્વાભાવિક રીતે થાય છે. આપણને જાગૃત કરનારને અનેક વ્યક્તિઓના સ્વભાવનું જ્ઞાન થાય છે. અનુભવની કસોટી દુઃખ છે. જે વ્યક્તિઓ સમાજ માટે વાડીલાલ હમેશાં પોકાર કરી બ્યૂગલ બજાવી આત્મભોગ અને લક્ષ્મીભોગ આપી મચ્યા રહેતા તે વ્યક્તિઓ સમાજ માં કેટલું મીઠું છે તેનો આ વખતે અનુભવ થશે. આપણા મખ્ખીચૂસ સ્વાર્થલંપટ અને ધર્મઘેલા શ્રાવકોની ખૂબી આ આફતમાં ખુલ્લી પડી જણાશે. તમારે કોઇ પ્રકારે હિંમત હારવાનું નથી. પક્ષપાતરહિત દરેક વ્યક્તિ તમારાં સત્યચરિત્રો જોઇ રહી છે/હમેશાં ઉત્તમ કાર્ય બજાવનારનું માન એના દરબારમાં ઊંચું જ થાય છે અને ખરો ન્યાય આપણને દરેકને ત્યાંથી જ મળવાનો છે; માટે આવા પ્રસંગને લઇને હિંમત નહિ ત્યજતાં વિશેષ હિંમત રાખશો. આપણા વર્ગમાં કદર બૂઝનારા જો કે બહુ થોડા છે અને જેને હૃદયચક્ષુ હશે તે જોશે અને સમદૃષ્ટિમાન કદર પણ કરે છે એમ તમને અનુભવ પણ થશે. આવી પડેલી આફત માટે અમો સર્વ સાધુ દિલગીર છીએ. આપત્તિમાં પડવા છતાં પણ જનસમાજના હિત માટે હજુપણ હમેશાં સત્યના અખંડ માર્ગમાં

સતત પ્રવાસ કરવા શારીરિક, માનસિક, આત્મિક બળ વૃધ્ધિંગત થાઓ અને અધિકતર તેજ પ્રગટી તમારા પારમાર્થિક વિચારોમાં નવીન જીવન ઉમેરાઓ એવી અમારી પ્રભુપાસે પ્રાર્થના છે.

વાડીલાલ છૂટયા પછી "સત્સંગતિ" નામનું એક પુસ્તક મેં લખવું શરૂ કર્યું છે તે તેમના હાથે સુધારી "જૈનસમાચાર" ના ગ્રાહકોને ભેટ આપવા મરજી છે. તેની કિંમત એક શ્રાવક પાસેથી અપાવીશું. સુધારવાની ફુરસદ મળશે કે કેમ તે વિશે જવાબ લખશો.

તમારું ભલું ઇચ્છનાર મુનિ નાનચંદજીના
જય જિનેન્દ્ર."૧૨

રામાણિયા ગામથી જ સાધુવર સુંદરજી સ્વામી વતી લખાયેલા પત્રને અહીં રજૂ કરવાની લાલચને રોકી શકાતી નથી. તે પત્ર નીચે પ્રમાણે છે:-

"પ્રિય સ્વધર્મી બંધુ વાડીલાલભાઇ મોતીલાલ,

આપ જેલમાંથી મુકત થયા તે દિવસ મારે આનંદ થયો હતો. અને તે દિવસને જાહેર તહેવાર તરીકે ગણી વિદ્યાર્થીઓને રજા આપી મિષ્ટાન્નનું ભોજન આપ્યું હતું એટલે મારે ખુશાલી વચ્ચે દિવસ પસાર કર્યો હતો. અત્રે બિરાજતા મહાત્મા સુંદરજી સ્વામી આદિ ઠાણા ૩-એ તમોને ઘણા ઘણા યાદ કરવાની સાથે ધર્મધ્યાન કરવાનું ફરમાવ્યું છે. તમારા પર પડેલી આફતને માટે અત્રે બિરાજતા મહાત્માઓ

---

૧૨. તા. ૨૮-૧-૧૯૧૨નો મુનિવર નાનચંદજીનો અપ્રગટ પત્ર

તેમજ સ્વધર્મીબંધુઓ અત્યંત ખેદ પામ્યા હતા. આપની કીર્તિને તેમાં ઝાંખપ નહિ લાગે. તમે કોઇ વાતે દિલગીર થતા નહિ. આપને માટે અમારી પૂર્ણ લાગણી છે. તમારા સ્તુત્ય પ્રયાસ તરફ નજર કરતાં આનંદ થાય છે. હવે તમો વગર ધાસ્તીએ ખૂબ કાળજીથી "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" પત્રો પ્રગટ કરતા રહેશો."[13]

તે ઉપરાંત લીંબડીથી મુનિવર નાનચંદજીનો પત્ર હૃદય હલાવી નાખે તેવો લખાયો હતો તે નીચે મુજબ છે :

" હૃદયપ્રિય સન્મિત્ર વાડીલાલભાઇ,

તમારી તબિયત નરમ રહે છે અને હવાફેર માટે રાજકોટ જવાના છો એ સમાચાર સાંભળી હૃદયમાં બહુ દુઃખ થાય છે. તમારી તબિયત લાંબા વખત થયાં નબળી રહયા કરે છે, છતાં તમો વ્યવહારથી થોડો કાળ વિમુકત રહી માનસિક, શારીરિક આરામ લઇ શકતા નથી. આ બીના વિચારતાં મનમાં ગ્લાનિ થાય છે કે આટલી આટલી આશામાં આરોગ્યાર્થે શાંતિ મેળવી શકે એવી આર્થિક સ્થિતિ ન મેળવી કે ન પારમાર્થિક સુધાર્યું. અરે ! નિદ્રાવશ થયેલ સંપ્રદાયમાં ચળકતા તારા ! તારું આરોગ્ય સાચવવા પૂર્ણ કાળજીવાળો બન, વ્હાલા ! આટલા દિવસ તબિયત પ્રત્યે જે બેદરકાર રહયા તેવા હવે ન રહેવા ભાર દઇ ભલામણ કરું છું. રાજકોટ જતાં રસ્તામાં લીંબડી ઉતરવાનું બની શકે તો જરૂર તેમ કરશો. ઘણાવખત થયાં મળ્યા નથી. કંઇ બે વાત હૃદયની કરીશું. શારીરિક સ્થિતિના સમાચાર આપશો ને આવી શકશો કે કેમ તે જણાવશો.

મુનિ નાનચંદજીના જયવીર.[14]

---

૧૩. તા. ૧–૩–૧૯૧૨નો અંગત પત્ર અપ્રગટ

૧૪. અપ્રગટ પત્ર ;

પંડિતવર લાલનનો તા. ૨૦-૧-૧૯૧૨ના રોજ ફ્રાંસદેશથી લખાયેલો પત્ર પણ અહીં આપવાનું ઉચિત માન્યું છે. તેઓ કહે છે કે: "જનહિત, કોમહિત કરતાં વીરપુત્ર લેખકના પુત્ર બંધુરત્ન ભાઈ વાડીલાલને સોસવું પડયું છે તે અક્ષતસુખના સરોવર ખોદતાં શ્રમ પડે તેવું લાગે છે. સત્યરૂપ સૂર્યતાપ ઘુવડોને ન ગમે એ વ્યવહારે સ્વાભાવિક છે, તેથી ચકવાકો રાજી થાય છે અને રાત્રિને લીધે દૂર થયેલા જોડાને પણ ભેટ કરાવે છે."[૧૫]

આ રીતે વાડીલાલ શાહ અને મુનિવરોના તેમજ અન્ય વિચારવંત સજ્જનોના પરસ્પરના પરિચયપ્રસંગોએ બંનેના માનસપર અનોખી છાપ પાડી હતી. વાડીલાલ તેમના મિશનને પાર પાડતી વખતે અને જનતા સાથે પરિચય સાધતી વખતે અનેકોના સમાગમમાં આવ્યા હતા. તેમને અંગેના પોતાના અભિપ્રાયો આપવાનું પણ તેઓ કદી ચૂકયા નહોતા. સૌથી પ્રથમ યાદ આવે છે દક્ષિણભારતના મુનિશ્રી અમોલખ ઋષિજી જેમના વ્યકિતત્ત્વથી પ્રભાવિત થઈને તેમનું "જૈનતત્ત્વપ્રકાશ" નામનું પુસ્તક વાડીલાલે એમના "જૈનહિતેચ્છુ"ના ગ્રાહકોને ભેટ આપ્યું હતું અને એ રીતે ધર્મની પ્રભાવના કરવાનો પ્રયત્ન સેવ્યો હતો. બીજી તરફ પોતાનું "ધર્મતત્ત્વસંગ્રહ" નામનું અતિ ઉપયોગી પુસ્તક તેમણે શ્રી અમોલખ ઋષિને અર્પણ કર્યું હતું જેની અપર્ણ-પત્રિકામાં લખ્યું હતું કે :
"પૂજ્યપાદે મહાત્મા શ્રી અમોલખ ઋષિજી આપના સંસારપક્ષના પિતા (હાલમાં તપસ્વી તરીકે સુપ્રસિધ્ધ) મુનિરાજ શ્રી કેવળઋષિજીએ

---

૧૫. અંજન.

જેમ તપથી ધર્મને દીપાવ્યો તેમ આપ બાળબ્રહ્મચારી મુનિરાજે બાળપણની વિદ્યાના શોખને લીધે જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાનપ્રસાર માટે સતત પ્રયાસ આદરી ધર્મને દીપાવવા માંડયો છે તે જોઇ, તથા આ પુસ્તકના જન્મમાં આદિ કારણભૂત આપ જ હોઇ આપે આપેલાં કીમતી રત્નોને મારા ચીંથરાથી ઢાંકીને આપના ચરણાંબુજમાં અર્પવા રજા લઉં છું; એવી પ્રાર્થના સાથે કે આપના સંયમ અને જ્ઞાનમાં અને મારી ભકિતમાં દિનપ્રતિદિન વૃધ્ધિ થાઓ.

ગુણાનુરાગી કિંકર વા. મો. શાહ"[16]

એ અમોલખ ઋષિજી ઉપરાંત મુનિશ્રી ગુલાબચંદજીની ક્રિયાશીલતા જોઇને વા. મો. શાહ ખૂબ જ પ્રભાવિત થયા હતા. એ મહાપુરુષની ઉચ્ચતાનાં ગુણગાન તેમના કાળધર્મ સમયે પત્રકાર વાડીલાલે એમનાં જીવનનો સૂક્ષ્મ પરિચય "સાધુઓનો પરમાધામી ગયો !"[17] શિર્ષક-વાળા લેખમાં ઓજસભરી ભાષામાં જાહેર જનતાને કરાવ્યો હતો. એમણે તેમને બિરદાવતાં કહયું હતું કે :

"બોલવા પ્રમાણે જ ચાલી બતાવનાર આ અદ્વિતીય ક્રિયાપાત્ર મુનિએ જ્યારે સંયમી તરીકેનું જીવન શરૂ કર્યું તેવામાં તો ઘણાંએક ગામો અને શહેરોમાં તેમને પેસવા જ દેવા નહિ એવી હિલચાલ કેટલાક જુનવાણી વિચારના મુનિઓના ઉપદેશથી થઇ હતી; પરંતુ "જેને છુપાવવાની વધારે કોશિશ થાય છે તે ઊલટું વધારે પ્રકાશમાં આવે છે" એ નિયમ પ્રમાણે એમનો ઉપદેશ ઘણાએ સાંભળ્યો અને પરિણામે દાંભિક અને શિથિલ સાધુઓ ઉપરથી જનસમાજના સમજુ વર્ગનો મોહ ઊતરી

---

૧૬. "ધર્મતત્ત્વસંગ્રહ" : સને ૧૯૦૫, પ્રથમ આવૃત્તિ
૧૭. જૈ. હિ. : સને ૧૯૧૪ : ડિસેમ્બર : પૃ. ૯૩૮-૯૪૨.

ગયો..........ક્રિયાશુધ્ધિની બાબતમાં આ મુનિ કે જેનો જોટો જૈનના કોઇપણ વર્ગમાં કોઇ સ્થળે મારા જોવામાં આવ્યો નથી એમ કહેવાને મારી પાસે પ્રબળ કારણો છે. ..........ક્ષેત્રમમત્વ અને શિષ્યમમત્વનો અંશ માત્ર એમનામાં ન હોવાથી જ્યાં ગાળો પડતી ત્યાં પહેલાં દોડતા અને શિષ્ય કરવાની તેમને પ્રથમથી જ બાધી હતી. ......તેમનું જ્ઞાન હાલના મુનિવર્ગના મુકાબલે સારું હતું, બત્રીસ સૂત્રો અને કેટલાક ગ્રંથોનો તેમણે અભ્યાસ કર્યો હતો. તેમની ઉપદેશપધ્ધતિ- શરીર છેક જ બલહીન થઇ જવા છતાં – જુસ્સાદાર અને અસરકારક હતી. હું કહીશ કે તે એક ધર્મવીર થયા. હા, પણ જૈનો તેમને તેમની જિંદગીમાં પિછાણી શક્યા નથી. ખુદ મહાવીરને પણ તેમની જિંદગીમાં તો પિછાણનારા બહુ જ થોડા હતા, ઉપસર્ગ આપનારા ઘણા હતા. દુનિયા એવી મૂર્ખ ન હોત તો પછી સત્પુરુષોના અસ્તિત્વની જરૂર પણ શી રહેત ? મેં ઘણા સ્થાનકવાસી – દેશવાસી મુનિવરો જોયા છે, ઘણાથી અંગત સહવાસમાં પણ આવ્યો છું, બીજાઓ માટે તારીફ સાંભળવા પામ્યો છું અને કેટલાકના લેખો અને પત્રો ઉપરથી તેમના સંબંધમાં કાંઇક ખ્યાલ બાંધી શક્યો છું; પરંતુ વિદ્યમાન સાધુવર્ગમાં કોઇ સ્થળે કોઇ સંઘાડામાં – ક્રિયાપાત્રતા અને વીતરાગતાની બાબતમાં હું આ "ગુલાબ"ની તોલે બીજું એકે પુષ્પ જોઇ શકતો નથી. વિદ્વત્તાની બાબતમાં એમનાથી ચઢિયાતા ઘણા છે, વિશેષ કીર્તિથી વિભૂષિત થયેલાઓ એથીય ઘણા છે, પણ વીતરાગતા અને ક્રિયા- પાત્રતા તેમજ સત્યકથનની હિંમતની બાબતમાં તે એક જ છે, અદ્વિતીય છે – જોટા વગરના છે એમ હું સર્વ જૈન સંપ્રદાયોની સમક્ષ ફરી ફરીને

કહીશ હા, તેમણે પાસત્થાઓની [પાખંડીઓની] ઝાટકણી બહુ કરી છે, શિથિલ ધૂર્તોના રોટલા પર પગ મૂકયો છે, માનકીર્તિના તેજથી આંધળા બનેલાઓના ચક્ષુના પડળ દૂર કરી દીધા છે, અંધશ્રધ્ધાળુ શ્રાવકોના દિલને પરોક્ષરીતે પણ દુ:ખાવ્યા છે, – પણ એ સર્વ ઊલટું એના ગુણની ગીતામાં એક અધ્યાયનો ઉમેરો કરે છે.............. અજ્ઞાનરસિકતા દૂર કરવાનું કામ તો ગૃહસ્થોમાંના કોઇથી પણ બની શકે, પરંતુ ક્રિયાશિથિલતા દૂર કરવાનું કામ, ખરેખર શુધ્ધ આચાર પોતે પાળતો હોય તેના સિવાય બીજાથી શી રીતે બની શકે ? ત્યાં મગજબળનું રાજય નથી, હ્રદયબળ અને આત્મબળનો તે પ્રદેશ છે. ગુલાબે–કોમળ અને સુગંધી હાર ગુલાબે તે વિકટમાં વિકટ પ્રદેશમાં મૂગા મૂગા પ્રવેશ કર્યો હતો અને ત્યાં પોતાનો પાઠ અતિ સંતોષકારક રીતે ભજવ્યો હતો."[૧૮]

ત્યાર પછી છ એક વર્ષનો ગાળો પસાર થયા પછી સાધુવર્ય શ્રી લાલજીના દેહત્યાગ સમયે એમને અર્પણ કરાયેલી અંજલિમાં ગુલાબ-ચંદજીને વા.મો.શાહે ફરીથી બિરદાવતા જણાવ્યું હતું કે : "ચારિત્રના નમૂનારૂપ બે મહાત્માઓ : કાઠિયાવાડમાં જન્મેલા શ્રી ગુલાબ-ચંદજી અને રજપૂતાનામાં જન્મેલા શ્રી શ્રીલાલજી–બન્ને અદૃશ્ય થયા છે. એમ તો બીજા પણ થોડાએક મુનિઓ સારા ચારિત્રવાળા છે, વ્યાકરણ ન્યાય જાણનારા પણ છે, પણ ગુલાબ અને શ્રીલાલ એ બે પુષ્પ અનોખા જ હતા. એકમાં સત્ય ખાતર ક્રોધ [noble indignation] ——— અને બીજામાં આત્મગૌરવમાંથી સ્વાભાવિક રીતે ઉદ્ભવતું

---

૧૮. જૈ.હિ. : સને ૧૯૧૪ : નવેમ્બર–ડિસેમ્બર : પૃ.૯૩૭–૯૪૨.

મૂગું માન જોવામાં આવતું, પણ તે તો તેમની કિંમતમાં વધારો કરનાર તત્ત્વો હતાં. અપ્રશસ્ત ક્રોધ અને અપ્રશસ્ત માનથી એ તદ્દન જુદીજ વસ્તુઓ હતી."[૧૯]

વાડીલાલ શાહ અને જૈનસાધુવર્યોના ગાઢ સંબંધ વિશે કંઇપણ વિચારીએ ત્યારે પંજાબના મહાપુરુષ શ્રી મુલતાનચંદજી મહારાજને ભાગ્યે જ વિસારી શકાય. આ મહારાજના સ્વર્ગવાસના સમાચાર આપતાં વાડીલાલે "જૈનસમાચાર" તા.૪ જુલાઇ ૧૯૧૦ નો ખાસ અંક સોનેરી શાહીથી છાપીને અદ્વિતીય અંજલિ આપી હતી. નાનામોટા બીજા કોઇપણ સમાચારને એ અંકમાં સ્થાન આપ્યું નહોતું. વાડીલાલના કહેવા મુજબ એમના માનસને સૌથી વધુ પ્રભાવિત ત્રણ "સાધુરત્નો" એ કર્યા હતા જેમાંના એક એ મુલતાનચંદજી મહારાજ હતા; તેમને વાડીલાલે બીજા દયાનંદસરસ્વતી તરીકે પણ ઓળખાવ્યા હતા. મુલતાનચંદજી મહારાજની જીવન સમીક્ષા કરતાં વાડીલાલે લખ્યું હતું કે: "તેમના ગુરુના શિષ્યોને ભણાવવાનું કામ પણ તેઓ કરતા અને જૈનધર્મના, વેદાંતનાં અને બીજા પુસ્તકોના અભ્યાસમાં પોતે લાગ્યા રહેતા. પેપરોનો શોખ તેમને ઘણો હતો; એટલો બધો કે હિંદી અને ઉર્દુ ભાષામાં નીકળતું કોઇપણ પેપર એમના વાંચ્યાવગર નહિ રહ્યું હોય અને પાછળથી "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ" તો હંમેશ - છેક આખરી મંદવાડ વખતે પણ પાટ નીચે જ રાખતા અને એકેક શબ્દના ગુપ્ત આશયોની યાદી કરતા તથા વ્યાખ્યાનમાં તે મુદ્દાનો ઘણી વખત ઉપયોગ કરતા."[૨૦]

---

૧૯. જૈ. હિ. ૧૯૨૦ : જૂન પૃ. ૧૦૩-૧૦૪
૨૦. "જૈનસમાચાર" : તા.૪ જુલાઇ સને ૧૯૧૦ : પૃ. ૨.

શ્રી મુલતાનચંદજી મહારાજના વિચારબળે અને જૈનસંઘને તારવાની તીવ્ર અભિલાષાએ એમના દેવ થયા પછી વાડીલાલને સંદેશો પહોંચાડયો હતો તે વિસ્મયકારક છે. રવિવારે મધ્યરાત્રિએ એકાએક વાડીલાલની નિદ્રામાં ખલેલ પડી અને વિચારોના વમળોએ એમને ગૂંગળાવી મૂકયા, અંતરીક્ષથી કોઇ કૃપાળુ ગુરુદેવ એમના ઉપર પ્રશ્નોની ઝડીઓ વરસાવવા લાગ્યા કે : " શું ત્યારે આ મગતરા તુલ્ય સમાજની સેવામાં જ જિંદગી પૂરી કરવાનો તેં નિશ્ચય કર્યો છે ? આ પગથિયાં પછીના ઉચ્ચ પગથિયે ચઢવાનો હજી વખત થયો નથી શું ? તારા બાંધવો અને બહેનોની સ્થિતિ તને આંસુ પાડવા જેટલી પૂરતી ખરાબ નથી લાગતી શું ? પુરુષો અને સ્ત્રીઓ, બાળકો અને બાળાઓ, સાધુઓ અને સાધ્વીઓના આંતરિક ઉદય માટેના ભગીરથ પ્રયાસ કરનારા પુરુષોનું ગુપ્ત મંડળ સ્થાપવાનો વિચાર શું સ્વપ્નવત્ જ થઇ ગયો ?.... તને શું ગુપ્તમંડળના ચાર મેમ્બરોની નિરંતર મદદ ઉપરાંત એકંદર જૈનોની સહાનુભૂતિ વિના કદી ચાલી શકશે ? કદી નહિ ; <u>કામ</u> વડે મદદ કરનારાઓ કરતાં <u>વિચારબળ</u> વડે – અનુમોદના દ્વારે મદદ કરનારાઓની અસર તને ફત્તેહની વધારે નજદીકમાં લઇ જઇ શકશે. માટે જો ખરેખર જ કંઇ સંગીન કામ કરવું હોય તો <u>લોકપ્રિય-તાનો</u> ખપ કર. અને લોકપ્રિયતા, તદ્દન નિશ્ચય-નયને વળગી રહેવાથી મળી શકે ખરી ?............જનસેવાની શુધ્ધ ઇચ્છાવાળાએ નાની સરખી પણ ભૂલ કરવી એ ઘણું જોખમ ભર્યું છે. બીજાઓની ભૂલ કરતાં એમની ભૂલનું પરિણામ ઘણું ગંભીર આવે છે. તારી ભૂલમાં <u>ઉચ્ચાશયની</u> સુગંધ હોવા છતાં પણ ભૂલ તે ભૂલ જ છે અને તારો સાચો મિત્ર તે

સાખી શકશે નહિ જ જે ભાઇઓની "નોકરી" બજાવવાનો તું ઉદ્યમ કરે છે એમની ભૂલો જો અજ્ઞાનતાને આભારી હોવાનું તું કબૂલ રાખતો હો તો એ ભૂલો માટે ઠપકો દેવા કરતાં તે ભૂલો સુધારવાની તેમને સન્મતિ મળે એવી ભાવના ભાવ. બની શકે તો "જ્ઞાનલવદુર્વિદગ્ધ" મનુષ્યોની ભૂલ વખતે આંખ આડા કાન કર અને તે સિવાયના બીજાઓની ભૂલો વખતે મીઠા શબ્દોમાં માર્ગસૂચન કર. અનંતકાળના ભૂલા પડેલા તેઓ જરા મોડા ઠેકાણે આવશે તે માટે ચિંતા ન કર, પણ તેઓ તારી વાત સાંભળવાના જ અખાડા ન કરે એ બાબત કાળજી રાખજે; નહિ તો એટલી દલાલી ગુમાવી બેસીશ. માન કે તેઓ તારા ગમે તેવા નમ્ર શબ્દોથી પણ નથી જ સુધરતા; તોપણ તેમને તારા શત્રુ બનવા ન દઇશ. તેમની મદદથી બીજા જાહેર સેવાનાં કામો થઇ શકે એ વાત દૃષ્ટિ આગળથી જતી કરવા જેવી નથી."[21] શ્રી મુલતાનચંદજી મહારાજનો સંદેશો વાડીલાલને રવિવારની મધ્યરાત્રિએ મળ્યો ત્યારે મહારાજશ્રી સ્વર્ગની મુસાફરીએ ઊપડી ગયા હતા; પરંતુ વાડીલાલને તે વાતની જાણ આ પ્રસંગ પછી ચાર દિવસ બાદ એટલેકે ગુરુવારે થઇ. શ્રી મુલતાનચંદજી મહારાજ તરફ વાડીલાલને અપૂર્વ માન હતું. એમના મૃત્યુના સમાચાર સાંભળ્યા બાદ હાર્દિક અંજલિ આપતાં એમણે કહ્યું કે : " તેઓ મુઆ નથી પણ અમરત્વમાં આગળ કૂચ કરી ગયા છે. તે આપણને ભયાનક જંગલમાં પગપાળા ચાલતા મૂકી વેગી વિમાનમાં બેસી નાસી છૂટયા નથી: પણ સ્થૂલ પદાર્થ પર જય મેળવવા, હાડ – માંસના કેદખાનાને ભેદી, આપણે માટે

---

૨૧. "જૈનસમાચાર" : તા૪ જુલાઇ સને ૧૯૧૦ : પૃ. ૨–૩.

રસ્તો કરવા આગળ દોડયા છે. તેઓએ પોતાની જોખમદારી વિસારી દીધી નથી. પરંતુ સાધનો વધારે બહોળાં અને વધારે તીવ્ર મળવાથી વધારે સારી રીતે જનસેવાના "મિશન"ના "મિશનરી" તરીકે કામ કરવા શક્તિમાન થશે."[૨૨]

શતાવધાની મુનિવર શ્રી રત્નચંદ્રજી મહારાજ માટે પણ વાડીલાલને ખૂબ જ ઊંચો અભિપ્રાય હતો. એક સંસ્કૃત-પ્રાકૃત જૈન કોલેજ સ્થાપવાની હિલચાલ એ મુનિવર કરી રહયા હતા તે વાતની જાણ થતા વાડીલાલે કોલેજની સ્થાપનાને વધુ ઉત્તેજન આપવા કહયું હતું કે : "મુનિશ્રી રત્નચંદ્રજી સ્વામી જેવા ગંભીર પુરુષ અને લોકપ્રિય પંડિતજન આ શુભઉદ્યમમાં શામેલ છે એ વાત જ આ કામને વિજય આપવાને પૂરતી છે,"[૨૩] વા.મો.શાહની સાધુઓ પ્રત્યેની માનદૃષ્ટિનું જવલંત દૃષ્ટાંત પંદરેક વર્ષના વાયરા વાઈ ગયા પછી તેમણે પોતે જ પૂરું પાડયું હતું. સને ૧૯૨૭ના મે માસમાં જૈન ટ્રેનિંગ કોલેજના ધ્યેય, ઉપયોગ તેમજ સફળતાનાં સાધનો અંગે સાચો પ્રકાશ તેમજ દોરવણી મેળવવા માટે "જૈનપ્રકાશ"ના તંત્રીઓ વા.મો.શાહનો "ઇન્ટરવ્યુ" લીધો હતો તે વખતે ધર્મોત્થાનની કેટલીય મહત્ત્વની વાતો વાડીલાલે કરી હતી. એમણે કહયું હતું કે : " એકાદ વૃધ્ધ કે વિદ્વાનસાધુ કોલેજની નજદીકમાં સ્થિરવાસ રહેવાનું કબૂલ કરે તો આ કોલેજના વિદ્યાર્થીઓ આધ્યાત્મિક બળ પામવા સાથે ગ્રેજ્યુએટને ટક્કર મારે તેટલું સામાન્ય જ્ઞાન મેળવે." તે પ્રશ્નને અનુલક્ષીને ઇન્ટરવ્યુ લેનાર તંત્રીએ એવો પ્રશ્ન રજૂ કર્યો હતો કે તેમ કરવામાં સાધુવર્ગ દોષ નહિ

---

૨૨. "જૈનસમાચાર" : તા.૪ જુલાઈ સને ૧૯૧૦ : પૃ.૫.
૨૩. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૧૩ : ફેબ્રુઆરી : પૃ.૯૪.

જુએ ? તેનો પ્રત્યુત્તર આપતાં વાડીલાલે જણાવ્યું હતું કે:" નાચવું નહિ ત્યારે આંગણું વાંકું જ હોય ! સ્યાદ્વાદ શૈલીમાં આવા પ્રશ્નને સ્થાન જ નથી ! પણ તમે પ્રશ્ન કરીને કહેવાતા વિદ્વાન સાધુઓની ખબર લેવાની ઠીક ઠીક તક આપી. સંસ્કૃત-ન્યાય આદિ શીખેલા સાધુઓ આખા દિવસની ફુરસદ છતાં શું ઉપયોગી કામ બજાવી શકયા છે ? તેનો હું હિસાબ માગું છું. નિરાંતની જિંદગી અને ન્યાયાદિ જ્ઞાનનું સાધન પામ્યા છતાં જો ચિરસ્થાયી પરિણામ ઉપજાવનારું કાર્ય તેઓથી ન બનતું હોય તો તેઓનું ભણતર સાચું હોવાનું હું ખરું માની શકતો નથી. ભણતરનું મૂલ્ય કાર્ય વડે અંકાવું જોઇએ, પંડિતાઇની છાપ વડે નહિ. સ્થિરવાસ એક નિયમ તરીકે જો દોષ હોય તો અનંતા સિધ્ધો દોષિત થાય, પણ હું નથી માનતો કે પંડિત મુનિઓ ખરેખર આમ માનતા હોય ! તેમને અરજ કરવામાં આવે તો તેઓ પૈકીના એકાદ વિદ્વાન મુનિ જરૂર ત્રણ વર્ષ માટે તો સ્થિરવાસ સ્વીકારે અને કોલેજને વાસ્તવિક ફત્તેહ અપાવવામાં પોતાનો સઘળો પુરુષાર્થ વાપરે. સાથે સાથે એ પણ કહી લઉં કે સાધુની હાજરી જરૂરની છે એમ કહેવાથી કોઇએ એમ માનવાનું નથી કે ગમે તે સાધુ ચાલશે. મને જો પસંદગીની પરવાનગી હોય તો પં. મુનિશ્રી રત્નચંદ્રજીને તો ટીંગાટોળી કરીને ઉપાડી લાવું અને કોલેજની બાજુમાં ઘાસની ઝૂંપડી બનાવરાવી ત્યાં બિરાજમાન કરું. એવાં રત્નો,ધનવાનોને યોગ્ય ભવ્ય મકાનોમાં ન શોભે અને તત્ત્વની ગરજ વગરના લોકો સમક્ષ રોજ રોજ વ્યાખ્યાન વાંચવામાં એવાઓની શકિત ખર્ચી નખાવવી સમાજને ન પાલવે...........એમની એકની

હાજરી એટલે કૉલેજની પોણી ફત્તેહ.......સંભવ છે કે મુનિશ્રી તરફ આજપર્યંત આવી વિનંતિ જ કરવામાં ન આવી હોય."[૨૪]

---

૨૪. "જૈનપ્રકાશ" : તા. ૨૯–૬–૧૯૨૭ આ વાતના સંદર્ભમાં સ્થિરવાસને એક નિયમ તરીકે દોષ ગણવાનો ભય સમાજ સમક્ષ હતો જ તેને અનુલક્ષીને એ પંડિતવર સાધુજીએ પોતેજ વા. મો. શાહ ઉપરના અપ્રગટ રહેલા તા. ૨૩–૪–૧૯૧૩ ના અંગત પત્રમા લખ્યું હતું કે :
" કેટલાયે મુનિવરો આવી સંસ્થામાં જોડાવા ચાહના ધરાવતા હોય, પણ તેમને સંપ્રદાયના અમુક બંધનોને તાબે રહેવાનું હોવાથી લાભ લેવાને અચકાતા હોય; માટે તેમના મનની નિઃસંદિગ્ધતા માટે નીચેના પ્રશ્નો દરેક સંઘાડાના નાયકોને પૂછી જાહેરરીતે ખુલાસો મેળવવો જોઇએ:–

૧. જેમ વૃદ્ધાવસ્થા કે રોગ વગેરે કારણથી કલ્પ ઉપરાંત રહી શકાય છે તેમ ભણવાના કારણસર વધારે રહી શકાય કે કેમ ?

૨: જરા અવસ્થા વગેરે કારણો શાસ્ત્રમાં જેમ ખુલ્લા શબ્દોમાં જણાવ્યા છે તેમ ભણવાનું કારણ સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ ન હોય તો પણ ઉપલક્ષણથી ગ્રહણ થઇ શકે કે કેમ ?

૩. કદાચ એમ પણ ન થાય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી શ્રેયનું કારણ સમજી પાચ વ્યવહાર પૈકી જીત વ્યવહારથી પઠન–પાઠન આદિ કારણે કલ્પ ઉપરાંત રહેવાની છૂટ લેવાય કે કેમ ?

૪. સાધુને કાંટો વાગ્યો હોય તો પોતે જ કાઢવો, પોતાથી ન નીકળે તો આર્યાજીની પાસે કઢાવવો, આવો શાસ્ત્રનો કાયદો છતાં આજે દેશ કાળને અનુસરી આર્યાજી પાસે કાંટો ન કઢાવતાં

બીજા એક મારવાડી સાધુવરના પરિચયમાં વા.મો.શાહ આવ્યા હતા અને તેમનાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. તે મહારાજનું નામ ચોથમલજી મહારાજ હતું. તેમના જીવનવૃત્તાંતનું આલેખન કરનારા "આદર્શ મુનિ" નામના પુસ્તક ઉપર વાડીલાલનો અભિપ્રાય માગવામાં આવ્યો ત્યારે એમણે સહર્ષ જણાવ્યું હતું કે :".................. જે દિવસે આ ગ્રંથના ચરિત્રનાયકના જેવા આંગળીને વેઢે ગણાય તેટલા પ્રભાવશાળી પ્રચારકો એક બીજાની સાથે સહકાર સાધવામાં સફળ નીવડશે, અને એ એકત્રિત જોમથી સામાજિક અનિષ્ટો કે જે માત્ર જૈનની જ નહિ પરંતુ સારાયે ભારતવર્ષની જનતાની આધ્યાત્મિક નિર્બળતાનું મૂળ કારણ છે તેનો ધ્વંસ કરવામાં ફળીભૂત થશે, તે દિવસ ઇતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. આ મહાન કાર્ય માત્ર વ્યવસ્થિત રચનાત્મક કાર્ય દ્વારા જ પાર પાડી શકાય. તેમના કાર્યમાં તેમને સંપૂર્ણ સફળતા મળે એવી મારી અભિલાષા છે."[૨૫]

---

ગૃહસ્થની પાસે કઢાવવાની પ્રવૃત્તિ ઘણાખરા સંપ્રદાયમાં પ્રચલિત છે એટલે શાસ્ત્રના કાયદામાં અમુકરીતે ફેરફાર કરી છૂટની પરંપરા ચલાવવામાં આવે તેમ પઠન-પાઠનના કારણની છૂટ શા માટે ન લેવાય ? શું તે કારણ હાલના સંજોગોમાં અગત્યનું નથી ?

ઉપરના પ્રશ્નોના ખુલાસા ન્યાયપુર:સર સંઘાડાના નિયામકો તરફથી થશે તો તેથી કેટલાયે ઉમેદવારલાયક મુનિઓ "મહાવીર-મિશન"ની યોજનામાં નીડરતાથી શામેલ થવા ઉત્સુક થશે.
: જૈ. હિ. ૧૯૧૩ : ઑક્ટોબર : પૃ. ૬૨૫-૬૨૬ :

૨૫. શ્રી ત્રિભુવન વી. હેમાણીની અંગત અપ્રગટ નોંધપોથીમાંથી.

આ ઉપરાંત સાધુવર શ્રી છોટાલાલજીના નામનો ઉલ્લેખ પણ કરી લેવા જેવો છે. મૂળથી જ વા.મો.શાહની પ્રવૃત્તિ તરફ અહોભાવની નજરે નીરખનારાઓમાંના એક એ હતા. તેમની સાથે વર્ષો સુધી વાડીલાલને સતત પત્રવ્યવહાર ચાલુ રહયો હતો, જેમાંના સચવાઇ રહેવા પામેલા પત્રો તેમણે "જૈનહિતેચ્છુ"ના પ્રકાશક સદ્દગત શકરાભાઇને સુપ્રત કર્યા હતા. વિધિની વિચિત્રતા એ છે કે એ પત્રો સચવાયા નહિ. એમાં વા.મો.શાહે સવાર સાંજ માગધી ભાષામાં આચરાતી "સામાયિક"ને ગુજરાતી ભાષામાં રચી બતાવવાની હિમાયત કરીને તેનું ગુજરાતીકરણ કરી બતાવ્યું હતું અને મુનિ સદાનંદજીને તેમાં કંઇ સુધારા-વધારા માટે અવકાશ હોય તો તે જોઇ જવા માટે મોકલી આપી હતી. પણ એ પત્રો સચવાયા નથી એટલે એ "સામાયિક" પણ ગુમ થઇ હોઇ તે માટે બીજું કંઇ વિચારવાનું રહેતું નથી. એ મુનિરત્ન છોટાલાલજીએ સમાજના સંકુચિતવૃત્તિવાળા અમુક ભાગનો વિરોધ સહન કરીને પણ "જૈનહિતેચ્છુ" તેમજ "જૈનસમાચાર"માં સંખ્યાબંધ લખાણો પ્રસિદ્ધ કરાવ્યાં હતાં.

મુનિશ્રી નાનચંદજીએ પણ પોતાનાં લખાણો વા.મો.શાહના પત્રોમાં રજૂ કરીને તેમણે પ્રરુપેલા જીવનનાં ઉચ્ચીકરણનાં ધ્યેયને સમાજ પહોંચી શકે એવા પ્રયત્નો કર્યા હતા. "જૈનસમાચાર"ની સને ૧૯૧૦ની જળવાઇ રહેલી ફાઇલ તપાસતાં જણાય છે કે એ મુનિવરનાં અનેક કાવ્યો તેના જુદા જુદા અંકોમાં પ્રગટ કરાયાં હતાં. એક ખૂબજ ઉપયોગી કાવ્ય તેમણે સર્જ્યું હતું, જેનું શીર્ષક "સૂતેલા કયાં સુધી રહેશો? એવું હતું જે નીચે પ્રમાણે "જૈનપ્રકાશ"માં બિકાનેર અધિવેશનના પ્રસંગે જનતા સમક્ષ રજૂ થવા પામ્યું હતું.:-

"જરા કર્ણો કરી ખુલ્લાં, અમારી વાતને સુણશો,
ઘણા જરૂરી તણા સમયે, સૂતેલા ક્યાં સુધી રહેશો?
મરે છે રંક બંધુઓ, ઉદર સાધન અભાવેથી,
મદદ કરવા તણે સમયે, સૂતેલા ક્યાં સુધી રહેશો ?
તમારી ઊંઘને લીધે, તમારાં બાળ બગડે છે,
જગાડે છે છતાં હજીએ, સૂતેલા ક્યાં સુધી રહેશો?
ખજાના સૌ તણા ધનના, પ્રમાદે બહુ ગુમાવ્યા છે,
હજીએ ઘોર નિદ્રામાં, સૂતેલા ક્યાં સુધી રહેશો?
બધું બગડી ગયા પશ્ચાત, કદાપિ જાગીને જોશો,
નકામું માનજો રડવું, સૂતેલા ક્યાં સુધી રહેશો?
જગતના લોક સૌ જાગ્યા, ઇશારા માત્રથી ઊઠયા,
મરેલા જો ન હો તો તો, સૂતેલા ક્યાં સુધી રહેશો?
વખત છે અલ્પ ને ઊંચો, ઘણાં છે કામ કરવાનાં,
પૂછે છે શિષ્ય સંતોને, સૂતેલા ક્યાં સુધી રહેશો ?[26]

મુનિવર શ્રી નાનચંદ્રજી અને વાડીલાલ બંનેનું ઉદ્દિષ્ટ જનસમાજનો ઉત્કર્ષ કરવાનું હતું તેથી બંનેને પરસ્પર સ્નેહ અને સદ્ભાવ હોય એ સ્વાભાવિક હતું.

સમાજના સ્થંભરૂપ સાધુવર્યોના દોષો કે ભૂલો જોવા કરતાં તેમનાં સદ્ગુણો અને સત્કૃત્યોને જ અવલોકવાં એવું વાડીલાલનું મંતવ્ય હતું, કારણ તે સમયમાં મુનિઓના દોષ જાહેર કરવા એ મહાઅનર્થ

---

૨૬. "જૈનપ્રકાશ" : તા. ૨ ઓકટોબર સને ૧૯૨૭ પૃ. ૪૩૫.

ગણાતો હતો. પરંતુ મુનિઓના દોષોથી જો વાકેફ થવાય તો પ્રથમ દોષિત પાત્રો વિશે સવિગત તપાસ આદરી, ખાનગી રીતે એમને ચેતવણી આપ્યા બાદ, જ્યારે એ સૂચના નિરર્થક જાય ત્યારે સમાચારપત્રોમાં છાપી એ મુનિઓનાં દૂષણોથી જનતાને વાકેફ કરવાનું મહામુશ્કેલ કાર્ય હાથ ધર્યા સિવાય તે રહી શકતા નહિ. અરજના રૂપમાં થયેલી સૂચનાને દાદ ન મળે ત્યારે તેવા દોષિત સાધુઓ પર શ્રધ્ધા ન રાખવા જનતાને સમજાવવા વાડીલાલ જે કંઇ લખતા તે ઉગ્રતાથી અને જુસ્સાથી લખતા. જૈનધર્મ પ્રત્યે અત્યંત આદર, સંપૂર્ણ શ્રધ્ધા અને ઊંડું જ્ઞાન તે ધરાવતા હતા તેથી સાધુઓ વિરુધ્ધ કંઇપણ કહેવામાં કેટલું જોખમ રહેલું છે તે વાતથી તેઓ અજ્ઞાત નહોતા. એ સ્પષ્ટપણે સમજતા હતા કે : "જગતને કોપાવ્યું સારું, પણ એક સાધુને કોપાવ્યામાં બહુ ભય છે. જો સાધુ ખરેખર ઉત્તમ હોય અને તેને ગેરવ્યાજબી રીતે કોપાવાય તો મહાપાપ બંધાય, કે જે પાપનાં કડવાં ફળ સાંભળતાં પણ ત્રાસ છૂટે. અને જો સાધુ દોષિત હોય તો તેને વ્યાજબી રાહે કોપાવતાં પણ તે સિંહની માફક તડુકી ઊઠવાનો અને અનેક જગ્યાએ ખટપટ કરી મૂકવાનો તથા શત્રુઓ ઊભા કરીને તથા બીજી અનેક રીતે નુકશાન કરવાનો; કારણકે જે ભ્રષ્ટ પુરુષે વીર પિતાને ઠગીને વ્રતો તોડ્યાં તેને સત્યનો ડર કે લાજનો ડર શું હોઇ શકે ? આમ સાધુની બાબતમાં લખતાં બંને રીતે જોખમ છે. છતાં હું કોઇ પ્રસંગે ન છૂટકે થોડું લખવાની છૂટ લેતો હોઇશ ત્યારે કંઇ ઊંડો વિચાર કર્યા સિવાય તો તેમ નહિ જ કરતો હોઉં. મને મારા ઐહિક તેમજ પારમાર્થિક બંને સ્વાર્થોને નુકસાન કરવાનું પસંદ

હોય એમ મારા શત્રુઓ પણ માની શકે નહિ."[૨૭] આમ સાધુઓની વિરુદ્ધ એક શબ્દ વર્ટીક ઉચ્ચારતા પહેલાં વાડીલાલ અનેક વખત વિચાર કરતા. સાધુઓના દોષો દર્શાવી એમને સમાજમાં હલકા પાડવાનું એમનું ધ્યેય નહોતું. કારણ એ સંપૂર્ણપણે જાણતા હતા કે : " હું કાંઇ સર્વજ્ઞ નથી; તેથી બનવા સંભવ છે કે કોઇ હકીકત હું જ બરાબર ન સમજી શક્યો હોઉં. એ કારણથી કેટલીક વાતો જતી કરું છું. તેમજ કેટલીકવાર એવો વિચાર થાય છે કે કાંટા દૂર કરવા જતાં ફૂલોને છુંદાઇ જાય એ બહુ સંભાળવા જેવું છે. વળી આ પણ મને ઘણી વખત યાદ આવે છે કે, સર્વ સાધુ ઉપર એક કોઇ "આચાર્ય" ન હોવાથી તથા જ્ઞાનનો પ્રચાર ઘણો ઓછો થઇ ગયેલો હોવાથી આજનો સાધુવર્ગ ટીકાઓ સાંખી શકે એટલી શક્તિ ધરાવતો નથી. માટે જેમ બને તેમ ટીકા કરવાનો પ્રસંગ ઓછો લેવો એમ મને ઘણીવાર લાગ્યા કરે છે. આ બધા કારણોથી મેં ઘણીવખત સાધુવર્ગના દોષો ઉપર બોલવાની જરૂર હોવા છતાં પણ ગમ ખાધી છે. આ ગમ ખાવાના અપરાધને માટે પણ હું પસ્તાવો કરીશ નહિ.................. પ્રશંસા કે કડવી ટીકા કોઇ માણસ માટે થતી નથી, માણસનાં કામ માટે થાય છે. અને માણસ કાંઇ સૂતરના સંચા જેવો સંચો નથી કે હમેશ એક સરખી જ ગતિથી ચાલ્યા કરે. તેનું કોઇ કૃત્ય ઉત્તમ હોય છે તો તારીફ કરાય છે; કોઇ કૃત્ય દોષિત હોય તો કડવી ટીકા થાય છે."[૨૮] પરિણામનો મુકાબલો કરવાની સંપૂર્ણ તૈયારી સાથે જ વાડીલાલ શાહ કેટલાક કહેવાતા ધર્મધુરંધરો સામે મેદાને પડતા.

---

૨૭. "જૈનસમાચાર" : તા. ૬ જૂન સને ૧૯૧૦ : પૃ. ૩.
૨૮. "જૈનસમાચાર" : તા. ૬ જૂન સને ૧૯૧૦ : પૃ. ૩.

નાના નાના સાધુઓના દોષો પ્રદર્શિત કરવાનો વાડીલાલે કદી પ્રયત્ન જ નથી કર્યો. પરિપક્વતાને નહિ પહોંચેલી વ્યક્તિ દોષિત હોય તો તે ક્ષમ્ય ગણાય પણ ધર્મનો ઝંડો પોતાના હાથમાં રાખી સમાજના તારણહાર થઇને ફરનારા મુનિઓનું બાહ્ય તેમજ આંતર-જીવન તો આદર્શ અને જનતાને ઉદાહરણરૂપ હોવું જ જોઇએ. એમ ન હોય તો એ મુનિઓને પડકાર કરીને ખુલ્લા પાડવામાં જરાય દોષ નથી એવી ક્રાંતિકારી વિચારસરણી ધરાવતા હોઇ વાડીલાલે એમની ઝાટકણી કાઢવામાં જરાય ઊણપ રાખી નથી. એમણે સ્પષ્ટ પણે કહ્યું છે કે : " પ્રહાર કે પ્રશંસાના પાત્ર તરીકે મેં કોઇ દિવસ તુચ્છ પાત્રને પકડયું નથી. ન્યુસપેપરો ઉપર પ્રહાર કરવામાં કેટલું જોખમ છે, તેઓ કેવા ડંસીલા હોય છે, કેટકેટલી રીતે તેઓ વૈર ખાનગી તેમજ જાહેર કામમાં લઇ શકે તેમ છે એ જાણવા છતાં અને ન્યૂસપેપરવાળાઓને પ્રસન્ન રાખવાની "કળા" સારી રીતે જાણવા છતાં મેં કોઇ દિવસ તેમના પર પ્રહાર કરવાની તક ગુમાવી નથી. શ્રીમંત પ્રમુખોના ભાષણ પર મેં કદાપિ પ્રહાર કર્યો નથી, પરંતુ કેળવાયેલા પ્રમુખોનાં ભાષણ પર તો ઘણાંયે ચૂંથણાં ચૂંથ્યાં છે. સામાન્ય સાધુઓના નાનામોટા દોષ વખતે મેં કલમનો ઉપયોગ કર્યો નથી, પરંતુ તપસ્વી માણેકચંદજી, પંડિત મુનિ જવાહરલાલજી, આચાર્ય નેમવિજયજી, યોગનિષ્ઠ બુધ્ધિસાગરજી જેવા જૈનોના મોટાભાગના હૃદય ઉપર કાબૂ ધરાવતા જબરજસ્ત સાધુઓની છેડછાડ અવશ્ય કરી છે."[૨૯] વાડીલાલ પોતાની મર્યાદા સમજે છે કે : " એક લેખક બીજું તો શું કરી શકે ? તે કાંઇ રાજ્યસત્તા ધરાવતો નથી કે

---

૨૯. જૈ. હિ. : સપ્ટેમ્બર ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૪૦૮

કાયદાકાનૂન વડે સમાજવ્યવસ્થા સુધારી શકે અને ઉત્સાહની આગ પ્રેરનારી સખ્તાઇથી લોકોને રીઢા બનાવી શકે; તે બહુ તો ભાષાની ચૂંટલીથી લોકોને ગુસ્સે કરી "જગાડી" શકે."[30]

તે સમયે અનાચાર, પાખંડ, દાંભિકતા, નિષ્ક્રિયતા અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય સમાજમાં ખૂબ જ પ્રવર્તતું હતું. તેથી પાખંડી સાધુઓને ઉત્તેજન મળતું હતું. શ્રી મણિલાલ બકોરભાઇ વ્યાસની વિચારસરણી વા. મો. શાહની ક્રાંતિકારી વિચારધારાને અનુમોદન આપતી દેખાઇ રહી છે. તેમનું એક મર્મલક્ષી કટાક્ષયુકત કાવ્ય "મુકિતનું બજાર"માં એમણે તત્કાલીન સમાજનું આદેશ ચિત્ર રજૂ કર્યું છે:

"મુકિત વેચવા દુકાન માંડી, શેઠ ગુરૂ થઇ બેઠા રે;
જે જેના ભરમે ભરમાયા, તે તેનામાં પેઠા રે.
પેટ સટે વાણોતર ઝાઝા, શિષ્ય બનાવી થાપ્યા રે;
વિના પગારે કંઇક જનોને, પટા પહેરવા આપ્યા રે.
"અમે ઇજારો રાખ્યો તેનો, તે બીજે નહિ મળશે રે;
"ભેગ જૂઠનો માલ બતાવી, બીજા તમને છળશે રે.
"અમે ભાવ સસ્તા રાખ્યા છે, આ દુકાને આવો રે!
ખેંચ તાણને મતામતીમાં, ઝઘડો ખૂબ જમાવ્યો રે.

— — — — — — — — — — —

સાધ્ય બતાવા દુકાન કેરી, ઘણા ઘરાકો થાવા રે.
"આ પ્હાણા કે કાષ્ટધાતુમાં, મુકિત અમે ભરી છે રે;
મુવા પછીથી મળે તમોને, તેવી જુકિત કરી છે રે."[31]

---

30. એજન પૃ. ૪૧૧.
31. જૈ. હિ. : સને ૧૯૦૭, જૂન : પૃ. ૧.

આ મુક્તિના બજારમાં મરણ બાદ મુક્તિ અપાવનાર ગુરુઓમાં પોતાના શિષ્યોની સંખ્યામાં વધારો કરવા હુંસાતુંસી ચાલતી હતી તે કેટલી હાસ્યાસ્પદ રીતે વર્ણવાઇ છે. કોથળામાં પાંચશેરી રાખીને મારવાની રીત આ કાવ્યમાં અપનાવાઇ છે. આ કાવ્ય વાંચતાં મધ્યકાલીન કવિ અખાને યાદ કર્યા સિવાય રહી શકાય નહિ.

અજ્ઞાની ને ઉંટબચડું, ઝાલ્યું મૂકે નહિ મુખ પડ્યું.
અખા અણજાણ્યે એડું દાન, આવ્યા પંથ દર્શનને માન.
ઠગને ફિટનાર ન જાણ્યો જડે, વધે ઠીંકે ને દરારી દડ્યે.[32]

આટલી નિર્ભીકતા તેમજ નીડરતાથી સ્પષ્ટપણે જનતાને પોતાની પરિસ્થિતિનું ભાન કરાવનાર સુધારકો આંગળીને વેઢે ગણાય તેટલા છે. આવી ઉગ્રવાણીમાં જનતાને ઉદ્બોધન કરનાર સુધારકો તરીકે અખો, નર્મદ અને વાડીલાલની સરખામણી કરવામાં આવે તો અયોગ્ય નહિ ગણાય. ઉપર્યુક્ત કાવ્ય તો વાડીલાલનું નથી પણ એમના માસિકપત્ર "જૈનહિતેચ્છુ"માં એ એવા લેખો અને કાવ્યોને સ્થાન આપતા જે ધર્મસુધારા કે સમાજસુધારાને કેન્દ્રસ્થાને રાખી પોતે ધારી રાખેલા મંતવ્યોને વફાદાર રહી લખાયાં હોય. અખાને જ્યારે એના સમયની સમાજની પરિસ્થિતિ અસહ્ય થઇ પડી ત્યારે એણે પદ્યમાં ચાબખા મારવા માંડયા તે જ પ્રમાણે વાડીલાલને તત્કાલીન સામાજિક તેમજ ધાર્મિક સ્થિતિ અસહ્ય થઇ પડી ત્યારે એમણે અખા જેવી જ કટુ વાણીમાં ગદ્યમાં ચાબખા મારવા શરૂ કર્યા હતા. એમણે કહ્યું હતું કે : "સત્ય ? આ બધાઓ શું સત્ય – અવ્યાબાધ સત્ય – નરા સત્યના ભક્તો છે ? એમને હા કહેવા દો: નગ્નસત્યના

---

૩૨. ઉમાશંકર જોશી સંપાદિત : 'અખાના છપ્પા' : સને ૧૯૫૩ : પ્રથમ આવૃત્તિ : પૃ.૫૬

એ ભકતો માટે જ મારા નગ્ન પ્રશ્નો છેઃ તમને જીવવું શામાટે પડે છે? પ્રયત્ને જીવો છો/તો મરવાનો પ્રયત્ન કાં નથી કરતા ? આ જીવન તો પાપમય જ છે તો પછી જીવવાનો પ્રયત્ન જ શામાટે ? અંગ્રેજોને આ દેશ પર રાજ્ય નહિ કરવા દેવું અને તમારું જ રાજ્ય જોઇએ એમ શામાટે ? બધા ધર્મો ખોટા અને તમારો જ ધર્મ સાચો એમ શામાટે? તપ એ જ ધર્મ છે તો ખાઓ છો શું કરવા ? શીલ જ ધર્મ છે તો પરણો છો શું કરવા ? ધ્યાન જ પરમ સત્ય છે તો લાંબી સમાધિ જ કાં નથી કરી લેતા ? દાન જ ધર્મ છે તો લાખ્ખો કાળાંધોળા કરી એકઠા કરેલા અને દાટેલા-લાખ્ખો રૂપિયા અન્ન વગર ભૂખે મરતા અડધાભારતને કાં આપી નથી દેતા ? અહિંસા જ પરમ સત્ય છે તો સંથારો કાં નથી કરતા ? બધા ધર્મો એમના મહાપુરુષોની સેવામાં અનંત શક્તિવાળા દેવો આવતા હોવાનું કહે છે તો એ બધા દેવો આજે કાં દેશનો તો શું પણ એ ધર્મોનો ય બચાવ કરવા નથી આવતા ? બધાએ ધર્મના સ્થાપકોને ત્રણ લોકના નાથ કહ્યા અને અનંત જ્ઞાન--શક્તિ તેમજ અનંત કરુણા કહી તો આજે અથવા કોઇ કાળે આખી દુનિયા પર કે દુનિયાના હૃદય પર કોઇ એક ધર્મનું સામ્રાજ્ય કેમ ન થઇ શકયું ? ભિખારાઓ જ સાધુ કેમ બને છે અને શ્રીમંતો કેમ નહિ ? કોઇ રડયોખડયો શ્રીમંત સાધુ થતો હોય છે તો અંગત મિલકતને જાહેર મિલકત બનાવવા જેટલી સાધુતા કેમ નથી પળાતી ? કૈવલ્ય કે એનાથી અતિ નજીકની સ્થિતિનો દાવો કરનારા ય મિલકત પરનો મોહ કેમ ન છોડી શકયા ? સાધુઆશ્રમને હલકો પાડી આધ્યાત્મની ખાલી વાતોમાં લોકોને ખેંચી જઇ નવા પંથ યુક્તિપૂર્વક

સ્થાપનારાઓ એકાંતમાં બેસી ત્યાં શું પરાક્રમ કરે છે ? આત્મા શબ્દથી તેઓ સમજ્યા જ શું છે ? અક્રિય બેસી રહેવું અને આત્મકલ્યાણ તથા આધ્યાત્મ શબ્દના જાપ જપવા એજ બધાને હલકા પાડીને આપવાનું પરમ સત્ય છે કે ? અને એમજ પોતાની મૂર્તિઓ પૂજાવવાનું અને ગૌશાળાના ઘર ભરવાનું પરમ સત્ય સેવાય છે કે ?.......... જે લોકો કોઇપણ ધર્મપંથના અગ્રેસર કહેવાય છે તેઓ જ પ્રાયઃ સર્વથી વધુ ધૂર્ત, હરામખાઉ, પ્રપંચી અને ટંટાખોર કેમ બને છે ? આત્મા જ પરમ સત્ય છે તો પછી દેરા, અપાસરા, મઠ, મંદિર વગેરે ધામોની ફંડોની, અધિકારીઓની જરૂર કેમ પડી ? જેઓ પરમ સત્ય પામ્યા હતા એમ કહેવામાં આવે છે તેઓએ તે સત્ય પોતે ન લખતાં બીજાઓ માટે સાક્ષાત્કાર વગરના પાછળનાઓ માટે - તે કામ કેમ રહેવા દીધું ?"[33] વાડીલાલના આ નગ્નપ્રશ્નો અનુત્તર જ રહેવા પામ્યા છે એ ખૂબ જ વિચારણીય છે.

વિરાગની વાતો કરનારા કેટલાક ધર્મગુરુઓ તેમજ શ્રાવકોનો વા.મો.શાહને એટલો તો કપરો અનુભવ થવા પામ્યો હતો કે તે અનુભવની વિરુદ્ધ જાય એવી શિખામણ આપવા કોઇ તૈયાર થાય તો તે એ સમાજસેવકને માન્ય નહોતું. દરેક બાબતનું એમણે અત્યંત બારીકાઇથી ઝીણવટપૂર્વક અવલોકન કર્યું હતું. એમને પોતાના અવલોકનમાં અનહદ વિશ્વાસ હતો. એમણે કહ્યું છે કે : " કોઇ દેવ પણ આવીને કહે કે એ તારી શંકા ખોટી છે, તો હું એને કહું કે સેતાન !

---

33. "આર્યધર્મ" : જુલાઇ ૧૯૩૫ : દ્વીજીઆવૃત્તિ : પૃ. ૨૧-૨૨. અને શ્રી ત્રિ.વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનો ધર્મસંદેશ": પૃ. ૩૬-૩૭.

ચાલ્યો જા ! કોઇ ગમારોને શોધ ! મારી આંખોએ જોયેલું, મારી બુધ્ધિએ જોયેલું, મારા ચિત્તે અનુભવેલું જૂઠું ઠરાવવાની હિંમત ધરનારને સાંભળવાની વાત તો દૂર રહી પણ એને જતો કરવો એ ય મારે માટે માણસાઇ રહિત થઇ પડે. હું એને બે તમાચા વગર જવાય ન દઉં. સઘળાં પાખંડો શ્રીમંતોનાં જ છે, અને ભિખારાઓ એમનાં હથિયાર છે; સામાન્યગણ એમની જાળમાં પકડાતી મચ્છીઓ છે."[34]

વાડીલાલનો કોલેજનો અભ્યાસ ખૂબ જ મર્યાદિત હતો, પરંતુ વિશાળવાંચન, જીવનમાં થયેલા કડવા અનુભવો, તથા ખુલ્લી આંખ રાખીને ધર્મ તથા સમાજને નિહાળવાની એમની દૃષ્ટિએ આંખ સામેનાં પડળો દૂર કર્યાં હતાં, અને સમાજની આંખ આડેનાં પડળો દૂર કરવાનો ભગીરથ પુરુષાર્થ એમણે આદર્યો હતો. એવા પુરુષાર્થ દ્વારા પ્રાપ્ત કરેલા અનુભવને પરિણામે તેમણે પત્રકારના ક્ષેત્રને ઉજ્જવળ બનાવ્યું હતું. એ સઘળું જોઇને "સાહિત્ય"ના તંત્રી સદ્ગત મટુભાઇ કાંટાવાળાએ વા.મો.શાહને અખા સાથે સુયોગ્ય રીતે સરખાવ્યા હતા. તેઓએ નોંધ્યું હતું કે : " ગુજરાતી સાહિત્યમાં ભોજો અને અખો એ બેએ સમાજને ખૂબ ચાબખા મારેલા; સ્વ.વાડીલાલ પણ એ ચાબખારીતના ઉપાસક હતા."[35] ખ્યાતનામ વિવેચક વિજયરાય વૈદ્યે પણ એ વાતમાં સૂર પૂરાવતાં નોંધ્યું હતું કે : સુદર્શન ભા-૧ લો :૧૯૦૮: શીર્ષક નવલકથાના "પ્રસંગો એવી રીતે એક અવલોકનમાં કહેવાયેલું તેમ, અખાને ભોજા ભગતની "ચાબખા રીતના આ ઉપાસકે" યોજયા તથા વર્ણવ્યા છે કે બાળલગ્નની

---

34 અંજન : પૃ.૨૫. ; અને "વા.મો.શાહનો ધર્મસંદેશ" પૃ.૩૯-૪૦.
૩૫. "સાહિત્ય" : સને ૧૯૩૨ : ડિસેમ્બર : પૃ.૭૪૫.

હાનિકારકતા, કન્યાવિક્રય, લગ્નની દુર્વ્યવસ્થિત જમણવારો સુધીની ખોટી અતિખર્ચાળ રૂઢિઓ, દાનધર્મની અવિચારી કે જાડયવાળી પ્રથા તથા સાધુસમાજમાંના પતિતો વિશેના લેખકના વિચારો તેમજ સુધારા-સૂચનો એમની તીખી ભાષામાં રજૂ થઇ શકે; એટલું જ નહિ પણ એમ સ્વાભાવિક રૂપમાં રજૂ થાય જ છે."[૩૬]

કોઇપણ શ્રાવક યોગ્યતા પ્રાપ્ત કર્યા સિવાય એટલેકે દીક્ષા ગ્રહણ કરીને સાધુ બન્યા સિવાય ગૃહસ્થધર્મ પાળીને શાસ્ત્રોનો અભ્યાસ કરી શકે જ નહિ એવું વલણ કેટલાક ધર્મગુરુઓએ અપનાવ્યું હતું. વાડીલાલે વિચાર્યું કે પોતાના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરવા સંસાર ત્યાગવાની કોઇ જરૂર નથી. એમણે શાસ્ત્રોનો અભ્યાસ શરૂ કર્યો અને જૈનસમાજને સમજાવવા માંડયું કે શાસ્ત્રાભ્યાસ માટે કોઇપણ વ્યકિત લાયકાત ધરાવે છે. શાસ્ત્રમાં એવું કોઇ ફરમાન નથી કે સામાન્યજન શાસ્ત્રાભ્યાસ ન કરી શકે. વા.મો.શાહે શાસ્ત્રમાંથીજ અવતરણો લઇ પુરાવા રજૂ કરી સાધુઓની પોકળતા પર પ્રહાર કરવાની શરૂઆત કરી હતી. સ્વાભાવિક રીતે જ સાધુઓને આ વાત વસમી લાગી કારણ જનતા જો શાસ્ત્રની અભ્યાસી બને તો એમને પોતાનું સ્થાન અને સત્તા જોખમમાં હોય એમ લાગે. આમ કુસાધુઓની છેડતી કરીને વાડીલાલે મોટાભાગના સાધુઓ તેમજ અંધશ્રધ્ધાળુ શ્રાવકોની દુશ્મનાવટ વહોરી લીધી હતી. સાધુજીવનની વ્યાખ્યા કરતાં એમણે જણાવ્યું હતું કે : " સામાન્ય હૃદયમાં વીજળીક અસર કરી શકે તેવું વર્તન Character — જેમનું છે

---

૩૬ "ગતશતકનું સાહિત્ય": લેખક-વિજયરાય ક.વૈદ્ય : સપ્ટેમ્બર ૧૯૫૯ : પ્રથમ આવૃત્તિ પૃ. ૨૫૨-૨૫૩.

તેવા સાધુ બહુમાનને પાત્ર છે. જે સાધુની અહોનિશ શાંતમુદ્રા રહેતી હોય, જે કોઇ ખટપટમાં ભાગ લેતો ન હોય, અભ્યાસ ઉપદેશ અને ધ્યાનમાં દિવસનો મોટો ભાગ વ્યતીત કરતો હોય, કુદરતના ખજાનામાંથી નવાં નવાં રત્નો શોધવા હંમેશ ઉદ્યમવંત રહેતો હોય એવા સાધુ માટે, વગર પ્રયાસે બહુમાન ઉત્પન્ન થાય - થાય ને થાય જ."[37] સાધુનું તો હૃદય અને ચારિત્ર્ય બંને શુધ્ધ હોવાં જ જોઇએ. હૃદયની અશુધ્ધિ તો કદાચ ક્ષમ્ય ગણાય, પરંતુ ચારિત્ર્યનું સ્ખલન તો સાધુ માટે અક્ષમ્ય ગુનો ગણાય. ચારિત્ર્ય-શુધ્ધિ ન રાખી શકે એને સાધુ કહેવાય જ કેમ ? સાધુ અને સાધુજીવન અંગે સંખ્યાબંધ વ્યાખ્યાઓ તેમ જ વિચાર-સૂત્રો વા.મો.શાહનાં વિવિધ લખાણોમાં વેરાયલાં પડયાં છે. એવા સાધુપણાને લગતાં એક વિચારસૂત્ર અંગે પંડિત લાલને છેક ઈંગ્લાંડથી લખેલા એક પત્રમાં કહયું હતું તે આ રહયું : " સાધુ તેમજ શ્રાવકની સ્થિતિનું તમે જે ચિત્ર આપતા રહયા છો તે થાચલા જેવું છે, એટલું જ નહિ પણ સાધુઓએ અને નેતાઓએ પણ પોતાની શકિત કયી દિશામાં ખરચવી જોઇએ તે બાબતમાં તમે જે જે સૂચનાઓ કરતા રહયા છો તે ખરેખર કીમતી છે. નીચે જણાવેલું તમારું કથન કોઇ તદ્દન સાચા હૃદયના સાધુ અગર નેતાના હૃદયમાં અવશ્ય કોતરાઇ જશે અને એક દિવસ તમારું મિશન સફળ થશે : ત્યારે હવે "સાધુ" તે કોણ ? જેમ એક સ્ટીમરનો કપ્તાન બે ખંડને સાંધી આપે છે, જેમ એક વ્યાપારી માલ ઉત્પન્ન કરનાર અને માલ વાપરનાર વચ્ચે સાંકળ જોડી આપે છે, જેમ એક અમલદાર રાજા અને પ્રજા વચ્ચે પ્રેમ રચી આપે છે, તેમ એક સાધુ,

---

૩૭. "જૈ. હિ." : સને ૧૯૦૭ : નવેમ્બર-ડિસેમ્બર : પૃ. ૨૩૬.

દુનિયાના એક પ્રાણીથી બીજા પ્રાણીને જોડનાર, આ દુનિયાથી પેલી દુનિયા વચ્ચે પુલ બાંધનાર, જીવ અને શિવ વચ્ચે પ્રેમ રચાવી આપનાર "મધ્યસ્થ" છે – કપ્તાન છે – વ્યાપારી છે – અમલદાર છે. આવી પારદર્શક વ્યાખ્યા કોણ આપી શકનાર હતું ? આજે નહિ પણ નજદીકના ભવિષ્યમાં લોકો તમારી ગરજ કરતાં થશે."[૩૮] પંડિત લાલને વા. મો. શાહને આમ અનેરી રીતે સમયે સમયે બિરદાવ્યા છે.

ધર્મસંક્રમણના ક્ષેત્રમાં પદાર્પણ કરતી વખતે આ પત્રકારને અનેક સાધુઓ સાથે સંઘર્ષમાં કહો કે દ્વન્દ્વ યુદ્ધમાં ઊતરવું પડયું હતું. સૌથી પ્રથમ તપસ્વીજી મુનિશ્રી માણેકચંદજીની વાત કરીએ. હજારોની સંખ્યામાં અનુયાયીઓનો વિશાળ સમુદાય ધરાવનાર આ મુનિશ્રીનું સમાજ પર ભારે વર્ચસ્વ હતું. જેઓ તેમને "મહાવીર–ગચ્છ–ગણી પ્રવર્તક" તરીકે ઓળખાવતા હતા. જુનવાણી વિચાર ધરાવનારા સાધુઓ તેમજ શ્રાવકો તેમને સુધારક સાધુ તરીકે ઓળખાવતા હતા. જૈનો સામાન્યરીતે એવી માન્યતા ધરાવતા હતા કે આરંભસમારંભના કાર્યમાં સાધુઓ સાથ તેમ જ સહકાર આપી શકે નહિ. અહીં આરંભસમારંભની વ્યાખ્યા એ સમયના જૈનો પોતપોતાની રીતે કરતા હતા અને એ વ્યાખ્યા મુજબ અન્યજનો પણ વર્તે એવું સમજાવવાના પ્રયત્નો કરતા હતા. બીજી તરફ ક્રાંતિકારી વિચારસરણી ધરાવનારા મુનિશ્રી માણેકચંદજી એમ માનતા કે જનસમાજનું હિત થતું હોય તો સાધુઓએ વિવિધ કાર્યો હાથ ધરવાં જોઇએ. સાધુઓ તેમજ સાધુદીક્ષાની આકાંક્ષાવાળા જૈનોના શાસ્ત્રાભ્યાસ

---

૩૮. ત્રિ. વી. હેમાણી સંપાદિત "વા. મો. શાહનો જીવનસંદેશ": પ્રગટ ૧૯૬૦ : પૃ. ૨૩.

માટે એમણે એક પાઠશાળા સ્થાપી હતી અને સમાજને જાગૃત કરવાના પુરુષાર્થના પ્રથમ સોપાન રૂપે એક વિશાળ પુસ્તકશાળાની યોજના કરીને કાઠિયાવાડના જુદા જુદા સ્થળોએ તેની શાખાઓ શરૂ કરી હતી. જ્યાં જ્યાં એમને વિચરવાનું થતું ત્યાં ત્યાં એ પ્રવૃત્તિઓનો પ્રચાર થઇ રહે એવી પ્રરુપણા કરવાનું તેઓ ચૂકતા નહિ. તેમના એ પુસ્તકાલયો અંગે કાઠિયાવાડના જુદા જુદા શહેરોમાં વાર્ષિક મેળાવડાઓ યોજાય એવી પ્રથા પણ એમણે પાડી હતી જે વખતે સારા એ કાઠિયાવાડના વિચારવંત સ્થા.જૈનોને હાજરી આપવા વિનંતિ કરવામાં આવતી. એવા એક જાહેર મેળાવડાનું પ્રમુખસ્થાન વાડીલાલે શોભાવ્યું હતું, તે સમયે મુનિશ્રી માણેકચંદજીની આ પ્રવૃત્તિને એમણે જાહેરમાં બિરદાવી એ સાધુવર્યને ધન્યવાદ આપ્યા હતા. કોઇપણ વ્યક્તિમાં સારાનરસા બંને ગુણો ભરેલા હોય છે. દુશ્મનાવટ થયા પછી વ્યક્તિના સત્કૃત્યોની પણ નિંદા થાય એવી માનવસહજ વૃત્તિથી વાડીલાલ પર હતા, અને એક વ્યક્તિને વારંવાર બિરદાવ્યા પછી એની સાથે દુશ્મનાવટ કરવા તત્પરતા ન બતાવવી એવી બીકણ ભાગેડુવૃત્તિ પણ તેઓ ધરાવતા નહતા. આ જ માણેકચંદજી મહારાજે "કાળજ્ઞાન તત્ત્વચિંતામણિ" "સમાધિતંત્ર" ઉર્ફે "ભ્રાન્તિનિવારણ સંવાદ" જેવી કેટલીક પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરાવી હતી, જેમાં એમણે છેડેચોક મૂર્તિપૂજાની હિમાયત કરી હતી.[39] એ પુસ્તકનું પ્રકાશન જનતા સમક્ષ મૂકાતાં મૂર્તિપૂજક જૈનોએ ફરી એકવાર સ્થાનકવાસી જૈનોની જાહેરમાં હાસી કરવાની શરૂઆત આદરી દીધી હતી. સમાજમાં ચર્ચાનો વંટોળ જામી ચૂક્યો હતો. પત્રકાર વાડીલાલ

---

૩૯. "કાલજ્ઞાન તત્ત્વચિંતામણિ" સને ૧૯૧૮ : પૃ. ૧૪-૧૬.
"પ્રતિમાજીનું અવલંબન લેવાથી થતા ફાયદાઓ."

માટે તો મૌન સેવવું એ લગભગ અશક્ય વાત હતી. મૂર્તિપૂજક જૈનોના પડકારને ઝીલી લઇને એમણે તુરત જ "પ્રમાણિકતા અને ખરી વસ્તુસ્થિતિનું ભાન લોકો ક્યારે મેળવશે?" એ શીર્ષકવાળો અગ્રલેખ લખ્યો હતો. એમાં મુનિવર માણેકચંદજીની ઉલટ તપાસ લેવામાં એમણે સહેજે ઉણપ જણાવા દીધી નહિ. એમણે જણાવ્યું કે :-

" માણસને પોતાને રુચતો સિધ્ધાંત માનવાનો અને તેને વખાણવાનો દરેક હક્ક છે, પરંતુ એક માણસ અમુક સિધ્ધાંતના ઉપદેશક અને અમુક ધર્મના ધર્મગુરુનો ઝભ્ભો પહેરી તેથી તદ્દન વિરુધ્ધનો ઉપદેશ ફેલાવે એ શું પ્રમાણિકતા છે? અને જેનામાં એટલી પ્રમાણિકતા પણ નથી તે માણસ ધર્મના આ કે પેલા સિધ્ધાન્તોની પરીક્ષા કરવાની લાયકાત કેવી રીતે ધરાવી શકે ? એવા માણસના મુખેથી નીકળતા "મૂર્તિપૂજા સારી છે" એ બોલની જેમ કાંઇ કિંમત નથી તેમ "મૂર્તિપૂજા બિનજરૂરી છે" એ બોલ પણ અર્થ વગરના જ છે. ઇંગ્લેંડનો પગાર ખાનાર અમલદાર જર્મનીનો દૂત બને એનાં જેટલી જ અધમતા, મુખે મુહપત્તિ અને હાથમાં ઓઘો કાયમ રાખી મૂર્તિપૂજાની હિમાયત કરનારમાં હોય. એને જો મૂર્તિપૂજાઇષ્ટ લાગતી હોય તો ખુલ્લી રીતે સ્થાનકવાસી સંપ્રદાય છોડી શ્વેતામ્બર મૂર્તિપૂજક કે દિગમ્બર પંથ સ્વીકારી લે એ જ પ્રમાણિકતા છે. "હું સર્વ વાડા સંઘાડાથી ફારગત થયો છું" એમ કહેવું અને અમુક એક જ વાડાએ માનેલા ચિન્હો ધારણ કરી રાખવાં એના જેવો વિશ્વાસઘાત દુનિયામાં બીજો કયો હોઇ શકે ?"[40] વળી એક પત્રકારને આવી ભૂલો જોવાનો શું અધિકાર ? એમ જો કોઇને પ્રશ્ન ઉદ્ભવે તો તેના જવાબમાં વાડીલાલે

---

૪૦. "જૈ. હિ." : સપ્ટે. ૧૯૧૭ : જૂન પૃ. ૬૦૦.

કહ્યું હતું કે – "માત્ર તે જ માણસ સમાજને ભયંકર છે કે જે મનમાં જુદું રાખે અને બહાર જુદું બતાવે; અને પત્રકારોને માત્ર વ્યક્તિના તે વર્તન ઉપર જ ટીકા કરવાનો અધિકાર હોઇ શકે કે જે વર્તન સમાજને નુકશાન કરતું હોય. સમાજને નહિ અસર કરતું એવું વ્યક્તિનું વર્તન પત્રકારોના હકની હદમાં આવતું નથી."૪૧

મુનિશ્રી માણેકચંદજીની પ્રવૃત્તિઓથી સમાજને હાનિ પહોંચશે એવું જ્યારે વા.મો.શાહે અનુભવ્યું ત્યારે મુનિશ્રીની પ્રરુપણાનો વિરોધ કરવાનું એમને મુનાસબ લાગ્યું. એમણે ઉગ્રવાણીમાં પોતાનો વિરોધ નોંધાવતાં કહ્યું કે :–

"તપસ્વીએ ગઇસાલ રાજકોટના સ્થાનકવાસીઓમાં જે તોફાન મચાવ્યું હતું, જે શબ્દો ઉચ્ચાર્યા હતા, જે શબ્દો પેમ્ફલેટ અને પેપર દ્વારા પ્રગટ કર્યા હતા, તે સઘળા ઉપરથી તેને કોઇ પણ સામાન્ય નીતિને સમજનારો માણસ સાધુ તો શું એક નોકર રાખવા લાયક માણસ પણ નહિ કહી શકે. હું જાણું છું કે રાજકોટમાં તેમના વિરુધ્ધ એક પક્ષ હયાતી ધરાવે છે, હું જાણું છું કે તેઓએ પણ તપસ્વીને ઉશ્કેરણી થાય એવું કહ્યું – કર્યું હશે; મને તે સાથે કશો સંબંધ નથી; સંબંધ માત્ર એટલી જ સાદી બાબત સાથે છે કે, દુશ્મનો ગમેતેમ કહે કે કરે તેથી એક પંચમહાવ્રતધારી જૈન સાધુ આટલી હદ સુધીના અસહ્ય શબ્દોના ઉપયોગ કરે, લોકોમાં ઉશ્કેરણીઓ કરે, અમુક વ્યક્તિના વેરની વસૂલાત ખાતર ખુદ ધર્મને જ ખોટો ઠરાવવા બહાર પડે, આના જેવી ભ્રષ્ટતા કોઇ વેશ્યામાં પણ

---

૪૧ જૈ.હિ. સપ્ટે. ૧૯૧૭ થી ૧૯૧૮ : પૃ. ૬૦૨.

ન હોઇ શકે: વેશ્યા પણ જેનો પગાર ખાય છે તેના તરફ – પગાર ભોગવતા સુધી તો વફાદાર રહે છે."[૪૨] આવા મુનિઓના ફંદામાં ન ફસાવા વા. મો. શાહે સમાજને ચેતવવાનું કાર્ય હાથ ધર્યું હતું. નગ્નસત્ય તીખી–તમતમતીવાણીમાં કહેવું એ એમનો સ્વભાવ હતો. સમાજમાં વા. મો. શાહની અપ્રિયતા એમના આવા સ્વભાવને જ આભારી હતી. જનતાને સંબોધીને વા. મો. શાહે જે કહયું હતું તેમાંથી યોગ્ય અવતરણ આપવાની ~~લાલચ હું રોકી શકતી નથી~~ અત્રે જરૂર જણાય છે. તે નીચે પ્રમાણે છે:–

" અરે ભોળાઓ, શું કરવા હાથમાં દીવો લઇ કૂવામાં પડો છો ? મહારાજો પાછળ ગાંડાઘેલા થઇ ફરવામાં અને પાછળ પાછળ દર્શન માટે ભટકવામાં અને કોઇ કોઇ વખત તો છોકરા માટે દોરાધાગા કરાવવામાં શું કરવા નાહક તમારા પૈસા, શરીર અને સમયની સાથે તમારા આત્માને પણ ડૂબાવો છો ? તેઓ સારા હશે તો તેનો લાભ તેમને છે; ખોટા હશે તો તેથી ગેરલાભ પ્રથમ તમને [અને પછી – અને તે પણ બીજા ભવમાં – તેમને] છે. માટે તમે તમારું સંભાળો અને સાધુઘેલા થવાને બદલે દેશઘેલા બનો.................જે દેશમાં પેટને માટે સ્ત્રીઓ વેશ્યા બની રહી છે, અનાથો મુસલમાનો અને ખ્રિસ્તી થવા લાગ્યા છે, એક રોટલીના ચાર ભાગ પડે છે, દૂધ પીતાં બાળકનાં લગ્ન થાય છે,– જે દેશમાં રળનાર એક અને ખાનાર દશ છે અને તેમાં ધંધો–નોકરીના કસ રહયા નથી અને આખી દુનિયા સાથે હરીફાઇ ઉત્પન્ન થઇ છે, જે દેશમાં પચાસ લાખ ભિખમંગા ધંધો કરવામાં જ પાપ માની તમારા પેટ ઉપર લાત મારી મિષ્ટાન પામે છે અને વળી તમને અંદરોઅંદર લડાવી મારે છે, જે દેશમાં જન્મવું એ અકસ્માત, જીવવું એ અકસ્માત અને મરવું એ પણ

---

૪૨. અંજન પૃ. ૬૦૩.

અકસ્માત થઇ પડયું છે, – અરે ઓ અંધાભાઇઓ, ઓ મોક્ષના મોહથી અંધા બનાવાયેલા ભોળાઓ, આ દેશ તરફ જરા તો નજર કરો, જરા તો સાધુ અપાસરા, દેરાં અને કથાગ્રંથોને છોડી આસપાસની નકકર અને સ્થૂલ હકીકતો, બનાવો અને ચીજો તરફ નજર કરો તમને મોક્ષના વાયદા આપનારને પ્રથમ પોતે તો સ્વાર્થ, માન, ક્રોધ, પ્રપંચથી મુકિત મેળવવા દો, પછી તમે તેમનું સાંભળવા નવરા થજો. ત્યાં સુધી તમે તમારા દેશમાં–તમારા સમાજમાં–તમારા ઘરમાં બળી રહેલી આગ જોવા અને બનતા પ્રયત્નો તેને બુઝાવવા તરફ ધ્યાન આપો. મોક્ષ કોઇનું આપ્યું અપાતું નથી; અને જેને અહીં સ્વાર્થ અને માયા કપટમાંથી મુકિત મળી નથી તેને આકાશમાં પણ મોક્ષ મળી શકવાનું નથી તેની ખાત્રી રાખો.... જેમ બને તેમ દેશમાંથી અજ્ઞાનતા અને સામાજિક સડા દૂર કરવાના કામમાં તમારા પૈસા અને સમય અને લાગવગનો ભોગ આપો. એથી તમને અહીં તો જરૂર મુકિત મળશે; અને અહીંની મુકિત ત્યાંની મુકિતનો નમૂનો છે. અહીં મુકિત ન મળે તેને ત્યાં પણ મુકિત નથી જ."[43]

આ અવતરણની ઉગ્રતાભરી તેમજ તમતમતી ભાષાને મનનપૂર્વક વાંચનારા સમજી શકશે કે એ સમયે વા. મો. શાહ પોતે જીવન–વિકાસની ઉચ્ચભૂમિકા સુધી પહોંચી ચૂકયા હતા; કારણકે એ સમયે તેમણે ઓઢેલો સ્થા. જૈન ધર્મનો અંચળો અળગો કરી દીધો હતો અને સર્વધર્મસમભાવની ભૂમિકાને સ્પર્શી ગયા હતા, એટલે તેમણે એકલા સ્થા. જૈનસમાજને અંગે ઉપયોગી હોય એવી બાબતોની ચર્ચા જૈ. હિ. માં કરવાનું બંધ કરી દીધું હતું; છતાં પણ તપસ્વીજી માણેકચંદજીની બાબત અપૂર્ણ રહી જવા પામી

---

૪૩. અંજન : પૃ. ૬૦૪ – ૬૦૭.

હતી એટલે તે ચર્ચા સંપૂર્ણ ન થાય તો લોકવર્ગનાં મન લોમવિલોમ થાય તથા તેઓ સાચી વસ્તુ સમજી શકે નહિ અને અન્ય લોકો ભરમાવે તો જુદા પંથે ચઢી જાય, એવી દહેશતથી તેમણે છેવટે જનસમાજના હિતાર્થે અને સમાજમાં શાંતિ ફેલાય એવા આશયથી "તપસ્વી માણેકચંદજી મહારાજને છેવટની પ્રાર્થના" શીર્ષક એક લેખ પોતાના પત્રમાં પ્રગટ કરી દીધો તેમાં તેમણે માણેકચંદજી મહારાજના લખાણોમાં જે વિરોધાભાસ રજૂ કરવામાં આવ્યો હતો તેની છણાવટ કરીને તેમના પર ધર્મનો દ્રોહ કર્યાનો આક્ષેપ રજૂ કર્યો હતો. તે લખાણોમાં રહેલા સઘળા આક્ષેપોની તારવણી કરીને રજૂ કરતાં તેમણે તપસ્વીજી માણેકચંદજીને અપીલ દ્વારા પડકાર કર્યો હતો કે ચર્ચા લંબાવવા કરતાં એક દિગંબર જૈન, એક શ્વે.મૂ.જૈન, એક સ્થા.જૈન અને એક જૈનેતર વિદ્વાન પાસે એ બંને પક્ષની આખી વાત રજૂ કરી દેવી અને તે સમિતિ જે ઇન્સાફ આપે તે બંને પક્ષે મંજૂર રાખવો. તેને અંગે એટલી શરત રજૂ કરી હતી કે એ ચાર તટસ્થ સજ્જનોની સમિતિ સમક્ષ એકલા વા.મો.શાહ અને એકલા તપસ્વી માણેકચંદજી સૂરત, અમદાવાદ કે મુંબઇ જેવા બ્રિટિશહદના શહેરમાં હાજર થઇ ઇન્સાફની રાહે ઇન્સાફ મેળવે. જો જાહેર કરાયેલ વિધાનો અને આક્ષેપો સાચા ઠરે તો મહારાજશ્રીએ સાધુ તરીકે ગુરૂઆજ્ઞામાં વર્તવાની કબૂલાત આપવી અગર તે પસંદ ન હોય તો સ્થા.ધર્મગુરૂ તરીકેનો સ્વાંગ છોડી દેવો; અને જો એ વિધાનો ખોટા ઠરે તો વાડીલાલ શાહે જાહેરની તેમજ મુનિવરની ક્ષમા જાહેર પેપરો દ્વારા માગવી અને જૈ.હિ.પત્ર બિલકુલ બંધ કરી દેવું તથા એ સાધુવરે સ્થાપેલા પુસ્તકભંડારમાં પાંચસો રૂપિયાની કિંમતના પુસ્તકો દંડ તરીકે અર્પણ

કરવાં. સદરહુ લવાદી સમિતિ સમક્ષ મુનિશ્રીને અગરતો વાડીલાલને મદદ કરવાને કોઇ સાધુ કે શ્રાવક હાજરી આપી શકે નહિ એવી મુખ્ય શરત હતી.[44] પરંતુ કોઇપણ જાતના અપમાનભર્યા કે સખત શબ્દો વાપર્યા સિવાય એ અપીલને એકાંતમાં આત્મસાક્ષીએ વાંચી વિચારી યોગ્ય પ્રત્યુત્તર આપવાને બદલે મુનિશ્રીએ મૌન ધારણ કર્યું અને તેનું પરિણામ કાંઇ ન આવ્યું એટલે તે વાત ત્યાંજ અટકી ગઇ.

બે વર્ષ પછી એ મુનિશ્રી સંથારો કરીને કાળધર્મને વર્યા ત્યારે મુંબઇમાં તેમના આત્માની શાંતિ માટે એક શોકસભા ભરવામાં આવી હતી, જેના પ્રમુખસ્થાને બંને પક્ષના સત્યપ્રિય સજ્જનોએ વિચાર કરીને વા.મો.શાહને બેસાડયા હતા, જેમણે એ સમયે કહ્યું હતું તેનો સાર એ હતો કે તેમને મુનિશ્રી સાથે અંગત કાંઇ વેર નહોતું, માત્ર તેમના કાર્યો પ્રત્યે વિરોધભાવ હતો; પરંતુ હવે તેઓ કાળધર્મને વર્યા હોઇ સૌ, કોઇ ગઇ ગુજરી ભૂલી જાય અને સદ્‌ગતના આત્માને શાંતિ મળે એવા પ્રયત્નો કરે, જેને માટે એમણે પોતે ૫૦૦ રૂપિયા ભરીને મોટું ફંડ શરૂ કરાવડાવ્યું અને સભા ચાલુ હતી તે દરમ્યાન જ લગભગ અડધો લાખ જેટલી મોટી રકમ મળી જતાં તેને સ્વ.પૃથ્વીશચંદ્ર રૌયના, આસામ સંકટ નિવારણ ફંડમાં તારથી મોકલી આપીને તે અંગે મળેલી પહોંચ સભા સમક્ષ વાંચી સંભળાવી સભાની પૂર્ણાહુતિ કરી હતી.

---

૪૪. "જૈ. હિ." : ૧૯૧૯ : ઓકટોબર : પૃ. ૫૩-૫૭.

પરન્તુ વાડીલાલને આ પ્રકારનો વિરોધ કરવા માટે પણ માઠું પરિણામ ભોગવવું પડયું હતું. સને ૧૯૧૯ પછી જૈનઉપાશ્રયોના પુસ્તકાલયોમાં સંગ્રહાયેલું વાડીલાલનું સાહિત્ય ઝડપથી અદૃશ્ય થઇ જવા પામ્યું હતું. એમના સામયિક પત્રોના અંકો અને પુસ્તકો પણ નાશ પામ્યાં. આવાં ભયાનક પરિણામો ભોગવ્યા છતાં વા.મો.શાહે કદી પાછીપાની કરી નહોતી. એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા દર્શાવવા બીજી એક વાત નોંધપાત્ર છે. એ જ્યારે કોઇપણ વ્યક્તિનાં કાર્યોનો વિરોધ કરતાં ત્યારે શક્ય તેટલી માહિતી પ્રથમ એકત્રિત કરી તેના વિશે સંપૂર્ણ મનન કર્યા બાદ પોતાના અનુભવની એરણપર એ વાતને ટીપી જોયા પછી જે કંઇ કહેતા તે એટલા આત્મવિશ્વાસ સાથે કહેતા કે એમાં જરાપણ ફેરફાર કરવાનું એમને પાલવતું નહિ. મોટાભાગના પ્રસંગોમાં સામી વ્યક્તિને પડકાર ફેંકયા પછી પરાજય મળે તો તેવાં પરિણામોનો સામનો કરવો પડશે તેનો ખ્યાલ રાખીને બેધડકરીતે પોતાની દલીલોની સત્યતા પૂરવાર કરતા. એ નજરે વા.મો.શાહ બીજા કેટલાયે સુધારકો કરતાં કંઇક જુદા તરી આવે છે. નીડરતા તો તેમનાં જીવનમાં ભારોભાર' ભરી હતી અને તેમનો આત્મવિશ્વાસ અજોડ હતો એમ કહીએ તો રખે કોઇને એમાં અતિશયોક્તિનો રણકારો લાગે.

બીજા ધર્મધુરંધર મુનિવર મુનિશ્રી જવાહરલાલજી હતા. સમાજના મોટાભાગના શ્રાવકો ઉપર એમનો સારો એવો પ્રભાવ હતો. એ મુનિશ્રીનાં કેટલાંક ન ઇચ્છવા યોગ્ય કૃત્યો ઉપર પ્રહાર કરતાં વા.મો. શાહે પાછું વાળી જોયું નહોતું તો એ મુનિવરે પણ વાડીલાલને

સતામણી કરવામાં જરાય પાછીપાની કરી નહોતી. બંને વચ્ચે વિરોધનો અખાત વધતો જવાનાં મૂળ ઘણાં ઊંડાં હતાં. વાત એમ હતી કે વાડીલાલ-ની પ્રેરણાથી સ્થપાયેલી "રતલામ જૈન ટ્રેનિંગ કૉલેજ" નામની સંસ્થામાં કેટલાક વિદ્યાર્થીઓ ત્યાં જ રહીને ધર્મનો અભ્યાસ કરતા હતા. સને ૧૯૧૦માં રતલામમાં પ્લેગનો ફેલાવો વધુ હોવાથી કૉલેજના વિદ્યાર્થીઓને ઈંદોર મોકલવામાં આવ્યા હતા. મારવાડી સ્થાનકવાસી સંપ્રદાયના આ જૈન મુનિવરનો ચાતુર્માસ આ અરસામાં ઈંદોરમાં હતો. સાધુઓની સત્સંગતિથી વિદ્યાર્થીઓને ધાર્મિક સંસ્કાર મળે એ હેતુથી કૉલેજના નિયમાનુસાર કેટલાક વિદ્યાર્થીઓ દરરોજ મહારાજશ્રીના દર્શન કરવા જતા હતા અને વિશેષતઃ તેઓ પોતાનો સમય શ્રી જવાહર-લાલજીના સાંનિધ્યમાં વ્યતીત કરતા હતા. કહેવાય છે કે આ સમાગમથી ગોકલદાસ નામના જામનગરના એક વિદ્યાર્થીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એણે એકદમ કૉલેજનો ત્યાગ કર્યો અને કૉલેજના લેણા પૈસા ચૂકવવાની પણ દરકાર બતાવી નહિ. કૉલેજના સેક્રેટરીએ પોતાની ફરજ અદા કરવા એ પૈસા ચૂકતે ભરપાઈ કરવાનો ગોકલદાસને આગ્રહ કર્યો. એના પ્રત્યુત્તરમાં મુનિશ્રીએ આપેલો ખુલાસો સેક્રેટરીના શબ્દોમાં જ સાંભળીએ કે : "મુનિશ્રી જવાહરલાલજી મહારાજને ગોકલદાससे रूपये लेनेको मना किया और कहा कि " वो संजम लेनेवाला है, सो यह धर्मका काम है, और कोलेज भी धार्मिक संस्था है वास्ते विद्यार्थीसे रूपये लेना वाजिब नहीं होगा.......................गोकलदासके तरफसे तुम्हें रूपये देना चाहिये. अगर ऐसा न करोगे और रूपये लेओगे तो तुमारे

કૉલેજકો નુકસાન પહુંચેગા.[45] મુનિશ્રીએ કૉલેજને જે નુકસાન પહોંચાડવાની વાત કરી તેનો અનુભવ ફક્ત બેજ દિવસમાં કૉલેજના સંચાલકોને થવા પામ્યો.

એ જ કૉલેજના બીજા ત્રણ વિદ્યાર્થીઓ, મોહનલાલ, ચુનિલાલ અને સોમચંદ તા.૯ નવેમ્બર ૧૯૧૦ના દિવસે કૉલેજમાં કોઇને પણ જાણ કર્યા વગર ત્યાંથી નાસી ગયા. તપાસ કરતાં ગોકલદાસને પૂછપરછ કરી પણ છોકરાઓની ભાળ મેળવવામાં સફળતા મળી નહિ. છેવટે મુનિશ્રીને પૂછયું તો જવાબ મળ્યો - "લડકોંકા હાલ હમકો માલૂમ નહીં, લેકિન ગોકલદાસસે તુમને રૂપયે લિયે ઉસકા યહ ફલ હૈ."[46] અત્યંત વિનંતિઓ બાદ મુનિએ ગોકલદાસને શિરનામું આપવા જણાવ્યું; પરંતુ ત્યાં શોધ કરતાં માલૂમ પડયું કે તે શિરનામું જૂઠું હતું. એ ત્રણ વિદ્યાર્થીઓની ભાળ ન મળી ત્યારે "જૈનસમાચાર" પત્રના એડિટર વાડીલાલને ઉપર્યુક્ત અહેવાલથી સંપૂર્ણપણે વાકેફ કરવામાં આવ્યા. કૉલેજના પ્રિન્સીપાલ મી.પ્રીતમલાલ કચ્છીએ જણાવ્યું કે " એ વાત ચોક્કસ છે કે પંદરપંદર વર્ષના તે વિદ્યાર્થીઓને આટલા થોડા વખતમાં બ્રહ્મજ્ઞાન થઇ જવું એ અશક્ય છે. આ ઉપર અમને પૂરેપૂરી શંકા રહે છે કે આ વિદ્યાર્થીઓને કોઇએ ભમાવ્યા છે."[47]

વા.મો.શાહને આવા સત્તાવાર સમાચાર પ્રાપ્ત થયા પછી એમને રાહ કોની જોવાની હોય ? "જૈનસમાચાર"ના પૃષ્ઠો પર એમણે

---

૪૫. "જૈનસમાચાર" : તા.૨૧ નવેમ્બર સને ૧૯૧૦ : પૃ.૩.
૪૬. એજન
૪૭. એજન : પૃ.૬.

ચમકાવી દીધુ કે – "આ ચાર વિદ્યાર્થીઓને કોઇપણ મુનિ દીક્ષા આપશે તો અમો કોર્ટના નિયમ અનુસાર તે વિદ્યાર્થીઓને પાછા ખેંચી લઇશું. અને તેઓના માબાપ પાસે મોકલી દઇશું..............."[૪૮] સાથે સાથે "જૈનસમાચાર"ના પૂરા છપાના ભરી ભાગી ગયેલા વિદ્યાર્થીઓને સમજાવવા તર્કબધ્ધ દલીલો રજૂ કરતાં એમણે કહ્યું કે :– " દીક્ષા લેવાના આશયથી તમે ચોરી કરો, નાસી જાઓ, જે જગાએ તમે ગયા જ નથી એવી જગાએ તમારા શુભેચ્છકોને દોડાવવા માટે ખોટા પત્રો લખો, માબાપ અને ગુરુને ત્રાસ આપો, આ સર્વ જે કાંઇ કરો તે ગુન્હા જ ગણાય. દીક્ષાનું ઉજળું નામ આ ગુન્હાને છુપાવી શકે નહિ. તમારાં હૃદય ઉપલા કૃત્યોના કાચથી દેખાઇ ગયાં છે. એ હૃદયમાં દીક્ષાના ગુણો છે કે નહિ તેની કસોટી, વગર પ્રયાસે થઇ ગઇ છે..........અને ખરેખર તમને દીક્ષા આપવા ઇચ્છનાર શખ્સ પણ મૂર્ખ જ હોવો જોઇએ; કારણકે તેને એટલું કુદરતી કાયદાનું ભાન નથી કે જેણે માબાપને રોવડાવ્યા તે ગુરુને કેમ નહિ રોવડાવે ? પરંતુ સબૂર, હું જ ભૂલ કરું છું પુત્ર–પુત્રીનો પરિવાર મૂકીને માનની લાલસાથી કે સોંઘી કિંમતે મળતા સ્વર્ગના લોભથી સાધુ થયા પછી પરિવારની મઝા જેને યાદ આવે છે તેવા સાધુઓને શિષ્યો રુપી પરિવારની એટલી તો લે [લગની] લાગે છે કે ઉચિતઅનુચિતનું ભાન તેમને રહેતું જ નથી."[૪૯]

ત્યારબાદ વા.મો.શાહ ખુદ મુનિશ્રી જવાહરલાલજીને મળ્યા પણ વિદ્યાર્થીઓને પાછા મેળવવામાં સફળતા લાધી નહિ. મુનિશ્રી સાથેની

---

૪૮. એજન : પૃ.૭–૮.
૪૯. એજન : પૃ.૯.

એમની વાતચીત અને અનુભવે એમને લખવાની ફરજ પાડી કે : "આ મહારાજ જે જવાહીર – હમણા જવારના દાણાથી પણ ઓછી કિંમતનું થઇ ગયું છે એવું આ જવાહર – ખુદ પોતાના જ અંધશ્રધ્ધાળુ ભકતોમાં પણ જે "નરકના અધિકારી" તરીકે નિંદનિક થઇ પડયા છે એવા આ "મહારાજાધિરાજ"– મોટાઇ અને ગુરુપદના લોભમાં પડી અનેક અપરાધો કરવા માટે આંખો બંધ કરનાર જવાહરલાલજી હવે હું એને મુનિશ્રી જવાહરલાલજી કોઇરીતે કહી શકું નહિ અને કહું તો વહેલો વહેલો નરકમાં પડું, આ જવાહરલાલજીએ મારા આગમન સંબંધી ખબરો આગળથી સાંભળ્યા હતા."[૫૦] આટલું કહી વા.મો.શાહ અટકયા નહોતા એમણે તો સાધુ-વર્ગનો પીછો પકડયો હતો. "જૈનસમાચાર"માં એક નાની જાહેરાત છાપી હતી કે :–

": પ્રત્યેક ગ્રામ કે જૈનોંકો અરજ":

મુનિ જવાહરલાલજી જહાં જહાં પર વિહાર કરે વહાં કે જૈનોંકો અરજ કી જાતી હૈ કિ વિહારકા ખબર હમે શીઘ્રમેવ લિખનેકી મહેરબાની કરે. ઉનકી પાસ ૩–૪ લડકે દીક્ષા લેનેકો આવે તો તારસે ખબર દેનેવાલેકો હમ તાર ખર્ચ દેંગે.

યદિ લડકોં વહાં પર આવે તો ઉનકો રોક કર તારસે ખબર દેનેસે આભાર માના જાયગા."[૫૧] ધર્મગુરુઓનાં દુષ્કૃત્યો સામે આટલી હદનો ઊહાપોહ જગાવવાની નૈતિક હિંમત વાડીલાલમાં હતી એ જોઇ નર્મદની યાદ તાજી થાય છે નર્મદને "જીવનભરનો જોધ્ધો"

---

૫૦. એજન, પૃ. ૧૨ બ.

૫૧. એજન, પૃ. ૧૨ બ.

કહીને શ્રી વિશ્વનાથ ભટ્ટે અને અન્ય વિવેચકોએ બિરદાવ્યા છે.[52] તે જ પ્રમાણે વા.મો.શાહને પણ "જીવનભરના જોધ્ધા" તરીકે સ્પષ્ટ સ્વરૂપે ઓળખાવી શકાય. વાડીલાલે એમના સુધારાના કાર્યોને વેગ આપવા એમના વિચાર, વાણી અને વર્તનની તીખાશ અને ઉગ્રતામાં કદી ઓટ અનુભવવા દીધી નથી. આપણે કહી શકીએ કે આપણા આવા આજીવન સુધારક વાડીલાલની બાદબાકી સમાજસુધારકોની યાદીમાંથી જો કરવામાં આવે તો આપણે આપણી નૈતિક જવાબદારીમાંથી સ્ખલિત થયા છીએ એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

મુનિશ્રી જવાહરલાલજી જેવા સાધુવર્ય સામે બાથ ભીડતા પહેલાં વા.મો.શાહે એ કાર્યના પરિણામ સહન કરવાની તૈયારી રાખવી જ પડી હતી. ઈંદોરવાળો પ્રસંગ તો હજુ વણઉકલ્યો જ હતો તેવામાં એમને એવા સમાચાર મળ્યા કે ટીકમચંદ તલેરા નામનો ૧૪-૧૫ વર્ષની ઉંમરનો છોકરો થાંદલા ગામથી એના બાપ પાસેથી નાસીને ઈંદોરમાં મુનિ જવાહરલાલજી પાસે વીસ દિવસ રહયો હતો,[53] ઉપરાઉપરી આવા બનાવો બનતા હોય અને વા.મો.શાહ મૌન સેવે એ તો શકય જ નહોતું. આ થાંદલાવાળા ટીકમચંદને તો વા.મો.શાહ પ્રત્યક્ષ ઓળખતા હતા. એ "જૈનસમાચાર" ઓફિસમાં બારેક મહિના અનુભવ લેવા રહયો હતો. એને દીક્ષા આપવાના હેતુથી ભગાડનાર સાધુને વા.મો.શાહે સ્પષ્ટ સૂચના આપી દીધી હતી કે :- "તેને કોઈ દીક્ષા આપશે તો હું તેને આખા જગતનો લૂંટારો - મહાદુષ્ટ -

---

૫૨. "વીરનર્મદ" : શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ : આઠમી આવૃત્તિ : સને ૧૯૭૦ : પૃ.૫૫.

૫૩. "જૈનસમાચાર" તા.૨૧ નવેમ્બર સને ૧૯૧૦ : પૃ.૧૨ ક.

અધમાધમ – ધૂર્ત – સ્વાર્થાંધ અને નરપિશાચ કહીશ............. જેની દરેક પ્રવૃત્તિ મારા જાણવામાં છે તેને એક "ચક્રમ"ની જગામાંથી પ્રમોશન આપી "મહારાજાધિરાજ શ્રી શ્રી ૧૦૦૫ શ્રી શ્રી" બનાવી દેવાય એ આ પત્રનો અધિપતિ કોઇ દિવસ સાંખી નહિ શકે. ચાહે આખા હિંદનો સંઘ એક થઇ જાય [જેમ કદી બને જ નહિ, કારણકે તેને દીક્ષા આપનાર જેવા બધા કંઇ મૂર્ખ ન હોય.] ચાહે મારા પર ખુદ રાજ્યનો જુલમ ઉતારવામાં આવે તોપણ હું આવું નિર્ઘૃણ કૃત્ય કરનારને– અને તેપણ આટઆટલી ચેતવણી આપવા છતાં કરનારને – કોઇરીતે જતો કરીશ નહિ. જૈન કોમમાં એક મહાભયંકર "વિગ્રહ" (Civil war) ઉત્પન્ન કરવો હોય તો ભલે એને દીક્ષા અપાય. એ વિગ્રહ અથવા જબરી લડાઇનું બધું પાપ, આર્ત્ત ધ્યાન અને રૌદ્રધ્યાનનાં સર્વનાં પાપની જોખમદારી તે દીક્ષા આપનારને જ શિર ગણાશે."[૫૪]

"જૈન ટ્રેનિંગ કોલેજ"ના વિદ્યાર્થીઓને ભાગવાનો રાહ ચીંધનાર પ્રથમ વિદ્યાર્થી ગોકલદાસને પ્રિન્સિપાલે પોલિસને સ્વાધીન કર્યો ત્યારે મુનિ જવાહરલાલજીએ સંઘને ઉદ્દેશીને કહ્યું હતું કે : " ધિક્કાર હૈ તુમ સાધુમાર્ગી લોગોંકો ! તુમને યહ બારવ્રતધારી સાધુ તુલ્ય શ્રાવકકો પુલિસમેં દિયા ઇસ લિયે ધિક્કાર હૈ તુમ લોગોંકો."[૫૫] આથી વિશેષ પોતાના ઉપર મૂકવામાં આવેલા આરોપના બચાવ અર્થે એમણે કંઇ કહ્યું નહિ, ફક્ત એટલું જ જણાવ્યું કે "હું શ્રાપ દઇશ." વાડીલાલે આ પ્રસંગ ખૂબ જ હાસ્યાસ્પદ સ્વરૂપે એ રીતે રજૂ કર્યો હતો કે :–

---

૫૪. "જૈનસમાચાર" તા. ૨૧ નવેમ્બર સને ૧૯૧૦ : પૃ. ૧૨ ક.
૫૫. એજન,

"વેશ્યાઓનો શરાપ નહિ લાગે તો પછી કોનો લાગશે ? દોડો, જૈનો, દોડો; ઝટપટ તમારા છોકરાઓ આવા સાધુઓના ચરણકમળમાં અર્પણ કરો, નહિ તો તેઓ તમને શરાપ આપીને બાળી મૂકશે.........
હવે આ મુનિ જો ખરેખર જ ઉપલા તહોમતમાં નિર્દોષ હોય તો મને આવતા શનિવાર પહેલાં ચકલી બનાવી દે અગર બાળીને ભસ્મ કરે નહિ તો બાળવાની વાતથી પણ હું દૂર રહીશ – સંસારી છતાં હું એવી નિર્દયતા પસંદ નહિ જ કરી શકું પણ હું તેને ચકલી બનાવવાની તો એક રીત જાણું છું."[૫૬]

ખૂબ જ લંબાવાયેલા આ પ્રસંગને ટૂંકામાં પૂર્ણ કરતાં કહી શકાય કે સદરહુ વિદ્યાર્થીઓમાંથી કોઇએ દીક્ષા લીધી નહિ – કોઇ દીક્ષા લઇ શક્યું નહિ અને તેઓ જુદા જુદા સ્થળે રખડીને છેવટે પોતાનાં માબાપ પાસે પહોંચી ગયા હતા. તે વિદ્યાર્થીઓમાંના એક ચુનિલાલ કલ્યાણજી કામદાર વા.મો.શાહની કામગીરીથી એટલા બધા પ્રભાવિત થયા હતા કે તેઓએ મુંબઇમાં આવીને રત્નચિંતામણિ જૈન પાઠશાળામાં ધાર્મિક શિક્ષક તરીકેનું કાર્ય વર્ષો સુધી બજાવ્યું હતું. વા.મો.શાહના દેહવિલય સમયે અપાયેલી અનેકાનેક અંજલિઓમાંની એક અંજલિ એ ચુનિલાલ કામદારે લખી હતી. અપદ્યાગદ્ય શૈલીમાં અર્પણ કરાયેલી એ અંજલિ અહીં રજૂ કરી છે:

નભમધ્યે સોહતો એક તારલો !
અચળ અને અણનમ,
દૃઢ અને નિશ્ચયી,

---

૫૬. અંજન : પૃ.૧૨ ક.

વીરતાની ખાણ, જાજવલ્યમાન દિવ્યમૂર્તિ,
મક્કમતાનો વીરકેસરી,
દેહે સૂકો પણ વિરાટ બુધ્ધિનો !
અણધાર્યો તે ઝગમગ્યો;
ખૂબ જ ગર્જના કરી,
કેમ જાણે વર્ષાના ધ્વનિ કેસરીનો કાળ બોલાવતા હોય !
ખૂબ જ વિકસ્યો,
જાણે ગુલાબની કરમાતી વખતની ફોરમ ફૂટી !
ખૂબ જ ઉછળ્યો,
જાણે પ્રલયકાળનો મહાસાગર ગૂંજી ઊઠયો !
એ તો વીરોની નિશાની આગામી.
મહાસમર્થોના "વિલાસ" માત્ર જ !
"જૈનજગતનો" એ હતો "આત્મા";
"જૈન ગાડરોમાં" ગર્જતો "સિંહ",
શાન્ત આકાશનો ધ્રુજાવનાર મેઘ,
એ કોણ ?
અખંડ તત્ત્વવિચારક વા.મો.શાહ !
"મહાવીર મિશનનો પ્રણેતા !
એના ઝરતા પુષ્પો એટલે ?
"ઐક્ય અને સમભાવમાં જ જીવો."
"જૈન ધર્મ છે છે, કોઇ જાતિ નથી."
"વીરને બંધન શા ? વીર્યશાળીને પ્રતિબંધ શા ?"
"સ્થા. દેરા. દિગં. ના ભૂત શા ?"

બધા જ જૈન ! બધા જ મુક્તિપ્રેમી.
"સૂક્ષ્મ ને સ્થૂલ ઉપમા આથી,
ધર્મનાશક પાણીપતના મેદાન શા ?"
"સત્ય, નગ્નસત્યમાંજ સ્વર્ગ છે."
"બકરાઓની પરવા શી ?"
"સિંહને સતાવવાની કોની શક્તિ છે ?"
"સિંહ બનો, ગર્જો, વર્ષો !"
"અવ્યાબાધ શાંતિ સ્વાતંત્ર્યમાં છે
ગુલામીમાં નહિ.
"ગુલામ જગતની પરવા ન કરો."
"કોઇ રામદાસ, ગોરખનાથ અને ગૌતમની
સનાથ મસ્તીમાં મહાલતા શીખો."
"વિલાસે, કવચિત, તેજ વીર,
વિષયે, લોલુપ્તિમાં, તે જ ગુલામ."
આવા તો અનેક ઝરણાં અર્પ્યાં.
પણ ...... પીનાર ક્યાં ?
..........કિંમત ભરનાર ક્યાં ?
"પીનાર"ને "ભરનાર" તો કોઇ વીરલા જ મળે.
"વિલાસી, આનંદી, મસ્તી ખેલી,
ચમકી, ચમકાવી, એ ઝળહળતો,
તારો આખરે ખરી પડ્યો.
જગત તેનું તેજ ન નિહાળી શકી.
માનુષી શક્તિ તેના વિલાસને ન પીછાની શકી.[૫૭]

---

૫૭. "સ્વ. વા. મો. શાહને અંજલિ" : "જૈનપ્રકાશ" : તા. ૧૩-૧૨-૧૯૩૧
અર્પનાર : ચુનીલાલ કલ્યાણજી કામદાર.

સાધુદીક્ષા નિમિત્તે ઉપર્યુક્ત વિદ્યાર્થીઓને ભરમાવવાના પ્રસંગનો અહીં અંત આવી ગયો. પરંતુ એ દુઃખદાયક પ્રસંગના જે દૂરગામી પરિણામ આવ્યા તે ધડો લેવા જેવા ગણાય. વાડીલાલે બજાવેલી એ ધર્મસેવા અને સમાજસેવા અંગેની કામગીરીથી તેજોવધ પામેલા પરંતુ મુનિશ્રી જવાહરલાલજીથી પ્રભાવિત થયેલા અંધશ્રધ્ધાળુ ભાવિક વર્ગે અને એ મહારાજ-શ્રીને માનનારા મૂડીવાદીઓએ વા.મો.શાહ ઉપર વેર વાળવા માટે સિકંદરાબાદ અધિવેશનમાં વાડીલાલનો સામાજિક બહિષ્કાર કરવાનું વિચાર્યું હતું એ પ્રસંગને વાડીલાલે કેવી રીતે વધાવી લીધો તેને લગતી તફસીલ પ્રસ્તુત નિબંધના "જીવનઘડતર" શીર્ષકવાળા પેટાપ્રકરણમાં આવી જાય છે.[૫૮]

મુનિવર્ય શ્રી જવાહરલાલજી સંબંધી બનવા પામેલા આ કપરા પ્રસંગ ઉપરથી મુનિશ્રીને જે અનુભવજ્ઞાન ઉત્પન્ન થયું હતું તેનું એક જ્વલંત દૃષ્ટાંત જો રજૂ કરવામાં ન આવે તો આ નોંધ ઊણપવાળી ગણાય. સને ૧૯૨૭ માં વાડીલાલ બિકાનેર કોન્ફ.ના સભાપતિ તરીકે ચૂંટાઇને બિકાનેર પહોંચ્યા તે પછી બીજે દિવસે ત્યાં એટલે બિકાનેરથી એક માઇલ દૂર આવેલા ભીનાસરમાં ચાતુર્માસ નિમિત્તે રહેલા મુનિશ્રી જવાહરલાલજીના વ્યાખ્યાનમાં તેમણે હાજરી આપી હતી. તે વખતે મહારાજશ્રીએ તેમનો પરિચય આપતાં કહ્યું હતું કે : " આજે મારું વ્યાખ્યાન હું બંધ કરું છું અને એક વધુ જ્ઞાની પુરુષ જે હાજર થયા છે તેઓ આપણને ધર્મસંબંધી વાતો કરે એવી વિનંતિ કરું છું. તેઓ એવી વ્યક્તિ છે કે જેને માટે આપણે આપણી ચામડીના જોડા સીવડાવીને

---

૫૮. પ્રસ્તુત મહાનિબંધ : પૃ. ૯૭. ૬૬-૬૭

પહેરાવીએ તો પણ ઋણ અદા થઇ શકે નહિ."[૫૯] ત્યારપછી વા.મો. શાહે ધર્મ અને કોન્ફરન્સ સંબંધી સચોટ પેગામ દોઢ કલાક સુધી રજૂ કર્યો હતો. એ બંને સમાજનાયકોનો ભેટો ત્યારબાદ થયો હોય એવું જાણવામાં આવતું નથી.

બીજીબાજુએ બાળદીક્ષાને લગતો એક પ્રસંગ ખૂબ જ વિસ્મયકારક હતો. કોઇની આઠ વર્ષની દીકરીને દીક્ષા અપાવવા અજમેરના એક શેઠ તૈયાર થયા હતા. તે છોકરીને સમજાવવાની હામ વાડીલાલના દસ યુવાન શિષ્યોએ ભીડી હતી. એ યુવાનોએ શેઠ સામે કોર્ટમાં કેસ કર્યો હતો. એ અંગે થોડી જરૂરી માહિતી મેળવવા વા.મો.શાહ મુનિવર શ્રી છોટાલાલજીને પત્ર લખી પૂછાવ્યું હતું કે :- " તમારી પાસે શાસ્ત્ર [સૂત્ર તેમજ ગ્રંથ] ના પુરાવા હોય તે તપાસ કરી કોઇ બીજા સાધુને પૂછી - પાઠ- અર્થ સાથે તાકીદે મોકલશો."[૬૦] એ બાલિકા મારવાડની હતી, જ્યાં સમાજસેવકોના અથાગ પ્રયત્નોને પરિણામે તા. ૧ લી માર્ચ ૧૯૧૩ થી આખા રાજ્ય માટે એવો કાયદો થયો હતો કે "૨૧ વર્ષની ઉંમર થવા પહેલા જો કોઇ દીક્ષા લેશે તો તેવી દીક્ષા આપનારને રૂ.૧૦૦૦ સુધીનો દંડ અને છ માસની કેદની સજા કરવામાં આવશે." માટે જોધપુરમાં આ બાલકીને દીક્ષા અપાવવામાં તેઓ ન ફાવ્યા ત્યારે બ્રિટિશ હદમાં આવેલા અજમેર શહેરમાં જઇને રાતોરાત દીક્ષાવિધિ પતાવી દીધી હતી. અને વા.મો.શાહે નિષ્ક્રિય મૌન પ્રેક્ષકનો પાઠ ભજવવો પડયો હતો.[૬૧]

---

૫૯. શ્રી ત્રિભુવન હેમાણી સાથેના વાર્તાલાપમાંથી,
૬૦. તા.૨૮-૬-૧૯૧૩ નો અંગત અપ્રગટપત્ર - અપ્રગટપત્રોની ફાઇલમાંથી
૬૧. "જૈ.હિ." સને ૧૯૧૩ : માર્ચ : પૃ. ૧૩૩-૧૩૭.

આ પ્રસંગ બન્યા પછી સને ૧૯૧૩ માં "દીક્ષા કોને આપી શકાય ?" એવો એક વિસ્તૃત લેખ વાડીલાલે પ્રસિધ્ધ કર્યો હતો. એ લખાણનો સાર એ હતો કે દીક્ષાનો ઉમેદવાર ગુણી હોવો જોઇએ – ભલે એનામાં – ગુરુમાં હોય તે કરતાં વધારે ગુણો ન હોય, પણ હૃદયના ઊંચાગુણો અને તીક્ષ્ણ વિચારશકિત અથવા મનના ગુણ : એમ બંનેની હયાતી હોય તો જ તે દીક્ષા આપવાને યોગ્ય ગણાય. દીક્ષિત મનુષ્યે જૈનશાસ્ત્રાનુસાર બડબડાટ કર્યા વગર પરીસહ સહન કરવા જ જોઇએ જેવાકે – ભૂખ તરસ વેઠવી, ટાઢ તડકો સહન કરવો, માર ખમવો, ડાંસમચ્છરના ડંખ સહન કરવા ગંદવાડ કે દરદ માટે કાંઇ ખર્ચ કરવો નહિ, નિર્દોષ [સ્વાદ વગરનો] આહાર લેવો, અને મર્યાદાથી મૂર્છા વગર [લહેજતવગર] ખાવો. આવા કઠિન પરીસહ પાળવા તે ખાંડાની ધારપર ચાલવા બરાબર છે. સંસારનાં સુખો માણ્યાબાદ વેરાગી બનેલા સાધુઓ માટે આ પરીસહોનું પાલન કરવું દુષ્કર છે તો નાનાં નાનાં બાળકો જેમણે સંસારનાં સુખ અનુભવ્યાં નથી તેમને ઉપાડી જઇ ધર્મમાં સાધુઓની સંખ્યા વધારવાના હેતુથી બળજબરીથી દીક્ષા આપી દેવામાં આવે તો એવા બનાવટી સાધુઓ જેમને અંતરથી વૈરાગ્ય ઉપજ્યો જ નથી તેઓ ધર્મના સિધ્ધાંતનું આચરણ કરવામાં શિથિલ બને તો એમાં એમનો શું વાંક ? ગુરુએ એવા ઉમેદવારને દીક્ષા આપવાનો આગ્રહ રાખવો જોઇએ જે એના નામને અને ધર્મને લાંછન ન લગાડે. કૃત્રિમ વૈરાગ્ય ઉત્પન્ન કરાવનારા સાધુઓ પોતાના પ્રયોગોમાં નિષ્ફળ નીવડે છે. વા. મો. શાહે આ પ્રશ્નની ચર્ચા ઉપર્યુક્ત લેખોમાં સવિગત કરી છે. બાળદીક્ષાના પ્રતિબંધ માટે પહેલ કરનાર એ વાડીલાલ શાહે જ આપેલા એક દૃષ્ટાંતનો સાર ટૂંકમાં જોઇએ:–

મોણશી નામના એક કાચી ઉંમરના બાળકને મોરબીમાં દીક્ષા અપાઇ ગઇ. મોણશી અને એના સગાસંબંધીની ઇચ્છાવિરુધ્ધ દીક્ષાવિધિની ક્રિયા ચાલતી હતી એટલે તે પ્રસંગે બધાની આંખમાં આંસુ હતાં. મોણશી અને બાકીનાં બધાને રડતાં રહેવા દઇ દીક્ષાના પાઠ ગળડાવી જવામાં આવ્યા. સંસારનાં સુખોને તરછોડી દેહદમન કરવાના વિકટ પથ પર ચાલવાની મહેચ્છા તો કોઇ વિરલામાં જ હોય. ઉપર્યુક્ત પ્રસંગથી પ્રજા, અધિકારીઓ અને નામદાર ઠાકોર સાહેબ સર વાઘજી -" એ બધાને દુઃખ થયું. પરિણામે નામદાર મોરબી ઠાકોરે તે જ સમયથી કાયદો કર્યો કે "આ શહેરમાં કોઇને દીક્ષા જ ન દેવી". એ શહેરમાં જૈનો ઘણી મોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવતા હતા ત્યાં આ કાયદો થયો તેથી સાચા ત્યાગીને માટે પણ દીક્ષા લેવાનાં દ્વાર બંધ થઇ ગયાં. આ મોણશી સાધુ તો બન્યો પણ સાધુનાં લક્ષણોના આચરણમાં એણે શિથિલતા વ્યક્ત કરી, રંગરાગમાં ફસાયોઅને રોગગ્રસ્ત થઇ રીબાઇને મરણ પામ્યો.[૬૨] પરંતુ દીક્ષા પ્રતિબંધક કાયદો બેક દાયકા સુધી અસ્તિત્વમાં રહયો હતો ત્યાર પછી મુનિશ્રી નાનચંદજીએ એ મોરબી શહેરમાં રીતસરની પરવાનગી મેળવીને મુનિ સંતબાલજીને દીક્ષા આપી હતી તે નોંધ પાત્ર છે.

બાળદીક્ષાના આવા ભયંકર પરિણામો વારંવાર નિહાળવા છતાં જૈન સમાજ જાગૃત થતો નહોતો. જોધપુર રાજ્યે "નાની ઉંમરના બાળકોને કોઇપણ સાધુ દીક્ષા ન આપી શકે" એવો કાયદો કર્યો ત્યારે સ્થા. જૈનોએ જ એનો પ્રથમ વિરોધ નોંધાવ્યો હતો. સ્થા.

---

૬૨. જૈ. હિ. ૧૯૧૩, જુલાઇ-ઓગષ્ટ : પૃ. ૩૮૦ - ૩૮૧

જૈનોને જ આ ધર્મદાઝ સૂઝી અને બીજા કોઇ ધર્મને એ ધારો નઠતરરૂપ ન લાગ્યો તેથી વાડીલાલે ખૂબ દુઃખ વ્યકત કર્યું અને સ્થા. જૈનોની ઢોંગીલી ધર્મદાઝને અભિનંદન આપ્યાં.[63]

એવો જ એક બીજો કિસ્સો બન્યો હતો જેને માટે એક ભલા સાધુજીએ એક કામાંધ સાધુ-સાધ્વીની વિષયલંપટતા સંબંધી વાત રજૂ કરી હતી પરંતુ એ સમયે એટલે સને ૧૯૧૯ માં વા. મો. શાહે સ્થા. સંપ્રદાયવાદનો અંચળો અળગો કરી દીધો હોવાથી તે તરફ કંઇ ધ્યાન આપ્યું નહોતું. પરંતુ તેર મહિના પછી તેમનાથી રહેવાયું નહિ એટલે યોગ્ય પ્રાસ્તાવિક રજૂ કરીને "અરેરે ! ગજબ થઇ ગયો ! ........... પણ કર્યો કોણે ? " એ શીર્ષક નીચે તેમણે તેમના સામયિક પત્રમાં એ વાત રજૂ કરી દીધી હતી. તેને માટે કંઇપણ ટીકાટિપ્પણી કર્યા વગર માત્ર હકીકત રૂપે તે બાબત રજૂ કરી છે: " મહારાજનો મુકામ હતો ધાધલપુરમાં અને મહારાણીજીનો પવિત્ર મુકામ હતો પીંપરાળીમાં બંને "ધામ" વચ્ચે અંતર છે દોઢ ગાઉનું. બંને પવિત્ર વ્યક્તિઓ સવારે દિશા ફરાગત માટે બંને ધામના મધ્યસ્થળે મળતી અને રાસલીલા રમતી. એક દિવસ એ ગુપ્ત રાસલીલા ખુલ્લી થઇ ગઇ – એટલે મહારાજા શ્રી ત્યાંથી બારોબાર સુદામડે ઉપડી ગયા. મહારાણીજીને ઠપકો મળ્યો અને અમુક ગામમાં ચાતુર્માસ નહિ રાખવાનો ઠરાવ સંભળાવવામાં આવ્યો, એટલે લાધણ શરૂ થઇ ! પેલા મહારાજાને કોઇ કહેવા જાય છે તો તે અને તેના ગુરૂ લોકોને ચકલી કરી ઉડાડી મૂકવાનો ભય બતાવે છે !

---

૬૩. એજન : ૧૯૧૩ , જુલાઇ-ઓગષ્ટ : પૃ. ૩૮૦.

હું કબૂલ કરીશ કે ગજબ થયો એ વાત તો તદ્દન સાચી, પણ ગજબ કર્યો કોણે ? એમાં એ સાધુ અને સાધ્વીનો દોષ નજીવો જ છે: જો તેઓએ શ્વેત વસ્ત્ર ન પહેર્યાં હોત તો આવાં હજાર કૃત્ય કરતાં ફરત અને કોઇનું ધ્યાન પણ ન ખેંચાવા પામત. દુનિયામાં હજારો વ્યભિચાર ચાલ્યા કરે છે આ બિચારાં પાત્રોને તો એક સ્વાર્થી ગુરુદેવે લલચાવીને વસ્ત્ર પહેરાવ્યાં, વરરાજાની માફક એમને દીક્ષા આપવા પહેલાં સારાં ખાનપાન, માનપાન અને ધૂમધામનો સ્વાદ ચખાડી કહ્યું કે હજી તો દીક્ષા દૂર છે એટલામાં આવાં સુખ મળે છે તો દીક્ષાકુમારી સાથે હસ્તમેળાપ થયા બાદ તો રાગરંગનું પૂછવું જ શું ? ગુરૂ સગવડ કરી આપે તો ઠીક છે, નહિ તો છેવટે ચેલાએ પોતે તકલીફ લઇને ધાંધલપુરની ધાંધલ જેવો કોઇ માર્ગ કરી લેવો પડે. આમાં ચેલા-ચેલીની વર્તણૂક આશ્ચર્ય પામવા જેવી નથી. પણ આવી દીક્ષા આપવામાં આગેવાની કરનાર અને મદદ કરનાર ગુરૂ અને સંઘના મૂર્ખ લોકોની ફરિયાદ જ આશ્ચર્ય પામવા જેવી ગણાય. પ્રથમ તો આવા ગુરૂઓને મુશ્કેટાટ બાંધી ચાબૂકથી માર પાડવો જોઇએ છે કે જેથી તેઓ વ્યભિચારની સેના વધારવાનું ભૂલી જાય. બાકી માત્ર ઠપકાથી અને છાપામાં તિરસ્કાર કરવાથી દહાડો વળે એમ હવે તો રહ્યું નથી. ચૌદમા રત્ન સિવાય બીજો રસ્તો નથી. એક ઓછો અસરકારક માર્ગ એ છે કે તમામ જૈનોએ જો કે જૈનો કોઇ પણ બાબતમાં સંપ કરી શકે એ હું માની શકતો નથી પોતાની પુત્રી, બહેન, પત્ની, ઇત્યાદિ સર્વ/સ્ત્રીવર્ગને કોઇ પણ સાધુ પાસે જવાની સદંતર મના કરવી. સાધુવર્ગનો મોટો ભાગ ચોથા વ્રતની બાબતમાં દોષિત છે એમ હું ઘણા વર્ષોના અનુભવથી જાણું છું અને જે નાનો ભાગ પવિત્ર છે તે પણ જ્યારે પાપીઓના પાપે ત્યજાશે ત્યારે

તેઓ પોતે જ ટટ્ટાર થઇ સાધુવર્ગમાંથી સડો દૂર કરવા અને નવો કચરો ન આવવા પામે એવું બંધારણ કરવા તૈયાર થશે.[૬૪]

દીક્ષા લઇ સાધુધર્મ અંગીકાર કરતાં પહેલાં વડીલોની આજ્ઞા મેળવવી જ જોઇએ એવું શાસ્ત્રમાં લખ્યું હોવાથી વડીલોની આજ્ઞા મેળવવામાં પણ હીનતા આચરવામાં આવતી. પૈસાદારો તો પોતાના બાળકોને દીક્ષા લેવા દે જ નહિ અને ધર્મમાં સાધુઓ વગર પણ ચાલે નહિ તેથી ગરીબોને ઘેર કેટલાક આગેવાનો જઇને સમજાવે અને પૈસા આપે, એ પૈસાની લાલચ અને લોભને વશ થઇ ગરીબો પોતાનાં બાળકો વેચે. જેમ પૈસા ખાતર જ ગરીબો પોતાની કુમળી કન્યાઓને ઘરડા ખચ્ચર જેવા ધનિકોને વેચતાં અચકાતા નહોતાં તેમ બાળકો પણ સાધુ બનાવવા માટે વેચાતાં હતાં. આમાં વિરાગ કે ત્યાગની ભાવનાને સ્થાન જ ક્યાં હતું ? આવી રીતે વેચાતા લઇને સાધુ બનાવાયેલાઓને વાડીલાલે ચાબખા લગાવતાં કહ્યું છે કે " આ પ્રમાણે ગરીબમાં ગરીબ ઘરનાં બાળકો જ અમારા પૈકીના શ્રીમંતોના તેમજ વિદ્વાનોના "મહારાજા" અને "સફરી જહાજ" બનવા પામે છે ! શ્રીમંત તો પૈસા ખાતર છોકરાને વેચે નહિ, તેમ વળી પુત્રપ્રેમ નાના પુત્રને રાજીખુશીથી વેગળો પણ થવા દે નહિ; એટલે શ્રીમંતનાં નાનાં છોકરાં તો સાધુ થવા પામે જ નહિ. માત્ર ખોડાઢોર જેવા લોકોનાં જ નાનાં છોકરાં અમારા "મહારાજા" બની શકે અને બને છે !"[૬૫] આવા થઇ બેઠેલા ધર્મોધ્ધારક સાધુઓમાં સાધુપણું જ ન હોય તો સામાન્ય પ્રજામાં

---

૬૪. જૈ. હિ. સને ૧૯૨૦ : સપ્ટેમ્બર : પૃ. ૧૫૫-૫૬

૬૫. જૈ. હિ. સને ૧૯૧૩ : ઓગષ્ટ : પૃ. ૩૮૨.

સદ્ગુણોનું સિંચન કર્યાથી થાય ? જ્ઞાની ધર્મગુરુ જ ધર્મનો સાચો ઉપદેશ કરી શકે માટે સૌથી પ્રથમ તો સાધુઓને માટે જ શાસ્ત્રાભ્યાસની આવશ્યકતા હતી. સાધુઓને આ પ્રકારનું શિક્ષણ આપવા ઠેરઠેર સાધુશાળાઓની સ્થાપના કરવાનું સૂચન વા.મો.શાહે કર્યું હતું. એ સાધુશાળાઓ સ્થાપવા માટે પૈસાની જરૂર તો પડે જ, પણ એ પૈસા આપવાની પહેલ કોણ કરે ? નાતવરા અને મરણોત્તરક્રિયામાં શ્રીમંતો ધનનો ઉપયોગ છૂટથી કરી શકતા હતા પણ સત્કાર્યોમાં દાન આપતાં એમને સંકોચ થતો હતો. શ્રીમંતોનો એ સંકોચ દૂર કરવા વાડીલાલે શ્રીમંતોના યુવાન દીકરાઓને ચેતવણી આપવાનું ઉચિત માન્યું. તેમણે કહ્યું કે : " શ્રીમંતના પુત્રો ! તમે પહેલાં જાગો – તમારા માબાપને "સામ" થતા અટકાવો. તમારા માબાપને "મરવા" ન દેતાં – કીર્તિ વડે "અમર" બનાવો પચાસ હજાર રૂપૈડી ! શું હજારો – લાખો જૈનોએ થઇને પચાસ હજાર રૂપૈડી અને તે પણ સૌથી જરૂરીમાં જરૂરી એવું ખાતું ખોલવા માટે એકઠી કરવી તે મુશ્કેલ છે ? અને તે જો મુશ્કેલ હોય તો તમો સર્વ માટે મોક્ષપદ અસંભવિત જ છે. દાન – શીલ – તપ અને ભાવના એ ચારમાં પહેલો કિલ્લો જ તમે હજી હાથ કરી શકયા નથી તો અંદરના ચોથા કિલ્લાની વાતો તમારાથી કેટલીય વેગળી છે ! ઊઠો; એક પછી એક કિલ્લાઓ હાથ કરો. ધર્મયુદ્ધમાં મહા–વીરનું નામ ગજાવો. સાધુશાળા સ્થાપો, અને એકપણ સાધુને અજ્ઞાન ન રહેવા દો ; એકપણ અજ્ઞાનને સાધુ ન બનવા દો. સાધુસંસ્થા કંઇ ભૂખેમરતાને પાળવાનું ખાતું નથી. એ કંઇ "આશ્રમ" નથી. તમારી લક્ષ્મી તમારા એકલાના જ સુખ માટે વપરાય તે કરતાં લાખોને સુખ

આપી શકે એવા સાધુવર્ગને ઉત્તમ બનાવવાના રસ્તે વપરાય તો તમે કેવા ભાગ્યશાળી ! એટલોજ વિચાર કરો, એટલોજ ખયાલ કરો અને પછી કાંઈક કરવાનો નિશ્ચય કરો."[૬૬] અજ્ઞાનસાધુ જનતાને ખૂબજ વિઘાતક નીવડી શકે છે અને એ પોતાની અજ્ઞાનતા પર ઢાંકપિછોડા કરવા હીનતા પણ આચરી શકે છે.

આજન્મ બ્રહ્મચર્યવ્રત ધારણ કરનાર સાધુ – સાધ્વીઓના ચારિત્ર્યનું સ્ખલન વા.મો.શાહે સૂક્ષ્મતાથી નિહાળ્યું હતું. માળવામાં એક સાધ્વી પડોશના લોકરને લઈને નાસી ગયાના સમાચાર મળ્યા હતા,[૬૭] તો કચ્છમાં કાંડાકરા ગામમાં ચાતુર્માસ ગાળવા રહેલા એક સાધુએ એક વિધવા બાઈને ફસાવી હતી અને તેને બાળક થયા બાદ પોતાના નામને કલંક ન લાગે માટે રખડતી મૂકી દીધી હતી. આ "સાધુને શિક્ષા કરવા તેના ગુરુને વિનંતિ કરતાં તે પણ એને દોષિત જાહેર કરવા તૈયાર નહોતા. વા.મો.શાહે આ પ્રસંગને લગતા કેટલાક પત્રો પ્રગટ કરી તેને સવિસ્તર જાહેરમાં મૂક્યો છે.[૬૮]

કુસાધુઓને જાહેરમાં લાવવા જૈનસમાજ અને સાધુવર્ગ બંનેની આંખો ઉઘાડવા માટે વા.મો.શાહે આવા આવા અનેક સાધુઓને છંછેડયા હતા અને તેમનો કેટલીકવાર પ્રત્યક્ષ તેમજ કેટલીકવાર પરોક્ષ વિરોધ વહોરી લીધો હતો. જેવું વર્તન કેટલાક ધર્મગુરુઓ આચરતા હતા એવું ધર્મશાસ્ત્રોએ કદી કહ્યું નથી, આને ધર્મ કહેવાય જ નહિ

---

૬૬. જૈ.હિ. સને ૧૯૦૭ : માર્ચ પૃ.૩૪૨.
૬૭. શ્રી વ્રિ.વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનો સંસારસુધારો"– પૃ.૧૯૨.
૬૮. "જૈ.હિ." : સને ૧૯૧૬ : ઓગષ્ટ : પૃ.૧૫૯ થી ૧૬૮ "ઢાંકપિછોડો ક્યાં સુધી કરશો" શીર્ષકવાળો લેખ.

અને ધર્મગુરુઓ આવા હોય જ નહિ એમ વા.મો.શાહે ડિંડિમ વગાડી કહેવા માંડયું હતું અને ધર્મગુરુઓમાં સંપૂર્ણ વિશ્વાસ ન રાખતાં એમના ગુણદોષોનું તટસ્થપણે અવલોકન કર્યા બાદ જ તેમને સમાજમાં યથાયોગ્ય સ્થાન આપવા જનતાને અનુરોધ કર્યો હતો. કોઇક કોઇકવાર તો વાડીલાલે કોથળામાં પાંચશેરી રાખીને ચાબખા લગાવ્યા હતા, તો કયારેક સુંદર મીઠીવાણીના ઊંડાણમાં એમની સખત ટીકાને સમાવી હતી. આવી કટાક્ષવાણીનો એક નમૂનો આ રહયો:- "અમારા મુનિવરો ! તમારો "ભાઇ" કહે છે તેમ, "ઉપદેશક" પદ લેવામાં શું કરવા ઉતાવળ કરો છો ? જો તમારામાં ઉપદેશશકિત સ્વભાવથી જ હોય તો ઘણી સારી વાત છે, નહિ તો અભ્યાસથી તે શકિત મેળવ્યા પહેલાં અગડમ બગડમ ગોટા શું કરવા વાળો છો ? સ્વમત અને પરમતનાં ધર્મશાસ્ત્રો વાંચો-વિચારો-તત્ત્વ એકઠું કરો અને પછી જ "ઉપદેશક" બનવા કૃપા કરો. "સાધુ" શબ્દનો અર્થ "ઉપદેશક" નથી. બન્નેનાં કર્તવ્યો ભિન્ન છે..............અમારા મુનિવરો ! "મ્હારા અપાસરે જ આવવું" અને "મને જ ગુરુ ધારવો" એવો ઉપદેશ હવે કયાં સુધી કરશો ? વાડામાં વાડા અને તેમાં ઉપવાડા અને તેમાં વળી વાડા વધારી અશુચિ શામાટે વધારો છો ? એકેક બોલના ફેરફાર માટે શું કરવા જુદા પડો છો ?"[૬૯]

કેટલાય સાધુઓ શાસ્ત્રોના જ્ઞાનના અભાવે પોતાના કર્તવ્યમાંથી ચળતા હતા. સાધુઓએ કયા પ્રસંગે ઉપદેશ કરવો અને કયા પ્રસંગે મૌન ધારણ કરવું, કયા પ્રસંગે શ્રાવકોને કાર્ય કરવાની મના કરવી અને

૬૯. "જૈ. હિ." સને ૧૯૦૭ સપ્ટેમ્બર : પૃ. ૧૯૮.

અવળે માર્ગે જતું શ્રીમંતોનું ધન શીરીતે સત્કૃત્યોમાં વપરાવવું એ તો મોટાભાગના સાધુઓને આવડતું જ નહોતું. વા.મો.શાહે ગુસ્સાથી કહ્યું હતું કે : " એમને આ નાતો જમાડનારનું અન્ન ખાતાં આંખમાંથી આંસુ આવતાં નથી. એમને આ ધર્મદ્રોહીઓની વંદણા સ્વીકારતાં, એમના દોષિત મ્હોં જોતાં વિચાર થતો નથી. ![70] આ બધા ધર્મના ઇજારદારો ધર્મનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરવા તત્પર બન્યા હતા. પણ બને જ ને ! બળાત્કારે સાધુ બનાવાયેલા બાળકો ભક્ષક જ બને, સમાજના તારણહાર શીરીતે બની શકે ? કુસાધુઓમાં કદી વિશ્વાસ નહીં મૂકવાનો જનસમાજને વારંવાર ઇનકાર કરી સમાજના ઉત્કર્ષને ખાતર વા.મો.શાહે પોતાની જિંદગી ઘણીવાર હોડમાં મૂકી હતી. એમણે સમાજોધ્ધારના ઉદ્દિષ્ટને હાસલ કરવા પોતાના વ્યક્તિગત સુખને તિલાંજલિ આપી હતી. ઉગ્રતાથી, ગુસ્સાથી, કટુવાણીમાં વારંવાર બખાળા કાઢી શ્રીમંતો અને સાધુઓ દ્વારા નિર્વીર્ય બનાવાતા જૈનસમાજને ઉગારી લેવાનો નિર્ધાર કર્યો હતો. એમનું ધ્યેય શુધ્ધ હતું. ધ્યેયને હાસલ કરવાનો એમનો માર્ગ પણ શુધ્ધ હતો. ફકત એમની અતિશય ઉગ્રતાએ, અસહ્ય વાગ્ધારાએ સમાજ પાસે એમનો અનાદર કરાવ્યો. તે સમયના બીજા બધા સુધારકોની માફક જો એમણે સૌમ્યતાથી સમાજોન્નતિનું કાર્ય ઉપાડયું હોત તો કદાચ જૈનસમાજે એમને વધાવી લીધા હોત. પરંતુ એમને તો કહેવું હતું કે : - "હિચકારી પ્રકૃતિ હમેશ ઉચ્ચતમ ફિલસૂફીને પણ હિચકારું સ્વરૂપ જ આપે છે : આ માત્ર કુદરતનો કાનૂન છે, ધર્મનો એમાં શું દોષ છે ? હું, ઇચ્છું છું કે આવા લોકોને - આવી

---

૭૦. "જૈ.હિ." : સને ૧૯૦૮ : જાન્યુઆરી : પૃ. ૩૦૦.

"ધર્મની" પૂછડીઓને લૂંટારા, ધાડપાડુઓ અને જુલમી રાજાઓના પ્રસંગ મળે અને એમાંથી તેઓ નવું અને ખરું શિક્ષણ પામે ! જૈનો ઠભી નથી એમ જો કોઇ હિંમતથી કહેવા બહાર પડે તો એના જવાબમાં એક નહિ પણ અગ્યારસો દાખલા આપવા તૈયાર છું.........જૈનો ઉપર હું છાસવારે ને છાસવારે બખાળા કાઢું છું તે અમસ્થા જ કાઢું છું એમ કયો વિચારવાન મનુષ્ય છાતી પર હાથ મૂકીને કહી શકશે ?"[૭૧] આવું કહેનારનો જૈનો અનાદર કરે એ સ્વાભાવિક છે.

અતિશય લાગણીપ્રધાન વ્યકિતને જો પોતાના પુરુષાર્થનું પરિણામ સારું જોવા ન મળે તો તેના જીવનમાં ઘોર નિરાશા વ્યાપી જાય છે. વા.મો.શાહને પણ અંતે એવીજ ઘોર નિરાશાએ ઘેરી લીધા. એમને એ વાતનો અફસોસ થયો કે આખી જિંદગી જેમને સુધારવા ન્યોછાવર કરી દીધી તેમણે એમની જરાય કદર ન કરી ! જીવનની ઉત્તરાવસ્થામાં સમાજે કરેલો અનાદર એમને અસહ્ય થઇ પડયો છેવટે ક્રોધિત થઇ એમણે શાપની વાણી ઉચ્ચારી કે :- "અધ્યાસોના - પાપોના - દળિયાં હિંદી માનસમાં એટલા જામી ગયાં છે કે, મને તે દળિયામાંથી અંશે છૂટતાં ૩૫ વર્ષ મનનરૂપી તપમાં ગાળવાં પડયાં. મેં જે અનુભવ આજે વગર સહાયે મેળવ્યો તે હું બીજાને છ માસમાં આપી શકું. મને એવો કોઇ ૧૭ વર્ષની વયે મળ્યો હોત તો મારાં ૩૫ વર્ષ બચત અને તે ૩૫ વર્ષમાં મેં કેટલીયે શકિતઓ મેળવી હોત. મારું આ નુકસાન ધર્મગુરુઓ અને ધર્મગ્રંથોના ફાટેલા રાફડાને આભારી છે. હું એમને જીવતા સુધી શાપ દઇશ, છાપરે છાપરે એમને માટે શાપ લખીશ, દમબદમ એમને

---

૭૧. "જૈ. હિ." : સને ૧૯૧૬ : ઓગષ્ટ : પૃ.૧૮૨.

બદદુવા દઇશ. એ મારો જાપ છે — એ મારું ધ્યાન છે. એથી લોકો ચેતશે, જાગશે, નવાં ચક્ષુ પામશે. જૂની મૂર્તિઓ માત્રનો ભાંગીને ભૂકો થશે. એથી મારું નહિ તો લાખો — કરોડો હિંદીઓ પૈકીના એકાદની સોમી પેઢીના સંતાનનું કલ્યાણ થશે તે મારું જ કલ્યાણ છે."[૭૨]

સાચી વાત તો એકે " કાણાને કાણો કહીએ કડવાં લાગે વેણ", એ ન્યાયે સત્ય હકીકત દરેકને અસહય લાગે છે એટલું સમજી વા.મો.શાહે એમની સુધારા સૂચવવાની/રીતોમાં જરા નમ્રતા અને વાણી વિવેક જાળવ્યાં હોત તો જીવનમાં એમણે અનુભવેલી નિરાશા કદાચ આશામાં પરિણમી હોત.

વા.મો.શાહને બિકાનેરમાં ભરાયેલી સ્થા.કોન્ફરન્સનું પ્રમુખપદ સ્વીકાર્યા પછી જુનવાણી વિચાર ધરાવનારા અગ્રણીઓ ખાસ કરીને મૂડીવાદીઓ સાથે ઘર્ષણ થતાં એમણે એ મૂડીવાદ સામે હૃદયવાદના હથિયારથી લડત આપી હતી. એ સમયે ગણ્યાગાંઠયા મૂડીવાદીઓનો વિરોધનો પારો/એટલો ઊંચો ચઢી ગયો હતો કે તેમની સામે છેવટ સુધી ઝઝૂમીને પરિણામ લાવવાની ઝુંબેશ ચાલુ રાખવા જતાં ધર્મ તેમજ સમાજને ભયંકર નુકસાનના ખાડામાં ઊતરવું પડે એવા સંજોગો હતા. એમ હોઇ વા.મો.શાહે વિરોધીઓ સાથે પૂરતી કુનેહપૂર્વક તેમજ સંભાળ રાખીને કામ લીધું હતું, પરંતુ તેથી કાંઇ વિરોધનો પારો નીચો ઊતર્યો નહોતો. એ પરિસ્થિતિમાં વા.મો.શાહે નીચે મુજબ એક વધુ પ્રયત્ન કરી જોયો હતો. મુંબઇમાં ચાતુર્માસ નિમિત્તે એ સમયે વિદ્વાન

---

૭૨. "આર્યધર્મ" : જુલાઇ સને ૧૯૩૫ : ત્રીજી આવૃત્તિ, પૃ. ૨૮–૨૯ અને શ્રી ત્રિ.વી.હેમાણી સંપાદિત "વા.મો.શાહનો ધર્મસંદેશ", પૃ. ૪૩–૪૪.

મુનિ તારાચંદજી મહારાજ, અને સૌ.ભાગ્યમલજી મહારાજ બિરાજમાન હતા તેમની હાજરીમાં ઉપાશ્રયમાં બિકાનેર કોન્ફરન્સને ફતેહ ઇચ્છવા માટે એક વ્યાખ્યાન યોજાયું હતું એ વખતે તે સાધુવરે કહ્યું હતું કે :-
"શ્રીયુત વાડીલાલભાઇમાં અમે તત્ત્વજ્ઞાની તથા કર્મયોગી જોઇ શકયા છીએ. તેમણે ત્રીસ ત્રીસ વર્ષ સુધી તનતોડ મહેનત કરી છે એટલું જ માત્ર નહિ પણ વ્યાપક અને સૂક્ષ્મબુધ્ધિનો અનેક વખત પરિચય આપ્યો છે તેમજ દાખલો લેવા યોગ્ય આત્મભોગો આપેલા છે. મુનિવર્ગ તેમજ શ્રાવકવર્ગનો જો કોઇ એક શ્રાવક આટલી હદનો વિશ્વાસ મેળી શકયો હોય તો તેઓ એક જ છે. એમણે સઘળું કામ છોડયા પછી સર્વની ઇચ્છાનો પડઘો પાડવામાં જે ઉદારતા બતાવી છે તેથી સૌના હૃદયમાંથી એકી-સાથે સમાજના ઉદય માટે શુભ શુકન નીકળવા લાગ્યા છે."[73] આટલી હદ સુધીની શુભભાવના ભાવનાર સાધુવરને સ્થા.કોન્ફરન્સની જનરલ કમિટીની છેલ્લી સભા સને ૧૯૨૭ના આખરી દિવસોએ થઇ તે પહેલા ત્રણ દિવસ વા.મો.શાહે "અખિલ હિંદ કે સાધુમાર્ગી જૈન મુનિરાજોંકા કર્તવ્ય" શીર્ષકથી એક પત્ર એ તારાચંદજી મહારાજને લખ્યો હતો, જેથી સમાજહિતના કાર્યમાં તેઓ પણ મદદરૂપ થાય. એ પત્ર તો ઘણો લંબાણ-ભર્યો છે પરંતુ તેમાંથી કેટલોક જરૂરી ભાગ અહીં રજૂ કરું છું :-
" આપકો વિદિત હી હૈ કિ સંસારિયોંકી મતિ પ્રાય: મોહપાશસે બધ્ધ હુઇ રહતી હૈ ઇસમેં ભી કોઇ ઉત્તેજન દેનેવાલે મિલ જાય તો બુધ્ધિ ઇતની મલિન હો જાય કિ ધર્મકા ખયાલ ભી ન રહે. ઐસી હાલતમેં દસવીસ મનુષ્યોંકે હાથમેં પાંચ લાખ મનુષ્યોંકા ઔર પવિત્ર ધર્મકા

---

૭૩. "જૈનપ્રકાશ" : તા. ૨૧-૮-૧૯૨૭ : પૃ. ૩૪૯.

હિતાહિતકા સવાલ આ પડા હોતે નતીજા કૈસા ભયંકર હોનેકા સંભવ હૈ ઉસકા ખ્યાલ આપ મુનિવર્ગ ઠીક તરહ કર સકેંગે. ઇસલિયે મેરી વિનતિ હૈ કિ તા.૩૦-૧૨-૨૭ કો સાડે ગ્યારહબજે સભામેં દર્શન દો ઔર શ્રી ભગવતીજી સૂત્રકો હાથમે લેકર શાન્તભાવકા એક હી વચનામૃત ફરમાવો કી "જૈનધર્મ વા સ્થા. સંઘકે પ્રતિનિધિકે તૌર પર આયે હુએ શ્રાવકગણ તુમારે નિર્ણયો - પાંચ લાખ મનુષ્યોંકા હિતાહિતકા આધાર હૈ, કુછ વાણી યહાં પર વહો ઔર જો કુછ કહો ઉસમેં શ્રી મહાવીર પ્રભુકો ઔર જિનવાણીકો દૃષ્ટિકે સામને રખના અંગત દૃષ્ટિ-બિંદુસે વચન નિકાલના ઔર અભિપ્રાય ઉચ્ચારના શ્રી ભગવતીસૂત્ર યાને જિનવાણી આપસબકો શુભમતિ પ્રદાન કરે ઐસી મેરી પ્રાર્થના એવં ભાવના હૈ. બસ યહી કહકર ઇસ ભાવનામેં પાંચ મિનિટ કાઉગ્ગસ કરકે આપ જા સકતે હૈ. મુઝે યહી સર્વોત્તમ ઔર એક હી ઇલાજ કે દૂસરા ઇલાજ દિખાઇ નહીં દેતા હૈ. મુઝે શ્રધ્ધા હૈ કિ મહાવ્રતધારીકે શરીરકે એવં ભાષાકે શુભ પુદ્‌ગલોંકા અસર લોગોંકી મતિપર અવશ્ય પડેગા. કુછ ભી હો આપકે અંતરાત્માકો યહ સંતોષ અવશ્ય હોગા કિ આપને યથાસમય, યથાર્થ ધર્મકા પાલન કિયા હૈ મુઝે ભી યહ સંતોષ સિવાય દૂસરી કોઇ બાતકી પરવાહ નહીં હૈ. કોઇ યશ વા અપયશ બોલે ઇસકે આત્મિક લાભાલાભ કુછ નહિ હૈ ઔર સમાજકા નુકસાન ઇસસે અટકતા નહિ હૈ. મુઝે વિશ્વાસ હૈ કિ ગંભીર પ્રસંગકો સોચકર આપ સારે હી દૂસરે ખ્યાલોંસે દૂર રહકર અવશ્ય તા.૩૦ કો પધારેંગે......... આપકે ઇસ વર્તનસે સારા વાતાવરણ હી ઠીક હો જાયગા, બહુત કુછ સોચ કરનેકે બાદ મૈંને આપકો તકલીફ

---

દી હી હૈ. પાચલક્ષ સ્વધર્મીયોંકે નામસે ઔર ઉનકી દૃષ્ટિસે, ઉનકે રાહબરસે યહ વિનતિ કી જાતી હૈ ઇતની બાત યાદ રહે. પ્રમુખ સભામેં ચૂપચાપ બૈઠનેકા મૌનવ્રત લેવેં ઇસમેં સંઘ વ ધર્મકા હિત આપકો દિખાઇ દેતા હો તો આપકી ઐસી સલાહકા ભી પાલન કરુંગા. ફિર ભવિષ્યકી પ્રજા મેરે પર, મેરે શિરપર ધર્મદ્રોહકા આરોપ ન રખે ઇસલિયે ઉચિત કરના આપકો સોંપતા હૂં. યદિ મૈં પ્રમુખપદ છોડ દૂં ઐસી સલાહ આપ સંઘ વ ધર્મકે હિતકા વિચારકે બાદ દોગે તો મુઝે ઇસમેં ભી હર્જ નહિ હૈ. શાસ્ત્રવચન અનુસાર સાધુજી સલાહ દેવે સો પ્રમુખકા અંતિમ ન્યાય માન લેના ચાહિયે. તત્ત્વદૃષ્ટિ દૂસરીબાત હૈ ઔર યહ તો મેરી ઔર મેરી આત્માકા પ્રશ્ન હૈ. ઉસ બાતકે સાક્ષી જ્ઞાની હૈ, જહાંતક મૈંને પ્રમુખપદ નહિ લિયા થા વહાં તક મૈં સ્વતંત્ર થા. નિશ્ચયનયકા અનુસરણ કરનેકા-પ્રમુખ તરીકે જો કરતા હૈ સો તો પાંચ લાખ મનુષ્યોંકે લિયે કરતા હૈ. ઉનસે સામુદાયિક કર્માનુસાર હી કુછ હોગા. મૈં કારણ નહિ હૂં, નિમિત્ત હૂં- ઐસે આપકા ઇસી સાલમેં યહાં પધારના ભી નિમિત્ત હૈ. શાસ્ત્રભી નિમિત્ત હૈ. શાસ્ત્રકા વ્યવહાર ઇસિકા નામ હૈ. મૈંને ભાઇ મેઘજીભાઇ વ. વેલજીભાઇકો ધર્મનીતિકા પત્ર લિખા હૈ. શાંતિ."[૧૪] આ પત્રનું પરિણામ શું આવ્યું તે જાણવાની સૌ કોઇ ઇન્તેજારી રાખે એ સ્વાભાવિક છે કારણકે ત્રીસ ત્રીસ વર્ષની ધર્મ અને સમાજની અથાગ સેવા કરનારી વ્યકિતને સમાજે કેવા વર્તનથી નવાજી એ સમજી લેવા જેવું છે. ન તો એ સાધુવરે સભામાં ઉપસ્થિત થઇ નમસ્કાર મંત્રનો પેગામ સંભળાવ્યો કે

---

૧૪. તા. ૨૬-૧૨-૧૯૨૭ ના રોજ લખાયેલા અને અપ્રગટ રહેલો અંગતપત્ર

ન તો સભાજનોએ ધર્મના રાહને સ્વીકાર્યો. પરિણામે વાડીલાલ શાહે પોતાના અંતરના અવાજને માન આપીને સમાજ સાથેનો સંબંધ સદાને માટે ત્યાગી દીધો.

સાધુઓ સાથે વા. મો. શાહને થયેલા સંઘર્ષની વાતો તો એટલી બધી છે કે કઇ વાતને છોડી દેવી એજ વિમાસણ થઇ પડે છે. વા. મો. શાહના એક પુસ્તક વિશે સમાજમાં જે ઊહાપોહ થયો અને વાડીલાલે સહર્ષ એ વાતને વધાવી લઇને પ્રત્યુત્તર વાળ્યો એ નોંધપાત્ર હોઇ અહીં રજૂ કર્યો છે. વા. મો. શાહે "સમ્યક્ત્વ અથવા ધર્મનો દરવાજો" નામનું એક પુસ્તક સને ૧૯૦૫ માં પ્રસિદ્ધ કરાવ્યું હતું. તેમાં લોંકાશાહે પ્રરુપેલા ધર્મ મુજબ મૂર્તિપૂજાનો વિરોધ કરવામાં આવ્યો હતો. તે પુસ્તક વિરુધ્ધ મૂર્તિપૂજક જૈનોએ કલ્પનામાં ન આવે એવો વિરોધનો વંટોળ ચગાવ્યો હતો, તે ઉપરથી સ્થા. જૈન કોન્ફરન્સના સેક્રેટરીએ તા. ૨૮-૯-૧૯૦૯ ના રોજ વાડીલાલ પર એક પત્ર લખ્યો હતો કે : "મંદિરમાર્ગી કોન્ફ. માં અને આપણી કોન્ફ. માં સંપનો ઠરાવ પસાર થયો છે તેનો અમલ કરાવવાને વાસ્તે કેટલોક સમય થયાં પત્રવ્યવહાર ચાલુ છે. હમણાં મંદિરમાર્ગી ઓફિસ તરફથી એક પત્ર મળ્યો છે તેમાં આપના તરફથી પ્રસિધ્ધ થયેલ "સમ્યક્ત્વ અથવા ધર્મનો દરવાજો" અને "ઐતિહાસિક નોંધ" વિશે તેમણે વાંધો લીધો છે, તો સદરહુ પુસ્તકોની એક એક નકલ અમને મોકલાવશો અને એ બે પુસ્તકો સંબંધમાં આપને જે કહેવાનું હોય તે લખી જણાવશો."[૭૫]

---

૭૫. "જૈ. હિ." : ૧૯૧૦ : માર્ચ, એપ્રિલ, મે : પૃ. ૧૨.

જવાબમાં વાડીલાલ શાહે જણાવ્યું હતું કે : " સમ્યક્ત્વ અથવા ધર્મનો દરવાજો" સને ૧૯૦૫ માં છપાયેલું છે. તેમાં માત્ર સમ્યક્ત્વના પ્રકારો વર્ણવ્યા છે અને શાસ્ત્રીય વિવેચન છે એ વગેરે દલીલ કરી મારું નિર્દોષપણું સાબિત કરવામાં વધારે વખત નહીં બગાડતાં માત્ર કાયદાનો જ..નાનો સરખો મુદ્દો રજૂ કરીને સંતોષ પકડીશ કે એ પુસ્તક સુલેહના ઠરાવો બને કૉન્ફ. દેવીઓના ગર્ભમાં પણ નહિ હશે તે વખતે - રે ! આપની ઓફિસની હયાતી પણ નહોતી તે વખતે છપાયેલું છે તેથી....... કૉન્ફ.ના ઠરાવો પહેલાના પુસ્તક માટે પોકાર ઉઠાવવો એ માત્ર હાસ્યાસ્પદ છે. એના પૃ.૧૯૦ માં છપાયેલી વિગત માટે જૈન, બ્રાહ્મણ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી ધર્મના એક એક વિદ્વાનની એક કમિટી નીમીને આ પુસ્તકનો અભિપ્રાય લેવા હું બને કૉન્ફરન્સ ઓફિસોને અરજ કરું છું. જો તે કમિટી આ લેખને નિંદક ઠરાવે તો આજ પછી જૈનલેખક તરીકેનું સઘળું કામ છોડી દેવા તૈયાર છું અને જો તે કમિટી એ લેખને તદ્દન પ્રમાણિક શાંત અને દલીલરૂપ ઠરાવી એક નિર્દોષ ચીજ સામે વાંધો ઉઠાવનારી અક્કલને હસી કાઢે તો તે અક્કલ માત્ર ખોટા ચશ્મા દૂર કરે એટલી જ શરત હું માગુ છું."[૭૬] તે સિવાયના ચર્ચાત્મક મુદ્દાઓના રીતસરના જવાબ સામે પડકાર કરીને વાડીલાલે ચોખવટ કરવાનું આવાહન આપ્યું હતું. વળી તેમના એ પુસ્તકના ખંડન અર્થે એક શ્વે.મૂ.વર્ગના સાધુએ બમણા કદનું એક પુસ્તક છપાવ્યું હતું તેના પ્રત્યુત્તર રૂપે વા.મો.શાહને જ બોલવા દઈએ કે :- " આપણે સર્વ કોઈ "છદ્મસ્થ" છીએ એટલે ભૂલનેપાત્ર છીએ. તેમાં પણ પુસ્તક રચતી વખતે મારું વય માત્ર ૨૫ વર્ષનું હતું. મને કોઈ જ્ઞાની પુરુષ મળ્યા ન હતા.

---

૭૬. એજન : પૃ. ૧૩.

જે કાંઇ જુદા જુદા પુસ્તકો [તેમાં પણ મોટોભાગ મૂર્તિપૂજકોના જ છપાયેલા પુસ્તકો હોય છે] મેં વાંચેલા તે પરથી અને મણિલાલજી મહારાજે થોડુંઘણું સમજાવેલું તે પરથી આ પુસ્તક લખાયું હતું. તેથી તેમાં કોઇ જગ્યાએ ભૂલચૂક રહી હોય એ બનવા જોગ છે અને મેં તે પુસ્તકમાં પ્રથમ જ લખેલું છે કે તત્ત્વજ્ઞાનના ગહન વિષયમાં મારાથી ભૂલ થઇ હશે જ. આથી મારા પુસ્તકમાંના કોઇ ભૂલ ભરેલા વિચારને સુધારવા નિમિત્તે કોઇ પુસ્તક રચાય તે તો ઉલટી મને આનંદ આપનારી વાર્તા છે. હું એવા પ્રયત્ન કરનારનો હમેશ ઓશિંગણ બનું. પરંતુ શું જે પુસ્તક પ્રગટ થયું છે તે એવું છે ? એમાં શું મને અને મારા ધર્મને અપમાન પહોંચાડવામાં બાકી રાખી છે ? એટલેથી પણ બાકી રહયું હતું તે હમણા "નેત્રાંજન" પુસ્તકમાં પૂરું કર્યું છે ! ઉપલા પુસ્તકમાં લીટીએ લીટીએ "ઢુંઢક વાડીલાલ" – "ઢુંઢક વાડીલાલ" કરીને લખ્યું છે અને અનેક જગ્યાએ તિરસ્કાર કર્યો છે. હું હમેશ તેનો સવળો અર્થ જ લેતો આવ્યો છું. "ઢુંઢક" શબ્દનો અર્થ જ 'Seeker-After-Truth' અથવા "સત્યશોધક" એવો થાય છે. ખરે, મને તેવા ઢુંઢવાનો ઘણો શોખ છે એટલા માટે આવા વગર આજીજીએ મળતા – વગર ખર્ચે મળતા ખિતાબ માટે મારે પ્રસન્ન થવાનું જ છે જ્યારે કેટલાક પૈસાના ગુલામો પૈસાનું પાણી કરીને ખિતાબો મેળવવા મરી પડે છે, જ્યારે જૈન ત્યાગીઓ પણ વગર લાયકાતે મોટા મોટા ખિતાબો માટે ન કરવાની ખટપટો કરી રહયા છે ત્યારે મારા જેવા અદના બાળકને, વગર માગ્યે, વગર ખર્ચે, કુદરત મારા કામની કદર કરીને આપોઆપ 'Seeker-After-Truth' નો ખિતાબ અપાવે છે તો તે જોઇ મને હર્ષ થાય એમાં શું આશ્ચર્ય ?

એ ખિતાબ આપનારે જો નિંદા સમજીને તે આપ્યો હોય તે ભલેને નિંદા તેને જ મુબારક હો ! ભલેને તે મને "ઢુંઢક" નો ખિતાબ આપી પોતાને માટે "નિંદક"નો ખિતાબ જ પસંદ કરે ! પસંદગી તેમનીબુધ્ધિ પર આધાર રાખે છે; તે તેમની મુનસફીની વાત છે..................
મારા બીજા પુસ્તકનું નામ "શ્રી સાધુમાર્ગી જૈન ધર્માનુયાયીઓએ જાણવા જોગ કેટલીક ઐતિહાસિક નોંધ" એવું છે, જે સ્પષ્ટ સમજાવે છે કે : આ પુસ્તક મેં માત્ર મારા સ્વધર્મીઓ માટે રચ્યું છે; મારા સ્વધર્મીઓને આડે રસ્તે દોરાતા અટકાવવા માટે લખ્યું છે, નહિ કે શ્વેતામ્બર મૂર્તિપૂજકો કરે છે તેમ બીજા વર્ગની નિંદા માટે. ["ઢુંઢક હ્રદય નેત્રાંજન" નામ જ સૂચવે છે કે ઢુંઢીઆ શ્રાવકોની આંખમાં ધૂળ નાખવા માટે જ ખાસ બદઇરાદાથી જ પુસ્તક રચાયું છે. કોન્ફરન્સના એક પદાધિકારી સાહેબે જ છપાવેલા "ઢુંઢક હિતશિક્ષા" નામના પુસ્તકનું નામ જ કહી આપે છે કે ઢુંઢીઆ શ્રાવકોની લાગણીને ડામ દેવાજ પુસ્તક રચાયું છે. ઢુંઢક મતસમીક્ષા, ઢુંઢક મતપરાજય, ઢુંઢક પોલ, ઢુંઢક મતરસાલા, અને સૌની ટોચે ચઢે એવું જૂનામાં જૂનું "ઢુંઢક મત ખંડન નાટક" આ સર્વ નામ જ કહી આપે છે કે ઢુંઢીઆ ધર્મનું કોઇ પુરાણું વૈર સ્ફુરી આવવાથી ઊધઈઓ નીકળી પડી છે]...............
મતલબ કે દુનિયાના સઘળા ધર્મોમાં અંધેર ચાલે છે. મૂળ ફરમાનો બાજુએ રહે છે અને વર્તણૂક જુદી જ ચાલે છે. પરંતુ જેમ જૈન ધર્મને લાગેલો મેલ દૂર કરવા માટે લોકભય રાખ્યા સિવાય કે ધર્મહેલણાનો ખોટો ડર રાખ્યા સિવાય લોંકાશાહે ખોટારાની ઝાટકણી કાઢવા માંડી હતી તેમ આજે એકંદર જૈનોમાં – શું સ્થાનકવાસીઓમાં કે શું દેરાવાસીઓમાં કે શું દિગંબરીમાં – એકંદર જૈનોમાં ઝાટકણી કાઢનાર

વીર નર કોઇ નજરે પડતો નથી. સૌને પોતાનું પેટ લાગેલું છે. જે થોડા મહાશયો સત્યકથનની જરૂર સ્વીકારે છે તેઓ પણ ખુલ્લા પડી લાકડીના ઘા ખમવા તૈયાર નથી........... એટલા જ ખાતર હું કોઇ સાધુ કે કોઇ શ્રાવકની શરમ કે ડર રાખ્યા સિવાય મને જે ઠીક લાગે છે તે જ જાહેર કરું છું. મારે મન સત્યના પૂતળા આગળ એક સાધુ અને શ્રાવક એક સરખા દરજ્જાના માણસો છે. ખોટું બોલનારો સાધુ, સાચું કહેનાર સંસારી કરતાં માનવંતો ગણવાનું કંઇ કારણ હું જોઇ શકતો નથી. અને જ્યારે ખોટું જ કહેવું હશે - જ્યારે પક્ષપાત જ કરવો હશે - જ્યારે શરમ કે ડરની દરકાર જ કરવી હશે ત્યારે ઉત્તમોત્તમ ધર્મને પામેલા કૃપણ સ્થાનકવાસી જૈનોએ માનેલા ધર્મને જ - ખુદ તે ધર્મને જ તિલાંજલિ આપીશ."[૭૭]

આ રીતે પોતાના હૃદયના કોલને વફાદાર રહીને વા.મો.શાહે જીવનના આખરી દસકા દરમ્યાન વિશાળ વાચન, અનુભવ અને ચિંતનના પ્રતાપે સ્થા.જૈન ધર્મની વ્યાખ્યાનું નવું જ મૂલ્યાંકન કરતાં કહ્યું હતું કે : " આ લખનાર કોઇ પંથનો ગુલામ નથી છતાંય સ્થા.જૈન કહેવડાવવામાં તો ગર્વ લે છે : આત્મભાનના સ્થાનકમાં સ્થિર રહીને ત્રણ લોકની દોડધામ કરવાને સ્વતંત્ર વ્યક્તિ જે કોઇ હોય તે સર્વને તે "સ્થાનકવાસી જૈન" માને છે અને તેનો તે "સહધર્મી" છે.[૭૮]

---

૭૭. "જૈ.હિ. : ૧૯૧૦ : માર્ચ, એપ્રિલ, મે: પૃ.૨૦-૨૧.
૭૮. "જૈનપ્રકાશ" : તા.૧૧-૧૨-૧૯૨૭ : પૃ.૩.

સમાજ જે વ્યક્તિનો વિરોધ કરતો તે વ્યક્તિનાં કાર્યો જો વા.મો.શાહને સત્ય લાગતાં તો એમની પત્રકાર તરીકેની ફરજ અદા કરવા એ તેની મદદે અવશ્ય દોડી જતા. પંડિત બહેચરદાસજી ઉપર એકવાર એવી મુશ્કેલી આવી પડી હતી. આચાર્ય શ્રીધર્મવિજયજીની દૃષ્ટિએ પંડિતજીએ મોટા ત્રણ ગુના કર્યા હતા. એ ત્રણ ગુના વા.મો.શાહે ગણાવ્યા હતા કે : "પહેલો ગુનો શાસ્ત્રાધ્યયન કરવાની તેમને મતિ સૂઝી; બીજો ગુનો શાસ્ત્રોનો અભ્યાસ માત્ર ધર્મવિજયજી પાસે કરીને સંતોષ ન વળતાં ન્યાય - તર્કાદિમાં ઝીપલાવીને "વિચાર કરવાની ધૃષ્ટતા કરી અને ગુરુનો કક્કો ઘૂંટવાની "વફાદારી"ને વળગી રહ્યા નહિ; ત્રીજો ગુનો "મહાવીર વિદ્યાલય"માં રહી શાસ્ત્રી તરીકે ભાષાંતર કરવાનું કામ કરવા છતાં એક દિવસ તેમને "જૈન વક્તૃત્વકલા પ્રસારક સભા" ના આમંત્રણથી જાહેર ભાષણ આપવાનો દોહદળી થઇ આવ્યો અને ભાષણ પણ એવા વિષય પર કે આળી ચામડીવાળા પુરાણ-પ્રેમી સમાજને લાખ્ખો ગરમ કરેલી સુઇઓ એક સાથે ભોંકવા જેવી વેદના થઇ આવે."[79] બહેચરદાસજીના આ ભાષણે જૈન ગ્રંથોના આધારો જણાવી-ને સંગ્રહી રાખવામાં આવતા "દેવદ્રવ્ય" ને સમાજના ઉધ્ધારમાં વાપરવાની બાબતમાં લક્ષ્ય ખેંચ્યું હતું. "સડી જતા અને કેટલેક સ્થળે તો ટ્રસ્ટીઓના ખીસ્સામાં સરી જતાં અઢળક દ્રવ્યનો વ્યવહારૂ વ્યય" પંડિતજીએ સૂચવ્યો હતો. તે સમયની ધર્મચુસ્ત જનતાએ પંડિતજીનો સખત વિરોધ કર્યો. વાડીલાલને બહેચરદાસ પંડિતની વાત તદ્દન સાચી લાગી. એમણે પંડિતજીની તરફેણમાં અને લોકોને સત્યાસત્ય સમજાવવા "ઘણું" જીવો

---

79. "જૈ.હિ." ૧૯૧૯ : ઓકટોબર : પૃ.૧૨૨-૧૨૮.

ધમાલ કરનારાઓ" શીર્ષકવાળા લેખમાં પંડિતજીની વાતને સમર્થન આપ્યું. પંડિતજીનો પક્ષ કરવા જતાં એમનો પણ સમાજ વિરોધ કરશે એવો એમણે ક્ષણ પણ વિચાર કર્યો નહોતો.

વા. મો. શાહની ધર્મસુધારણા વિશે તો જેટલું કહીએ તેટલું ઓછું ગણાય કારણકે વા. મો. શાહ પ્રથમ સુધારક હતા, પછી પત્રકાર, ગદ્યકાર અને તત્ત્વજ્ઞાની સંસારસુધારણાની આકાંક્ષા પૂર્ણ કરવા જ એમણે પત્રકારના સ્વાંગમાં અનેક કષ્ટ સહન કરવા છતાં મહાલવાનું પસંદ કર્યું હતું અને એ ઉદ્દિષ્ટ હાસલ કરવા જતાં એમનાથી સાહિત્યસર્જન થઇ ગયું હતું. એમની ચિંતનિકાને સાચી રીતે સ્પર્શવા માટે નીચેનું અવતરણ બસ થશે, કેમકે તેમણે પ્રરુપેલા આજના હિંદના ધર્મસંક્રમણના સારગર્ભની એ ગરજ સારે છે :-

" દરેક ધર્મના સાધુઓ !

ઘણા દિવસો – રે વર્ષો – રે જમાનાઓ સુધી તમે ભારતની રોટલી <u>મફત</u> ખાધી છે;

તમારામાંના ઘણાખરાએ કંઇ કર્યું હોય તો પ્રાય: <u>રોટલીને હરામ કરવા</u> જેવું જ કર્યું છે.

તમને તે <u>જરૂર</u> ફૂટી નીકળશે.

તમે <u>એક દિવસ</u> ભૂંડે હાલે મરશો.

<u>આખા દેશના શાપ</u> તમારા ઉપર પડશે.

<u>હજીએ પ્રાયશ્ચિતનો વખત છે.</u>

<u>હજીએ બાજી હાથમાં છે.</u>

ઊઠો, જાગો, કમર કસો;
પ્રાંતોપ્રંત અને ગામોગામમાં ઐકય, વિદ્યા,
સમાજસુધારણા અને ઉત્સાહનો પવન ફૂંકો.
રાજદ્વારી હિલચાલથી તમે દૂર રહેજો, – એ કામ
તમારું નથી. – કાચું કાપશો નહિ.
લોકોને જ્ઞાનનાં ચક્ષુ આપો.
લોકોને એકતાની હુંફ આપો.
લોકોને ઉત્સાહની શકિત આપો.
લોકોને આંતર્વ્યવસ્થાનાં કાર્યક્ષેત્રો આપો.
વરઘોડા, પૂજા, તમારા પોતાનાં દર્શન, યાત્રા, ઉજમણાં,
જલસા, નવાં મકાનો ઇત્યાદિ સર્વ પાછળ ખર્ચ
કરતા લોકોને રોકો.
માત્ર વિદ્યા પાછળ જ ખર્ચ કરાવો.
માત્ર પ્રગતિ પાછળ જ દામ ખર્ચાવો.
ઘેરેઘેર – ગામોગામ – ફરી ફંડો કરો.
લક્ષ્મીના સ્પર્શથી પાપ લાગે તો બે વર્ષ પછી
પ્રાયશ્ચિત લઇ ધોઇ નાખજો.
પાપ ત્યાં જ ચ્હોંટે છે, જ્યાં સ્વાર્થનો કચરો છે.
સાફ હૃદયને પાપ ચોંટતું જ નથી.
અને ચોંટે તો એકાદ તપથી ખંખેરી નાખજો !
સમસ્ત હિંદીઓનાં આંતર કચરા ધોઇ નાખો.
સ્ત્રીઓ, પુરુષો અને બાળકોના હૃદયમાં
નવું ચેતન રેડો.
વહેમો, સ્વાર્થ, લોભ, હુંપદ, સુસ્તી પાછળ શત્રુ થઇને પડો.[80]

---

૮૦. "જૈ. હિ." : ૧૯૧૭ : જૂન : પૃ. ૮૧૩–૮૧૪.

વાડીલાલે પ્રરુપેલો સર્વધર્મસમભાવ ઉપર્યુક્ત ફકરો સ્પષ્ટપણે સૂચવે છે, અને ટૂંકીને ટચ વાત એ છે કે સાઠ વર્ષ પહેલાં એમણે સમજાવેલો આ ધર્મ આજે પણ એટલો જ મહત્ત્વનો છે. ધર્મસુધારણાને કેન્દ્રસ્થાને રાખી લખાયેલા કેટલાક મહત્ત્વના લેખોની સૂચિ વાડીલાલના અભ્યાસીઓના ઉપયોગ માટે નીચે રજૂ કરી છે.

૧. "ઉઘડે છે કોઇની આંખો ?" જૈ. હિ. ૧૯૦૬: એપ્રિલ: પૃ.- ૧૨-૧૪
૨. "ધર્મ કેવી રીતે થાય"? એજન : પૃ.૪૨ થી ક્રમે ક્રમે
3. "મુનિવર્ગ અને ચાતુર્માસ" એજન : જુલાઇ : પૃ.૧૧૧-૧૧૫
૪. "ધર્મ ધર્મ એવો ખાલી પોકાર" એજન : ઓક્ટોબર - નવેમ્બર : પૃ.૨૨૪-૨૨૬
૫. "ધર્મમય જિંદગી સહેલી કે મુશ્કેલ ?" એજન : પૃ.૩૦૪-૩૦૯
૬. "સાધુશાળાઓની આવશ્યકતા" એજન : સને ૧૯૦૭ : જાન્યુઆરી : પૃ.૨૮૮-૨૯૪.
૭. "બેમાંથી ઉત્તમ કયું ? ગૃહસ્થીપણું કે ત્યાગીપણું ?" એજન : સને ૧૯૦૭ : એપ્રિલ : પૃ.૭-૧૪; મે : પૃ.૪૦-૪3
૮. "જૈનો અને સુધારો : સુધારો એટલે શું ?" એજન જૂન પૃ.૬૬-૭૦ થી હપતે હપતે.
૯. "જૈન ધર્મ સંબંધી એક અમેરિકન લેખકના વિચારો" એજન ; જુલાઇ - ઓગષ્ટ, પૃ.૧૨૬-૧૪૦
૧૦. "અમારા મુનિવરો" એજન : ઓક્ટોબર : પૃ.૧૯૮-૨૦૩
૧૧. "હાય ! અફસોસ ! અમારી દશા !" એજન : ૧૯૦૮ : જાન્યુ : પૃ.૨૯૯-૩૦૧.
૧૨. "દીક્ષા કોણ લઇ શકે ?" એજન : ૧૯૦૮ : જુલાઇ : પૃ.૧૪૬-૧૫૦.
૧૩. "પ્રતિક્રમણનું રહસ્ય" એજન : ૧૯૦૯ : એપ્રિલ : પૃ.૨૧-૨૪

૧૪. "ધર્મયુધ્ધની મોસમ શરૂ થઇ" "વગર પગારે, માત્ર નિરસ ભોજન સાટે માથું મૂકી લડનારા, વીર યોધ્ધાઓની દૃષ્ટિ આગળ પડેલું વિશાળ કર્તવ્ય ક્ષેત્ર" જૈનસમાચાર : તા. ૮ ઓગષ્ટ સને ૧૯૧૦ થી હફતે હફતે.

૧૫. "દીક્ષા આપનાર લેનારની લાયકાત સબંધમાં "ધર્મબિન્દુ ગ્રંથ શું કહે છે ?" જૈ. હિ. ૧૯૧૨, માર્ચ : પૃ. ૯-૨૧.

૧૬. "હવે કયે રસ્તે જઇશું ?" એજન : ૧૯૧૨ : ઓકટોબર : પૃ. ૨૯-૪૪

૧૭. The Jaina Diksha [Initiation] :. By V.M. Shah એજન : ૧૯૧૩ સપ્ટે. ઓકટોબર : પૃ. ૫૦૬-૫૧૭ પછી હફતે હફતે.

૧૮. 'The proposed Act for the Better Protection of Minors in Jodhpur State'. એજન : ૧૯૧૪ : જૂન, જુલાઇ, ઓગષ્ટ : પર્યુષણ અંક : પૃ. ૫૦૬-૫૧૪.

૧૯. "પર્યુષણ પૂર્વ અથવા પવિત્ર જીવનનો પરિચય " એજન : પૃ. ૫૩૩-૫૯૧

૨૦. "હું ખરો ?" તું ખરો ?" કે " રૂપિયા ખરા ?" એજન : પૃ. ૧૫૨-૧૫૬.

૨૧. "જૈનદીક્ષા" : પ્રગટ ૧૯૨૯ : પહેલી આવૃત્તિ

## સમાજ – સુધારણા

"કુદરતે કેટલાકને વિચારો ઉત્પન્ન કરવાનું કામ સોંપ્યું છે. કેટલાકને તે વિચારો તોડવાનો પ્રયાસ આદરવાનું ફરમાવ્યું છે. કેટલાકને તે તોડવાનો પ્રયાસ કરનારનું પોલ શોધી કાઢવાનું સોંપ્યું છે. અને કેટલાકને લાંબે કાળે તેજ વિચારો અમલમાં મૂકવાનું સોંપ્યું છે. તે જ વિચારોમાંથી યશ ખાટવા માટે કેટલાક નિર્માયલા છે અને તે જ વિચારો પ્રથમ ઉત્પન્ન કરવાના ગુન્હા માટે મરવા, ધિક્કારાવા અને રીબાવા કેટલાક સરજાયેલા છે પણ આ બધાની હયાતી, એક એક વિચારના અમલ માટે, જરૂરની છે; કોઇ નકામું નથી."[1]

આવી સુશ્લિષ્ટ વિચારણા રજૂ કરનાર વા. મો. શાહે તેમના પત્રકાર–જીવન દરમ્યાન સમાજસુધારણા માટે વિપુલસાહિત્ય સર્જ્યું હતું. એ સાહિત્ય કયારેક ઓજસભરી અને તમતમતી ભાષામાં તેમજ કયારેક કયારેક ખૂબ જ ઉગ્ર અને કડવાશભરી શૈલીમાં રજૂ કર્યું હતું. એ ઉગ્રતા અને કડવાશ સર્વકોઇને રુચિકર ન લાગે એ સમજી શકાય તેવું છે, પરંતુ વા. મો. શાહના જમાનામાં સમાજ અધોગતિને આરે ઊભો હતો એટલે સુયાણી જેમ જન્મતાં વેંત બાળક ન રડે તો તેને ચૂંટલી ભરીને રડાવે છે તે પ્રમાણે વા. મો. શાહે ઉગ્રતા અને કડવાશભરી ચૂંટલીઓ એમના લખાણ દ્વારા ભરી હતી અને તત્કાલીન સમાજને જાગૃત કરવાનો અનોખો પ્રયત્ન આદર્યો હતો.

---

૧. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૦૮ : જાન્યુઆરી : પૃ. ૩૦૧

વા. મો. શાહના સમાજસુધારણાના સાહિત્ય તરફ ઊડતી નજર ફેંકતા સૌથી પ્રથમ "સંસાર-સુધારાનું દિગ્દર્શન"[2] નજરે ચઢે છે. એ લખાણનો મદાર તેમના કહેવા મુજબ સ્વ. મહર્ષિ રાનડેના નીચે રજૂ કરેલા સૂત્રો ઉપર છે:

The change which we should all seek is a change
from Constraint to Freedom,
from Credulity to Faith,
from Status to Contract,
From Authority to Reason,
from Unorganised to Organised life,
from Bigotry to Toleration,
from Blind fatalism to Sense of Human Dignity.

મહર્ષિ રાનડેના આ સૂત્રોને સમજાવતી વખતે વાડીલાલ શાહે વિસ્તૃત વિવરણ આપ્યું છે, જે ટૂંકમા નીચે પ્રમાણે છે:

૧. લોકોના વિચાર અને વર્તન પર રહેલા અંકુશને દૂર કરી સ્વતંત્રતાના સૂર્યપ્રકાશમાં ખેંચી લાવવા જોઇએ.

૨. ગતાનુગતિક એટલે ગાડરિયા પ્રવાહની માફક તત્ત્વ સમજ્યા વગર સિધ્ધાંતોને માનનારા લોકવર્ગને વસ્તુસ્વરૂપ શીખવીને સાચી શ્રધ્ધાવાળા બનાવવા જોઇએ.

---

૨. એજન : સને ૧૯૧૫ : જાન્યુ.- માર્ચ : પૃ.૫૨-૫૯ અને 'વા.મો. શાહનો સંસારસુધારો:' ૧૯૬૦; પહેલી આવૃત્તિ પૃ. ૧-૧૭

૩. બાપદાદાએ આપેલી શેઠાઇ અને રાજાપદ કે લાગવગથી મળેલી અમલદારી સન્માનને પાત્ર ન ગણાવી જોઇએ પણ સેવા થાય તો માન અપાય એવો "કોન્ટ્રાકટ" સમાજની દરેક વ્યકિતએ હોદ્દેદારો સમક્ષ રજૂ કરવો જોઇએ.

૪. અમલદાર, ગુલામ, શાસ્ત્રકાર કે નાસ્તિક એ દરેકની દલીલ સત્યતા ઉપર સ્વીકારાવી જોઇએ, નહિ કે હોદ્દા ઉપર.

૫. અંધેર, જોહુકમી, મારામારી, પક્ષાપક્ષી અને ખટપટ જેવી જીવલેણ બલાઓને દૂર કરવાનો એક જ રસ્તો "બંધારણ" છે.

૬. સમાજમા ઘર કરી ગયેલી મતાંધતાને સ્થાને મતસહિષ્ણુતાનો પાઠ સમાજને શીખવીને તેનો અમલ કરવો જોઇએ.

૭. છેલ્લો સર્વોપરી મુદ્દો એમણે એ રજૂ કર્યો છે કે અંધ પ્રારબ્ધવાદને સ્થાને મનુષ્યપ્રતિષ્ઠાની ભાવના ઉત્પન્ન થવી જોઇએ.[3]

મહર્ષિ રાનડેએ આ પ્રકારના સિધ્ધાંતો રજૂ કરવાનું કારણ એ હતું કે " તે સમયે પ્રજા સ્વાતંત્ર્યને ચાહતી નહોતી; જ્ઞાનપૂર્વક શ્રધ્ધા ધરાવતી નહોતી; "આપ-લે"નો સિધ્ધાંત સમજતી નહોતી; ન્યાયબુધ્ધિને માન આપતી નહોતી; વ્યવસ્થા કે બંધારણનો ખપ કરતી નહોતી; મતસહિષ્ણુતા ધરાવતી નહોતી; મનુષ્યપ્રતિષ્ઠા ધરાવતી નહોતી; જેને પરિણામે સમાજસુધારાને તે મશ્કરીરૂપ ગણતી હતી."[4] વળી ઉચ્ચ નીચનો ભેદભાવ અને સ્પર્શાસ્પર્શની માન્યતાએ સમાજના મનમાં એવું ઘર

---

૩. એજન : પૃ. ૧૦-૧૪.
૪. એજન : પૃ. ૧૪

કર્યું હતું કે તેને ભેદીને ભાઇચારાનો સિધ્ધાંત સમજાવવો અને તેનો અમલ કરાવવો એ કાર્ય ઘણું જ દુષ્કર હતું. "જૈન ધર્મોપદેશક શિરોમણિ તીર્થંકર ભગવાનની પરિષદમાં એક રાજા અને એક ભિક્ષુક, એક કહેવાતો ચંડાળ અને કહેવાતો બ્રાહ્મણ : સર્વ એક બીજાને સ્પર્શીને એક જ પંક્તિમાં બેસી શકે છે. દુનિયા જેને ચંડાળ કે અસ્પર્શ્ય કહેવાની ક્રૂરતા કરે એવો ત્યજાયેલો મનુષ્ય તો એક જૈનની કાળજીનો ઊલટો વધારે હકકદાર છે." એમ જણાવી વાડીલાલે ઉમેર્યું હતું કે " જૈનની એ દૃષ્ટિવિશાળતા અને પ્રેમમયતાનો પુરાવો જૈન શાસ્ત્રમાંની હરિકેશીબળની કથામાં સાંગોપાંગ જળવાઇ રહયો છે."[5] આ હરિકેશીબળ નામનો ચાંડાળકુળમાં જન્મેલો માનવ જૈનોનો મહાગુરુ બની શકયો હતો અને બ્રાહ્મણોને પણ તેને નમવાની જરૂર પડી હતી, છતાં સમાજમાંથી સ્પર્શાસ્પર્શના ભેદભાવ દૂર થયા નહોતા; તેથી વાડીલાલને લાગ્યું કે જ્ઞાતિસંસ્થાની જીર્ણ ઇમારતને થીંગડા દઇને મરામત કરવાને બદલે તેને તોડી નાખીને તેને સ્થાને નૂતન લાભકારી વ્યવસ્થા યોજાવી જોઇએ. આવા હિતકારી પ્રશ્નોને વધુ ઊંડાણપૂર્વક સમજવા અને વિચારવા સમાજનાયકો આગળ આવે માટે પોતાના સામયિકપત્રો દ્વારા અનેક વખત પડકાર ફેંકયા હતા. આ બાબતની વધુ સ્પષ્ટતા કરતાં એમણે નોંધ્યું હતું કે : "મેં જ્ઞાતિઓ જોઇ છે, જ્ઞાતિના અગ્રસરોના ગાઢ પરિચયમાં હું આવેલો છું એટલું જ નહિ, પણ ગુજરાત અને કાઠિયાવાડનાં સંખ્યાબંધ ગામોની જ્ઞાતિ માટે કાયદા--કાનૂન ઘડવામાં મેં અગ્રગણ્ય ભાગ લીધો છે; તેવી જ રીતે સુધારકોમાંના કેટલાકના વિચારોમેં વાંચ્યા-સાંભળ્યા છે અને કેટલાકનો હું મિત્ર છું. બંને પક્ષ સાથેના આટલા પરિચયવાળાને જ્ઞાતિસંસ્થા અને સુધારા જેવા

---

૫. "જૈનહિતેચ્છુ" : ૧૯૧૩ : ફેબ્રુઆરી : પૃ.૭૮-૮૩ ; અને
વા.મો.શાહનો સંસારસુધારો : પૃ.૧૩૭-૧૪૨

વિષય ઉપર બોલવાનો જો અધિકાર ન હોઇ શકે તો હિંદમાંની કોઇ વ્યક્તિને તેવો અધિકાર ન હોઇ શકે. વળી મને કોઇ સ્થળની જ્ઞાતિનું બંધન કે ડર નથી, તેમ જ સુધારકવર્ગ તરફથી મારો કાંઇ સ્વાર્થ સરતો નથી કે તે વર્ગની કોઇ સંસ્થામાં હું સભાસદ બન્યો નથી. એટલે મને કોઇનો પક્ષ કરનાર તરીકે શંકા લાવવાની કોઇને સત્તા નથી, કારણકે તેવું કોઇ કારણ નથી. માટે હું મારા વિચારો ખુલ્લા દિલથી કહીશ જેમ ધર્મની બાબતમાં તદ્દન ખુલ્લા દિલથી મારા વિચારો જણાવું છું તેમજ – અને તે વિચારો લોકોને કાનમાંનાં પૂમડાં દૂર કરીને સાંભળવા જ પડશે."[૬]

વાડીલાલની સમાજસુધારાની વાતને લક્ષમાં લેતાં એમની "મૃત્યુના મ્હોમાં અથવા અમૃતલાલનું અઠવાડિયું" શીર્ષક નવલકથાનો પણ ઉલ્લેખ કરવો જ ઘટે. એ વાર્તામાં એમણે તત્કાલીન સ્થિતિને ધ્યાનમાં લઇને મરવા પડેલી જ્ઞાતિસંસ્થાનો નિકાલ કરીને તેને સ્થાને ઊભી કરેલી નવી સંસ્થાઓ સમાજહિતનું કેવું સુંદર કામ કરી શકે છે તે બતાવ્યું છે, સાથો-સાથ વર્ણાશ્રમધર્મમાં સૂચવાયેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની પ્રકૃતિઓનું પૃથક્કરણ કરીને એ જ્ઞાતિઓ મુઆ વાંકે જીવે છે માટે તેનો વેળાસર અંત લાવવો જોઇએ એમ જણાવ્યું છે. નવી જ્ઞાતિનું સર્જન થયા પછી એ જ્ઞાતિસભ્યો કેવાં સુંદર કાર્યો કરે છે અને સમાજનો વિકાસ કેવો સાધે છે તે પણ સદરહુ નવલકથામાં બતાવાયું છે. સમાજમાં આવો પલટો લાવવા માટે જીવતી શ્રદ્ધા (living faith) નું તત્ત્વ ઉત્પન્ન કરવાના રસ્તા

---

૬. "વા. મો. શાહનો સંસારસુધારો" : પૃ. ૧૭

બતાવીને એ living faith ને એવી શક્તિ તરીકે તેમણે બિરદાવી હતી કે તે વિચાર શક્તિને ઊંચી કક્ષાએ ખીલવી શકે છે. જ્ઞાતિસંસ્થાઓનું અસ્તિત્વ ભારતના ભાગ્યને માટે આડખીલીરૂપ હતું એમ વા. મો. શાહને વારંવાર લાગતું હતું.

આ જ્ઞાતિસંસ્થાનો પ્રશ્ન વાડીલાલના સમયમાં એટલો બધો ચર્ચાતો હતો કે એક લેખકે ભારતવર્ષને "જ્ઞાતિઓનું પિયર" કહ્યું હતું. જ્ઞાતિઓના જન્મ, વિકાસ અને ઉત્કર્ષના પ્રશ્નો ચર્ચવા માટે વા. મો. શાહે ખૂબ મથામણ કરી હતી. ભારત દેશ જેમ અનેક પ્રાંતોમાં અને કસબાઓમાં વહેંચાયેલો હતો તેમ ગુજરાતી પ્રજા અનેક જ્ઞાતિઓ અને ઉપજ્ઞાતિઓમાં સપડાયેલી હતી; એવા સમાજને સુધારવાનો ઝંડો વા. મો. શાહે હાથ ધર્યો હતો અને કેટલીયે યોજનાઓ અપનાવી હતી. જેમાની એક નીચે પ્રમાણે છે :-

પત્રકારજીવન દરમ્યાન પ્રવાસ કરતાં અમદાવાદ અને તેની આસપાસના પ્રદેશમાં તેમજ કાઠિયાવાડના પ્રદેશમાં જૈન ધર્મ પાળતી જ્ઞાતિની ઘણી કફોડી સ્થિતિ વાડીલાલે જોઇ. એનું મૂળ કારણ એ હતું કે અમદાવાદ તેમજ વિરમગામ તરફના જૈનોમાં જ્યારે કન્યા મેળવવાની અછત વર્તાય ત્યારે અને વૃદ્ધ લગ્ન યોજવામાં અગવડ જણાય ત્યારે ઝાલાવાડ પ્રાંતની કન્યાઓને પૈસા આપીને ખરીદી લાવવાની એક બૂરી પ્રથા પડી હતી. આવા કન્યાવિક્રયને પરિણામે ઝાલાવાડ પ્રાંતમાં કન્યાઓની અછત થવા લાગી અને ત્યાંના રહેવાસીઓને તેમના પુત્રોના લગ્ન માટે વિમાસણ ઊભી થઇ. આ અરસામાં ઝાલાવાડ પ્રાંતવાસીઓને વા. મો. શાહનો ભેટો થયો અને વિચારોની આપ-લે થયા બાદ તેમના પ્રાંતમાં

તેમની જ્ઞાતિના સઘળાં ઘરોનો એક "ગોળ" રચવાની તેમણે સલાહ આપી, જેથી વિરમગામવાસીઓ અને અમદાવાદવાસીઓને એ પ્રાંતમાંથી કન્યા મળવી બંધ થઇ ગઇ. પરિણામે વિરમગામવાસીઓએ ઝાલાવાડના ગોળના આગેવાનોને પોતાને તેમના ગોળના સભ્ય બનાવવા વિનંતિ કરી ; પરંતુ જ્ઞાતિઅગ્રેસરોની માનસિક સંકુચિતતાને પરિણામે એ વિનંતિ તરફ આંખ આડા કાન કરવામાં આવ્યા. બીજી તરફ ઝાલાવાડ પ્રાંતમાં કન્યાઓ વધી પડી અને તેમને માટે ભણેલા યોગ્ય યુવાનો શોધવાનું મુશ્કેલ બન્યું: વાડીલાલે આ પ્રશ્નનું નિરાકરણ કરવા એક ઉપાય સૂચવ્યો કે દરેક પૈસાપાત્ર કુટુંબ જો બેત્રણ છોકરાઓના અભ્યાસ પાછળ પૈસા ખર્ચે તો તે પ્રાંતના છોકરાઓને કેળવણી મળે અને પસંદગી પામેલા ભણેલા છોકરા તેમની કન્યાઓ માટે ઉપલબ્ધ થાય. પરંતુ વાડીલાલની આ સાચી તેમજ ઉપયોગી ભલામણ બહેરા કાન સાથે જ અથડાવા પામી. વાડીલાલની સલાહથી ઝાલાવાડમાં કન્યાવિક્રય થોડે ઘણે અંશે બંધ થયો. તે સમય દરમ્યાન એ ગોળના અગ્રણીઓએ ઝાલાવાડ પ્રાંતના હિત માટે વાડીલાલે કરેલી જાહેર સેવા, પરિશ્રમ અને આત્મભોગની કદરરૂપે પોતાના ગોળના સભ્યપદની ઓફર કરી અને ગોળથી મળતા તમામ લાભ લેવાની સગવડ આપી. પરિણામે વાડીલાલના બે ભાઇઓનાં સગપણ પણ ઝાલાવાડની કન્યાઓ સાથે થયાં હતાં. વખત જતાં એમના ગોળમાં પ્રવેશ મેળવવા આગ્રહ રાખનારા વિરમગામને પ્રવેશ આપવા બાબતની વાડીલાલની પ્રગતિદાયક શિખામણની જ્યારે અવગણના થઇ ત્યારે વાડીલાલે એ ગોળના સભ્યપદનું રાજીનામું સને ૧૯૧૩ માં આપી પોતાને મળતા સઘળા હક જતા કર્યા હતા અને લખ્યું હતું કે : " એક જાહેરપુરુષ તરીકે મળતા ખાસ હકોનો લાભ લેવા હું માગતો નથી

એટલું જ આ પત્રથી હું તમને જણાવું છું."[7] વા.મો.શાહને આ ઉપરાંત પણ જ્ઞાતિસંસ્થાને લગતા કેટલાક પ્રસંગોએ નિષ્ફળતા મળી હતી અને જ્ઞાતિઓના વાડાવાડી જ્યારે એમને ગૂંગળાવવા લાગ્યા ત્યારે ઘણી જ તીવ્ર મથામણને અંતે તેમણે મન સાથે નિર્ણય કર્યો હતો કે જ્ઞાતિઓના સદંતર વિધ્વંસ વગર સમાજોન્નતિ શકય જ નથી. આ જ હેતુથી તેમણે સને ૧૯૧૭ માં "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ"ની સ્થાપના કરી હતી એમાં જૈનોના ત્રણે ફિરકા ઉપરાંત જૈનેતર વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપ્યો હતો.

સને ૧૯૧૯ માં "આદર્શ જીવન" ના તંત્રીએ એમના સામયિકપત્રમાં પ્રતિષ્ઠિત માણસોનાં લખાણો મેળવી શકાય એ દૃષ્ટિએ આઠ સવાલોની પ્રશ્નાવલીવાળો એક સરકયુલર વિદ્વાનો, પ્રચારકો તેમજ સજ્જનોને મોકલી આપ્યો હતો. આ પત્રનો પ્રચાર ઘણો જ મર્યાદિત હતો છતાં એ પ્રશ્નાવલીનો જવાબ જો વાડીલાલ ન આપે તો તે પત્રને ફરી એકવાર એમની વિરુદ્ધ લખવાની તક સાંપડે, માટે વાડીલાલે પ્રત્યુત્તર આપવાનું ઉચિત માન્યું હતું. તેમાંનો એક પ્રશ્ન એવો હતો કે "જ્ઞાતિની મહાન સેવા શી છે ?" વાડીલાલે જણાવ્યું કે : "જ્ઞાતિની મહાન સેવા હું એને માનું કે જે સેવાની યોજના જ્ઞાતિના વિકાસ દ્વારા જ્ઞાતિનો વિનાશ કરી શકે. જ્ઞાતિનો નિરવશેષ નાશ એ જ સર્વોત્તમ જ્ઞાતિસેવા છે; પરંતુ એમ આજ સુધી બનવા પામ્યું નથી એ જ બતાવે છે કે જ્ઞાતિને કોઇએ વિકસાવી-ફુલાવી નથી; ફુલાય તો અવશ્ય કુદરતી પરિણામ તરીકે ફૂટે જ. આજ સુધી લખાણો, ભાષણો, ચર્ચાઓ, દોષારોપણ અને સ્વપ્રસિદ્ધિની પ્રવૃત્તિઓને જ્ઞાતિસેવા મનાઇ છે ! બહુ તો જ્ઞાતિને

---

૭. "જૈનહિતેચ્છુ" : સને ૧૯૧૩ : જાન્યુઆરી : પૃ. ૪૯

નિર્માલ્ય બનાવનારા ધારા પડયા છે ! કોઇએ જ્ઞાતિને વિકસાવી નથી. જો વિકસાવી હોત તો આપોઆપ જ્ઞાતિનું સર્કલ તૂટયા વગર રહેત નહિ. જ્ઞાતિની હયાતી એ હિંદનું મોટામાં મોટું પાપ છે; એના વિધ્વંસ સિવાય કાંઇ મહાન પરિણામ શકય નથી. અને એનો વિધ્વંસ "ઝેરથી જ ઝેરને મરાય" એ સિધ્ધાંત સમજેલા આગિયા જ્ઞાતિસેવક વગર કદાપિ કાળે થઇ શકે નહિ. કલ્પનાશકિતને અને બુધ્ધિવાદને ગલગલિયાં કરે એવા જ્ઞાતિસેવાના માર્ગ સાંભળવા હોય તો એક હજાર ને એક ગણાવી શકાય, પણ એ આત્મઘાત અને આત્મઠગાઇનું કામ છે. ...... આ જવાબમાં સમાયલા સિધ્ધાંતો સામાન્ય મનુષ્યની સમજમાં નહિ જ ઉતરી શકે, એટલું જ નહિ પણ ગેરસમજૂત પણ થવી જોઇએ એમ હું આગળથી માની લઉં છું. વિસ્તાર કરવાની ઇચ્છા નથી; કારણ કે ગમે તેટલો વિસ્તાર કરવા છતાં કેટલુંક તો બુધ્ધિગમ્ય કરાવી શકાય તેમ નથી. ખરું સ્વરૂપ જોવા માટે નીરોગી આંખ અને મગજ જોઇએ. અને આંખ અને મગજની પાછળ પણ અનેક વસ્તુઓ છે ! દુનિયાને કોઇ પણ જવાબથી કોઇપણ ઉપદેશથી – કોઇ પણ સિધ્ધાતથી ખુશ કરી શકાય તેમ નથી અને તેથી જ જ્ઞાનીઓ સમજીને "ઉપશમ્યા" છે."[૮]

આપણે જોઇએ છીએ કે એ જ્ઞાતિઓનું અસ્તિત્વ આજે પણ છે; અલબત્ત એનો સકંજો થોડો મોળો પડયો છે; પણ કેટલીક વાર સમાજ-સુધારાનાં કાર્યોમાં એ રુકાવટ કરે છે, એનો સંપૂર્ણપણે વિધ્વંસ ન થાય ત્યાં સુધી સમાજસુધારો શક્ય નથી એવી વિચારક વાડીલાલની વાત દીર્ઘદ્રષ્ટિભરી અને સમજણપૂર્વકની હતી. જ્ઞાતિના નિર્વંશ વિધ્વંસને

---

૮. "આદર્શજીવન" : સને ૧૯૨૦, જાન્યુઆરી, પૃ.૫૪–૫૫ અને "ઉર્મિ-નવરચના" : સંવત ૨૦૧૦ : દિવાળી અંક : ૧૭૩–૭૫ તથા 'વા.મો.શાહનો સંસારસુધારો' : પૃ.૧૦૬–૧૦૭

અનુલક્ષીને સને ૧૯૨૭ માં વાડીલાલે ફરી એક વખત "સંગઠન : જ્ઞાતિના પાયાપર કે ધર્મના !" એ શીર્ષક નીચે વિસ્તૃત લેખ લખ્યો હતો. તેમાં પણ જ્ઞાતિને નિર્મૂળ કરવાની પોતાની અભિલાષાનું જોરશોરપૂર્વક પુનરુચ્ચારણ કર્યું હતું. સને ૧૯૧૫ માં મુંબઇમાં "આર્યસમાજ" મંદિરમાં એક પાટીદાર યુવક અને ડચ કન્યાના લગ્ન થયાં હતાં તે ઉપરાંત જેલમના ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટના દીકરા મિ. ભ્રગોપાલનાં લગ્ન મિસ સેસિલ બ્લેક નામની આયરીશ કન્યા સાથે થયાં હતાં તે બાબતની નોંધ લેતાં વાડીલાલે લખ્યું હતું કે " હિંદુઓ ભલે સફેદ ચામડી સાથેના લગ્નમાં "પાપ" હોવાની બૂમો માર્યા કરે, અને યુરોપિયનો ભલે કાળી ચામડીને તુચ્છ માન્યા કરે, – બંનેની ઇચ્છા અને બૂમની દરકાર નહિ કરનારી કુદરત જુદે જ રસ્તે પણ મક્કમપણે કામ કરતી જાય છે અને આપણે થોડાં વધુ વર્ષોમાં જોવા પામીશું કે સેંકડો હિંદુઓ અને જૈનોના ઘરમાં સુશીલ યુરોપીય ગૃહિણીઓ રાજતંત્ર ચલાવતી હશે. અને એવી રીતનાં લગ્નોની હિમાયત શરૂ પણ થઇ ચૂકી છે અને તે પણ હિંદુથી નહિ પણ અંગ્રેજથી !... ....ઓ....યસ....! કાળી–ગોરી બંને પ્રજાએ હવે પોતાની હઠ અને અજ્ઞાનતા અને છીછરાપણું છોડવું પડશે – છોડવું જ પડશે – અને ખુશી થાઓ કે એ બેડીઓ તૂટવાની શરૂઆત થઇ ચૂકી છે. અને નવું લોહી પોતામાં આમેજ કરીને "નવી દુનિયા" ને લાયક બનવું જ પડશે. દુરાગ્રહી "ટાઇમ્સ" હઠીલા હિંદુ પંડિતો અને શાસ્ત્રીઓ, તથા જ્ઞાતિઓના બુબખ શેઠિયાઓને કુદરત આગળ નમી જઇને પૂર્વ–પશ્ચિમ વચ્ચેનું લગ્ન પોતાના હાથે ઉજવવું પડશે."[૯] આ શબ્દો સને ૧૯૧૫ માં વાડીલાલે લખ્યા ત્યારે ભવિષ્યમાં અગિયારેક વર્ષ પછી પોતાને જ ઘેર એવો પ્રસંગ બનશે એ વાતની ગંધ તો તેમને કયાંથી હોય ? એ વિચારકના પુત્ર

૯. "જૈ. હિ. : ૧૯૧૫ : ડિસેમ્બર : પૃ. ૩૨૯–૩૩૧; અને "વા. મો. શાહનો સંસારસુધારો": પૃ. ૧૦૩–૧૦૫; તથા "વા. મો. શાહનું રાજકારણ" : પૃ. ૪૧–૪૨

શ્રી શાંતિલાલ ૧૯૨૧ માં જર્મની ધંધાર્થે સિધાવ્યા હતા અને ત્યાંના પાંચ છ વર્ષના વસવાટ પછી સ્થિર થયા હતા એ દરમ્યાન તે એક ઇટાલિયન કુમારિકા સાથે લગ્ન કરવા પ્રેરાયા એટલે પિતાની સંમતિ મંગાવવા જર્મનીથી પત્ર લખ્યો. તેનો પ્રત્યુત્તર આપતી વખતે એ પગલું ભરવામાં રહેલા જોખમોનો અને ભવિષ્યમાં સહન કરવાની મુશ્કેલીઓનો ચિતાર પુત્રને આપ્યા પછી એ લગ્ન માટે ૭૯ જેટલા પૃષ્ઠોમાં લખાયેલા પત્ર દ્વારા તેમણે સંમતિ આપી હતી અને ખૂબ જ ભારપૂર્વક કહ્યું હતું કે પત્રમાં જણાવેલી સઘળી બાબતોને ધ્યાનમાં લઇ શકવા જેટલી ત્રેવડ સાધી લીધી હોય તો તેવા આંતરરાષ્ટ્રીય લગ્નને તેમની મંજૂરી જ હોય.[10]

આ જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓના નાશમાં ગાંધીજી પણ પાછળથી સહમત થયા હતા. તે બાબતને સ્પર્શીને શ્રી ત્રિભુવન વી. હેમાણીએ નોંધ્યું છે કે : "જ્યારે ગાંધીજીએ જ્ઞાતિઓ અને જ્ઞાતિબંધન સંબંધી આખરી નિર્ણય લીધો નહોતો ત્યારે વા. મો. શાહે જ્ઞાતિઓનો નિરવશેષ નાશ કરવો જોઇએ એવો બુલંદ નાદ સંભળાવ્યો હતો." તેના સમર્થન રૂપે તેમણે સદ્‌ગત મહાદેવ દેસાઇની ડાયરીમાંથી નીચેનું અવતરણ રજૂ કર્યું છે :- "તે વખતે બાપુ પેટાજ્ઞાતિ બહાર પણ લગ્ન કરવામાં અસંયમ માનતા તેમના આ વિચારોમાં બહુ પરિવર્તન થતું ગયું છે. અત્યારની જ્ઞાતિઓ હિંદુ-સમાજને ભારે નડતરરૂપ છે અને તેનો નાશ થવો જોઇએ એમ તેઓ પાછળથી માનતા થયા હતા. એક જ જ્ઞાતિવાળા વચ્ચે થનારા લગ્નમાં ભાગ લેવાનું તેમણે બંધ કર્યું હતું અને છેવટનાં વર્ષોમાં તો બેમાંથી એક પક્ષ હરિજન ન હોય તો તેવા લગ્નમાં પણ ભાગ લેતા નહોતા."[11] આ દ્રષ્ટિએ જ્ઞાતિબંધનના વિનાશને આવકારતા વાડીલાલના વિચારો નોંધપાત્ર ગણાવા જોઇએ.

---

૧૦. "વા. મો. શાહનો સંસારસુધારો" : પૃ. ૧૦૩

૧૧. "મહાદેવભાઇની ડાયરી": પુસ્તક પાંચમું : પૃ. ૧૬ અને "વા. મો. શાહનો સંસારસુધારો" : પૃ. ૧૦૬

સમાજસુધારકના પંથે પળવા માટે વા. મો. શાહને ઘણી મથામણો કરવી પડી હતી. માત્ર ધર્મસંસ્ક્રમણના ક્ષેત્રમાં લાગ્યા રહેવાનું તેમને માટે અનુકૂળ નહોતું, કારણકે ધર્મ અને સમાજના પ્રશ્નો એકબીજા સાથે એવીરીતે ગૂંથાયેલા હોય છે કે ધર્મની વાત કરવા જતાં સમાજની વાત સહેજે કરવી પડે અને એ બંનેની વાત કરવા જતાં રાજકારણથી પણ અલિપ્ત રહી શકાય નહિ. ગાંધીજીનું જીવન તપાસતાં પણ આ વાતની પ્રતીતિ થાય છે. વાડીલાલને ગુરુમંત્ર આપનાર મુનિવર છગનલાલજીએ સમાજમાં ઘર કરી રહેલી સંકુચિતતા, કુરૂઢિઓ, કુરિવાજો ઇત્યાદિનો ખ્યાલ આપીને સુધારાના કાંટાળા પંથે પળવાની વાડીલાલને પ્રેરણા આપી હતી અને બન્યું પણ એવું કે માત્ર એક જ દસકાના ગાળા દરમ્યાન એ સાધુવરે પણ ધાર્યું ન હોતું એવું પરિણામ વા. મો. શાહની પ્રવૃત્તિઓએ સારાયે ગુજરાતના સમાજક્ષેત્રે બતાવી આપ્યું હતું. શરૂઆતમાં તો માત્ર લેખન–પ્રકાશન સિવાય કોઇજાતનું સક્રિય કાર્ય હાથ ધર્યું નહોતું; પરંતુ સમય જતાં નિષ્ક્રિય રહીને ફક્ત વિચારો દ્વારા આંદોલન ફેલાવવા પૂરતું તેમનું કાર્યક્ષેત્ર મર્યાદિત રહ્યું નહિ જેને પરિણામે તેમણે વિચારણાની બહેનપણી જેવી કાર્યશક્તિનો સાથ લીધો અને સમાજમાં સુધારાનાં ડિંડિમ વગાડવાની શરૂઆત કરી. "જૂના વિચારનો સુધારક" એવા તખલ્લુસથી "જૈનહિતેચ્છુ" માં "જૈનો અને સુધારો" શીર્ષકવાળી એક લેખમાળા મહિનાઓ સુધી રજૂ કરીને એમણે સમાજસુધારાનું આછું એવું દિગ્દર્શન કરાવ્યું હતું. અલબત્ત એ પ્રગલ્ભ પત્રકારે એમના જીવનનાં છેલ્લાં વીસ વર્ષમાં સમાજસુધારણા માટે જેવાં ઉચ્છેદક પગલાં ભર્યાં હતા તેવાં પગલાંના દર્શન એમના શરૂઆતનાં લેખનકાર્યોમાં થતાં નથી. શરૂઆતમાં તો એમની ચર્ચાના વિષયો હતા – "કન્યાવિક્રય અને બાળલગ્નની

રુકાવટ, વૃધ્ધલગ્નો સામે લાલઝંડી, સમાજકેળવણી, જ્ઞાતિસુધારણા વગેરે. તે સમયે તેઓ "અભેદમાર્ગ પ્રવાસી" તરીકે બિરદાવાયેલા મણિલાલ નભુભાઇ દ્વિવેદીનાં લખાણોથી સંપૂર્ણ પ્રભાવિત થયા હતા અને જરૂર પડ્યે પ્રેરણા મેળવવા માટે એમના ટેબલ પર "સુદર્શન ગદ્યાવલિ"નો મહાગ્રંથ હરહંમેશ રહેતો હતો એ ગ્રંથમાંથી તેમણે ખૂબ જ પ્રેરણા પીધી હતી અને પોતાને પસંદપડે એવાં અનેક લખાણો સને ૧૯૧૨ સુધીમાં પુનઃમુદ્રિત પણ કરાવ્યાં હતાં. ત્યારબાદ અનેક વિચારકોની વિચારણાનો એમને પરિચય થવા પામ્યો તથા અન્ય દેશોના ધાર્મિક તેમજ સામાજિક ઉત્થાન અને પતનની વાતો ઇતિહાસગ્રંથોમાંથી એમને વાંચવા મળી, પરિણામે એમની વિચારણાએ ઉન્નતિ સાધી. વાડીલાલના સમાજ અને ધર્મ અંગે લોકવર્ગ સાથેના સંઘર્ષના ઇતિહાસની વાતો "વાંચી લેનારા"[૧૨] વાચકોને એમના કંટકછાયા વિકાસપંથનો તાગ સહેજે આવી શકે છે. અન્ય સુધારકો જ્યારે ધીરેધીરે પ્રગતિને પંથે પળતા હતા ત્યારે વાડીલાલનો વિકાસ કૂદકે ને ભૂસકે આગળ વધતો હતો એટલે એકજ દશકાના ટૂંકાગાળા દરમ્યાન એમની વિચારણામાં વિરોધાભાસની છાંટ જોવા મળે છે. શરૂઆતમાં બાળલગ્ન, કન્યાવિક્રય, વૃધ્ધલગ્ન અને જ્ઞાતિસંસ્થાનો વિરોધ દર્શાવતા એમના વિચારોએ જનતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, પરન્તુ પાંચસાત વર્ષમાં જ વિધવાલગ્ન અથવા પુનર્લગ્ન વિશે તેમણે જોરશોરપૂર્વક જેહાદ જગાડી હતી. આ વિધવા લગ્નના વિચારોનો વિરોધ કરવા કેટલીક વ્યક્તિઓ અને કેટલાક પત્રો હરહંમેશ ખડે પગે તૈયાર રહેતાં હતાં. એમ હોઇ બન્યું પણ એમ જ કે એમના અગાઉના પ્રશંસકોએ જાહેરમાં તેમજ ખાનગીમાં "વાડીલાલ સમાજને ઘણું નુકસાન કરી રહયા છે" એવા પોકારો વિધવા પુનર્વિવાહની

---

૧૨. "વાંચીલેનારા" શબ્દ વા. મો. શાહનો છે. વાંચનબાદ કંઇક ગ્રહણ કરનારને એમણે "વાંચી લેનારા" કહયા છે અને બાકીના "વાંચી નાખનારા" હોય છે, જે વાંચનબાદ કંઇજ મેળવતા નથી હોતા.

તેમની પ્રવૃત્તિ પછી શરૂ કરી દીધા હતા. પ્રશંસકો વિરોધીઓ બને છે એવું વા.મો.શાહના જીવનચરિત્રનું દૃશ્ય માનસશાસ્ત્રીઓને માટે વિચારણીય પ્રશ્ન રજૂ કરે છે.

ગુજરાતના આદ્યસુધારક નર્મદના દેહાવસાન સમયે વાડીલાલની ઉંમર માત્ર આઠ વર્ષની હતી. એમનાં લખાણો તપાસતાં એમણે કરસનદાસ મૂળજીનો નામોલ્લેખ[13] કેટલીકવાર કર્યો છે, પણ નર્મદનું નામ ક્યાંય નજરે પડતું નથી; છતાં નર્મદનું અધૂરું રહેલું સુધારણાનું કાર્ય આગળ ધપાવવા માટે જ વાડીલાલે જન્મ ન લીધો હોય એમ એમના સમગ્ર લખાણના અભ્યાસી વાચકને લાગ્યા વગર રહેતું નથી. એમની દરેક પ્રવૃત્તિમાં નર્મદની ઝાંખી થતી લાગે છે. અર્વાચીન ગુજરાતના ખ્યાતનામ વિવેચક શ્રી અનંતરાય રાવળે નોંધ્યું છે કે " વ્યક્તિત્વ તેમ વાણી બંનેમાં તેમ મિશન તરીકે બજાવેલ કર્તવ્યમાં વાડીલાલ શાહ નર્મદને મળતા આવતા લાગે. પ્રકાર બેઉનો સરખો, બાકી સમયનું અંતર જે ફેર પાડે તે તો ખરો." વળી એમણે ઉમેર્યું છે કે : "સંસારસુધારો પ્રજા પોતાની મેળે વિચારીને – સમજીને કરે નહિ તો રાજ્યસત્તાએ કાયદાથી તેના પર લાદવો જોઈએ એ સ્વ.શાહની માન્યતા ધ્યાન ખેંચશે. "ધીરે ધીરે સુધારાનો સાર" ના વલણના એ કડક ટીકાકાર છે. એમના વ્યક્તિત્વમાં નર્મદ તત્ત્વપ્રધાન છે તે આ લેખો બતાવે છે. " તમે ક્યાં ઊભા છો ?" એ મહાત્મા શાંતિસાગરના ઢંઢેરાની ઉદ્બોધનાત્મક હાકલ નર્મદને યાદ કરાવે છે "[14]

---

૧૩. "મધુમક્ષિકા" : પૃ. ૨૪ ; "જૈ. હિ." ૧૯૦૧ : મે : પૃ. ૨૧ જૈનસમાચાર : તા. ૧૪-૯-૧૯૧૦ : પૃ. ૨

૧૪. શ્રી અનંતરાય રાવળ લિખિત "સમાલોચના" આવૃત્તિ પહેલી : સને ૧૯૬૬ : પૃ. ૫૩૫-૫૩૬.

બાળલગ્ન, કન્યાવિક્રય અને વૃધ્ધલગ્નોની બદીઓનાં મૂળ સમાજમાં એટલાં ઊંડાં હતાં કે એ બલાઓને ભોંયમાં ભંડારવાનું કાર્ય સહેલું નહોતું; છતાં બીજા કેટલાક મહાપુરુષોનાં પુસ્તકોમાંથી દૃષ્ટાંતો અને અવતરણો રજૂ કરીને સમાજને સમજાવવાની પધ્ધતિ તેમણે અંગીકાર કરી હતી. એવા વિદ્વાન મહાપુરુષોનાં નામ છે. : ૧. ડૉ.નવીનચંદ્ર, :૨: ડૉ.મહેન્દ્રલાલ સરકાર, એમ.ડી :૩: ડૉ.ડંકન :૪: તત્ત્વવેત્તા એરિસ્ટૉટલ અને :૫: સર્જન મેજર પારેખ. બાળલગ્નોથી શારીરિક તેમજ માનસિક અધોગતિ કેવી થાય છે તે ખૂબ જ સખત ભાષામાં વિસ્તારથી વાડીલાલે સમજાવ્યું હતું.[૧૫] સમાજના મોવડીઓ આ દૂષણોને દૂર કરવામાં મદદરૂપ નહિ થાય એવું વાડીલાલને લાગ્યું ત્યારે એમણે સમાજના યુવક-યુવતીઓને અપીલ કરી હતી કે જ્યાં બાળલગ્ન, વૃધ્ધલગ્ન કે કન્યાવિક્રય થતાં હોય ત્યાં એમણે હાજરી આપવી નહિ એવી પ્રતિજ્ઞા કરવી અને તેનું યથાતથ પાલન કરવું; પરંતુ સમાજ કેળવાયેલો નહોતો અને કુરુઢિઓ સામે માથું ઊંચકવા જેટલું માનસિકબળ ધરાવતો નહોતો એટલે છેવટે વાડીલાલે જૈન સાધુ-સાધ્વીઓને આ કાર્યમાં મદદ કરવા અનુરોધ કર્યો હતો. પરિણામે કેટલાક વિકસિત આત્માવાળા સાધુઓએ[૧૬] તેમનાં વ્યાખ્યાનોમાં આ સુધારાઓ સુંદરરીતે/ હળવાશથી રજૂ કરી લોકોનું ધ્યાન એ બદીઓ તરફ દોર્યું હતું. વાડીલાલે વૃધ્ધલગ્નોના ત્રાસ તરફ અંગુલિનિર્દેશ કરેલા લેખમાં લખ્યું છે કે : : વિષયવિકાર ઉપર કાબૂ રાખવાનું ધર્મપાલન ખાતર જ કહેવામાં આવતું હોય તો તે સ્ત્રીને તેમજ પુરુષને બંનેને માટે કહેવાવું જોઇએ; બલ્કે એક કે વધુ વખત

---

૧૫. જૈહિ. ૧૯૦૬ : ઑક્ટોબર : પૃ. ૨૨૧-૨૨૩

૧૬. નાનચંદજી, રતનચંદજી, છોટાલાલજી, ત્રિલોકચંદજી, મોહન ઋષિજી જેવા સાધુવર્યો અને પાર્વતીબાઇ જેવાં સાધ્વીજી ઇત્યાદિ

વિષયતૃપ્તિ પામેલા <u>પુરુષને</u> એ સુખથી તદ્દન વંચિત રહેવા પામેલી <u>સ્ત્રી</u> કરતાં <u>વધારે</u> સંતુષ્ટ રહેવાની ફરજ પાડવી જોઇએ. પરંતુ "<u>ધર્મ" ની વ્યાખ્યા જોડવાનું</u> કામ તેમજ <u>સમાજના કાનૂન ઘડવાનું</u> કામ પુરુષવર્ગના હાથમાં જ હોવાથી તેમાં સ્ત્રીનો અભિપ્રાય લેવાની તો વાત પણ શી કરવી ? પરંતુ સ્ત્રીની તરફથી દયામય હિમાયત કરનાર પુરુષને પણ અભિપ્રાય આપવાની સત્તા ન હોવાથી પુરુષવર્ગ સ્ત્રીવર્ગને માત્ર પોતાનું રમકડું બનાવે છે અને મરજી મુજબ ખરીદે છે, ગૂંગળાવે છે, રીબાવે છે, સ્મશાન ભેગી કરી દે છે. આને જ જો "ધર્મ" કહેવામાં આવતો હોય તો આપણે એવા ધર્મને તિલાંજલિ આપવા તૈયાર છીએ. આવા અન્યાયો જે સમાજમાં ચાલતા હોય અને "રિવાજ" ના બહાના તળે રક્ષણ પામતા હોય તો સમાજના એક સભ્ય [કહો કે અ-સભ્ય] કહેવડાવા કરતાં આફ્રિકાના જંગલીઓના ભાઇબંધ કહેવડાવવામાં આપણે વધારે ગૌરવ માનીશું.......રસ્તો એક જ છે, – જો વ્યક્તિઓને સ્વેચ્છામુજબ વર્તવા દેવાની મરજી હોય અને સમાજબંધારણની ખાસ જરૂર જ હોય તો રસ્તો એક જ છે – કે, જેમના સંબંધમાં કાંઇ કાનૂન કરવો હોય તેમનો અવાજ સાંભળો. બુઢાઓને વરેલી બાલાઓને કોઇ દિલસોજ અને વિદ્વાન સ્ત્રી સમક્ષ રજૂ કરી એમની "જુબાની" લેવડાવો અને તેમની માગણીઓ કેટલે દરજ્જે સ્વીકારવા યોગ્ય છે તે વિચારવા જ્ઞાતિજનો અને વિદ્વાનો એકઠા મળો. આવી રીતે જે કાનૂન ઘડાય તે જ કાનૂન ન્યાયી કહેવાય; બાકીના કાનૂનો માત્ર જુલમ અને અધર્મના મથાળા નીચે જ નોંધવા યોગ્ય છે.........સ્ત્રી કોઇ પુરુષમાં અને પુરુષ કોઇ સ્ત્રીમાં પોતાનું કોઇપણ જાતનું સાંસારિક, નૈતિક કે આત્મિક હિત થવાનો સંભવ જુએ

તો ભલે તે સ્ત્રી તે પુરુષને અને તે પુરુષ તે સ્ત્રીને જિંદગીભરને માટે વળગી રહે, વફાદાર રહે, દોસ્તી જાળવી રાખે. પણ જે પક્ષનું કાંઇપણ હિત ન સરતું હોય તે પક્ષને બીજાની ગુલામીમાં જિંદગીભરને માટે સડવાની ફરજ પાડવી – અને તે પણ ધર્મને નામે, એના જેવો અધર્મ બીજો કયો હોઇ શકે ?..... બસ સાર એ જ નીકળે છે કે રિવાજો સાથે ધર્મને કશો સંબંધ નથી. ધર્મના ઉચ્ચ સિધ્ધાંતને એક લક્ષ્યબિંદુ કલ્પીને જુદાજુદા જમાનાના મનુષ્યોએ પોતાની પરિસ્થિતિઓને ખ્યાલમાં રાખી રિવાજો ઘડવા પડે અને એ રિવાજો વધતી જતી પ્રગતિ સાથે સુધારવા પડે. સ્ત્રી જે તીર્થંકર થઇ શકે તે શું તમારી હમેશની દાસી–ગુલામડી–વેચાયેલી બની શકે અને તે પણ ધર્મના નામે ?....... ગુલામ બનાવનારને સ્વતંત્રતા પામવાનો–માગવાનો કાંઇ હક નથી. લોહી પીનારને શાંતિ માગવાનો હક નથી. જ્યાં સુધી હિંદમાં સ્ત્રીઓ માટે યોગ્ય જગા નિયત કરવામાં નહિ આવે, પુરુષની માફક જ તેના સુખ અને ઉત્ક્રાંતિ માટે યોજના કરવામાં નહિ આવે, નિર્બળ જાતનાં આંસુ જયાં સુધી વહયા કરશે, ત્યાં સુધી, અંગ્રેજો કે ખુદ પરમાત્મા સ્વરાજ્ય આપવા––અપાવવા તૈયાર હશે તો પણ હિંદ સ્વરાજ્યની સ્વતંત્રતા પામી શકશે જ નહિ; કારણ કે ગુલામીનાં બીજ વાવનાર સ્વતંત્રતાનું ફળ ચાખી શકે જ નહિ અને ચાખી શકે તો ધર્મશાસ્ત્રો જૂઠાં ઠરે."[17] આવા તો સંખ્યાબંધ લેખો વાડીલાલે "જૈનહિતેચ્છુ" અને "જૈન સમાચાર"માં પ્રગટ કર્યાં હતા અને બહેનોની વ્હારે ધાઇને "વનિતાનો વકીલ" એવું તખલ્લુસ ધારણ કરી તેને સાર્થક કરી બતાવ્યું હતું. હાલ તો આ બાળલગ્ન અને વૃધ્ધલગ્ન તેમજ કન્યાવિક્રય ઉપર સરકારે કાયદારૂપી સીલ લગાવ્યાં છે છતાં સમાજે એ બદીઓને સંપૂર્ણપણે દેશવટો દઇ દીધો હોય એમ લાગતું નથી.

---

૧૭. "જૈ. હિ." : સને ૧૯૧૪ : નવેમ્બર–ડિસેમ્બર : પૃ. ૮૯૨–૮૯૭

આવો જ તે સમયનો બીજો સળગતો પ્રશ્ન વિધવાવિવાહનો હતો. જીવનની પહેલી પચીસીમાં વાડીલાલ પુનર્લગ્નના કટ્ટા વિરોધી હતા, પરંતુ તેમણે જાહેર કર્યું હતું તે મુજબ "વધુ અનુભવે તેમ જ જુદા જુદા પ્રાંતોમાં કરવી પડતી અનેક મુસાફરીઓ દરમિયાન જોવામાં આવતી વિધવાઓની કરૂણાજનક સ્થિતિ તથા પ્રકૃતિના વધુ અવલોકને અને વાચનમાં કાલ્પનિક લેખકોને બદલે પાછળથી મળેલા વધારે પ્રૌઢ તેમ જ શાસ્ત્રીય દૃષ્ટિબિંદુઓને ધારણ કરનારા વિચારકોના લખાણોને લઇને[૧૮] એ એમના શરૂઆતના વિચારો બદલવા-પ્રેરાયા હતા અને વિધવાઓની પુનર્લગ્નની હિમાયત કરવાનું તેમણે શરૂ કર્યું હતું.

વાડીલાલ હાઇસ્કૂલમાં ભણતા હતા ત્યારે મણિલાલ નભુભાઇ દ્વિવેદીના લખાણોથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. જુનવાણી વિચારપદ્ધતિને અનુસરીને મણિલાલ દ્વિવેદીએ પત્રકાર જીવન વ્યતીત કર્યું હતું અને ધર્મસુધારણા તેમજ સમાજસુધારણા માટે સમાજને દોરવણી આપી હતી. તેઓ સંસ્કૃત ભાષાના ઉચ્ચકક્ષાના અભ્યાસી હતા તેથી સંસ્કૃત શાસ્ત્રોના અભ્યાસ પછી એમને સમજાયું હતું કે વિધવાવિવાહ શાસ્ત્રસંમત નથી. એમના આવા વિચારોને કારણે તે સમયના ગુજરાતી સમાજસુધારકો સાથે એમને આ પ્રશ્ન અંગે ઘણી મથામણ કરવી પડી હતી, કારણ વિધવાલગ્નની હિમાયત કરવા ઉપરાંત "યાહોમ કરીને પડો ફતેહ છે આગે" એવી હાકલ કરનાર નર્મદે તો એક વિધવા સાથે લગ્ન કર્યાં હતા અને બીજી વિધવાને આશરો આપ્યો હતો. એ સઘળી પરિસ્થિતિઓને અનુલક્ષીને મણિલાલ દ્વિવેદીએ "નારી પ્રતિષ્ઠા" શીર્ષક વાળું એક પુસ્તક

---

૧૮. "જૈ. હિ." : ૧૯૧૭ સપ્ટે. જૂન ૧૯૧૮ : પૃ.૫૫૭

ગુજરાતી પ્રેસ મારફત પ્રસિધ્ધ કર્યું હતું, જેની ત્રણ ત્રણ આવૃત્તિઓ થઇ ચૂકી હતી. પરિણામે ઓગણીસમી સદીના છેલ્લા દસકાના સૌ કોઇ વિચારકને મણિલાલનાં લખાણો સ્પર્શી ચૂક્યાં હોય તો એમાં નવાઇ જેવું નથી – વાડીલાલ પણ તેમાં અપવાદ નહોતા. મણિલાલનાં લખાણોથી પ્રેરાઇને જ શરૂઆતમાં તેમણે વિધવાલગ્ન વિશે વિરોધ નોંધાવ્યો હતો, અને એમની સોળ વર્ષની ઉંમરે લખાયેલા "મધુમક્ષિકા" નામના પુસ્તકમાં પણ એ પ્રશ્નની છણાવટ એ જ દૃષ્ટિને અનુસરીને સુપ્રસિધ્ધ આંગ્લલેખક એડિસનની પધ્ધતિએ પત્રો લખીને કરી હતી; પરંતુ પાછળથી એમના વિચારોમાં અને માનસિક વલણમાં ફેરફાર થયો ત્યારે લગ્નમીમાંસાના પાયામાં રહેલા બ્રહ્મચર્ય, લગ્ન અને પુનર્લગ્ન એ ત્રણેય દૃષ્ટિબિંદુઓને વિવિધ નજરે તપાસીને તથા એ ત્રણે શબ્દોની પાછળ છૂપાયેલા ગુપ્તભાવને સ્પર્શી શકાય એવી શૈલીએ મૂલ્યાંકન કરીને સારાયે સમાજમાં ઊહાપોહ જગાવ્યો હતો. પુરાણમતવાદીઓ તરફથી આ પ્રશ્ન બાબત થયેલા અનેક હુમલાઓ સામે વાડીલાલે એકલે હાથે ટક્કર ઝીલી હતી. કેટલાક વિચારશીલ સજ્જનો તરફથી લખાયેલા વિરોધ દર્શાવતા પત્રોના જવાબમાં વા. મો. શાહે નોંધ્યું હતું કે : "હું પુનર્લગ્નનો હિમાયતી છું, અને તેથી શાસ્ત્ર અને સમાજનો દ્વેષી છું એમ પણ ઇશારો કરવામાં આવ્યો છે. અને તે બાબતમાં પણ મારા પર અંગત કટાક્ષ કરવામાં આવ્યા છે. આ અંગત બાબતોને હું મુદ્દાની વાતથી છૂટી પાડી હવામાં ફેંકી દઇશ અને સમાજને કામના પુનર્લગ્નના સવાલને જ પકડીશ. હું લખતાં શીખ્યો ત્યારથી ગઇસાલ સુધી લગભગ ૧૭ વર્ષ સુધી હંમેશ પુનર્લગ્નના વિચાર-ની વિરુધ્ધ હતો અને "મધુમક્ષિકા" નામના મારા પ્રથમ પુસ્તકમાં તેમજ "હિતેચ્છુ"ના છૂટાછવાયા લેખોમાં મેં પુનર્લગ્નની વિરુધ્ધ જ વિચારો

જણાવ્યા હતા. છેલ્લા દોઢેક વર્ષથી મને નવું વાંચવા-વિચારવાના પ્રસંગ પ્રાપ્ત થતાં અને "જૈન સ્પિરિટ" પર ઊંડો ઊહાપોહ કરવાના સંયોગ મળતાં મને મારો પૂર્વનો નિશ્ચય એકપક્ષી (one-sided) જણાયો; હમણાં હું ઘણી દ્રષ્ટિથી એ સવાલને વિચારું છું અને પુનર્લગ્ન કરવું જ જોઇએ કે ન જ કરવું જોઇએ એ બંને પ્રકારના એકાન્તવાદને હવે હું ભૂલ માનું છું..... ...... મારે મન આનંદનો વિષય છે કે મારા પર દ્વેષભાવે કટાક્ષ કરવામાં આવતાં તેમાંથી પણ સમાજને તો કાંઇ નહિ ને કાંઇ લાભ જ થાય છે ! અને એટલા માટે આથીયે વધારે લેખકો-લખવા શીખતા બાળકો-મારા ઉપર કટાક્ષ કરવામાં કે ગાળો દેવાના વધારે પ્રસંગો લે તો એ હું આશ્ચર્ય પામીશ નહિ."[૧૯]

ત્યારબાદ "જૈન દ્રષ્ટિએ લગ્ન અને પુનર્લગ્ન" શીર્ષકવાળો લેખ લખીને વાડીલાલે પોતાના વિચારો વધુ દ્રઢતાથી રજૂ કર્યા હતા કે : " મારા આ વિચારો અને દલીલોની બારીકાઇઓમાં ચંચુપાત કરવાને અશક્ત એવા સાધારણ જનસમાજને કેટલાક સ્વાર્થી શત્રુઓ એમ સમજાવવાને કોશિશ કરશે કે હું અધર્મનો હિમાયતી છું ! મને તેવી ખટપટનો ડર નથી; કારણકે ઉચ્ચતત્ત્વોની બાબતમાં ગેરસમજ ન થવા પામી હોય એવો કોઇ જમાનો મેં સાંભળ્યો નથી..........હું નથી પુરાણપ્રેમી[orthodox] કે નથી "સુધારક" નામથી ઓળખાતી કોઇ ટોળીનો મેમ્બર.પુનર્લગ્નને હું પવિત્ર કે ધર્મ નથી માનતો. હું બંનેને "વ્યવહાર" નીતિ માનું છું અને પુનર્લગ્ન તેમજ પહેલીવારના લગ્નનો હક પણ અમુક સંજોગોમાં જ આપવો જોઇએ એ મતનો છું. બ્રહ્મચર્યનો હું ચુસ્ત હિમાયતી છું"[૨૦] આ નિબંધમાં

૧૯. "જૈ. હિ." : ૧૯૧૫ : સપ્ટેમ્બર : પૃ. ૨૭૨

૨૦. "જૈ. હિ." : ૧૯૧૫ : ઓકટોબર-ડિસેમ્બર : પૃ. ૩૯૩

ચર્ચાયેલી વિચારણાને સમર્થન મળે એવો બીજો લેખ "આપણી આસપાસ ચાલતું નાટક" એ શીર્ષકથી લખ્યો હતો, જેમાં પુનર્લગ્નના વિષયની અનોખી છણાવટ તેમણે કરી હતી.

રૂઢિચુસ્ત જૈન સમાજમાં વિધવાલગ્નની હિમાયત કરવાની શરૂઆત વાડીલાલે કરી. લોકોને એમ પણ લાગ્યું કે "પારકા છોકરાને જતિ કરવા તૈયાર થયા છે તે પહેલા પોતાના જ છોકરાને જતિ કેમ કરતા નથી ?" આ પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે વાડીલાલને દૈવયોગે એક પ્રસંગ પ્રાપ્ત થયો, અને તેથી એમના સુધારાને પુષ્ટિ મળી. વાડીલાલના લઘુબંધુ શકરાભાઇ એ અરસામાં વિધુર થયા અને વિધવા સાથે લગ્ન કરવાની વાડીલાલની સલાહ એમણે સ્વીકારી, પણ કોઇ વિધવા એને પરણવા તૈયાર થવી જોઇએ ને ! અને વિધવાનો બાપ પોતાની દીકરીના આવા પ્રકારના લગ્ન માટે સંમત થવો જોઇએને ! ઘણી મથામણ અને મંથન બાદ આકસ્મિક રીતે એક વિધવાના પિતા તરફથી આમંત્રણ મળતાં શકરાભાઇનો વિજયાબેન સાથેનો લગ્ન સમારંભ, સમાજ ઉપર છાપ ઊભી કરવા માટે મધ્યમુંબઇમાં ધામધૂમથી ઉજવાયો હતો અને એ નોંધપાત્ર છે કે સઘળા ફિરકાના માનનીય સજ્જનોએ ભોજન-સમારંભમાં હાજરી આપી હતી. આ પ્રસંગ પછી મિ. ગંડેમલ ભાબરાએ વાડીલાલને એ વરકન્યાસહિત પંજાબ બોલાવવા આમંત્રણ પાઠવ્યું હતું જેથી ત્યાં વિધવાવિવાહના પ્રશ્નને વેગ મળે.[૨૧]

વર્ષોસુધી "પુનર્લગ્ન" અંગે પોતાના જૈનહિતેચ્છુ પત્રમાં વાડીલાલે વિનામૂલ્યે જાહેરખબરો છાપી હતી અને વિધવાઓને વિનાસંકોચે સમાજમાં બહાર પડી એમનાં પુનર્લગ્નની ઇચ્છાને લગતી માહિતી આપવા અનુરોધ કર્યો હતો.

---

૨૧. "જૈ. હિ. : ૧૯૧૭ : સપ્ટેમ્બર : પૃ. ૫૫૮-૫૬૫

આપણા ગુજરાતમાં દુર્ગારામ મહેતાજીએ[22] વિધવા વિવાહની હિમાયત કરી પોતે જ વિધવા સાથે લગ્ન કરવાની જાહેરાત કરીને સમાજને ભડકાવ્યો હતો ત્યારે ધર્મ રસાતાળ જશે એવી બીક ધરાવનારા સજ્જનોએ એ માસ્તરને કોઇ કુંવારી કન્યા સાથે પરણાવી દીધા હતા અને પરિણામે પુનર્લગ્નની હિમાયત કરનાર દુર્ગારામ માસ્તરે દરિયામાં ડૂબકી મારવાને બદલે છીછરા પાણીમાં બેસી જવા જેવું કર્યું હતું આ વાત જગ જાહેર છે. આવો જ એક પ્રસંગ દિગંબર સંપ્રદાયમાં ૧૯૨૦ની સાલમાં બન્યો હતો. ત્યારે વાડીલાલે તેને કેવી મદદ કરી હતી તે નોંધપાત્ર છે. શાસ્ત્રોના અભ્યાસી જૈન પંડિત ઉદયલાલજી કાસલીવાલાને કન્યા નહિ મળવાથી એમણે બ્રાહ્મણ જ્ઞાતિની એક વિધવા સાથે લગ્ન કરવાનું જાહેર કર્યું હતું તેથી જૈનસમાજમાં હોહા થઇ ગઇ હતી. પંડિત ઉદયલાલજીનો બહિષ્કાર કરી સમાજે તેમને મંદિરમાં પૂજા કરવા જવા દેવાની પણ મનાઇ કરી હતી. વાડીલાલને આ વાતની ખબર પડતાં એમણે ઉદયલાલજીને પોતાને ખર્ચે મુંબઇમાં લગ્ન કરાવી આપ્યું હતું અને લગ્ન બાદ મંદિરમાં પાંચસાત માણસો સાથે જઇ દર્શન કરી આવ્યા હતા. આમ સ્વેચ્છાએ વિરોધ વહોરી લેવાનું વાડીલાલને કોઠે પડી ગયું હતું. ઉદયલાલજીને આ લગ્નમાં સંપૂર્ણ સહકાર આપવાની વાત કરી વાડીલાલે એમને પાનો ચઢાવતાં કહ્યું હતું કે : " ઉદયલાલ ! તારી છુપાયેલી શક્તિઓના ઉદયનો આ પ્રસંગ છે, ગફલત અને પ્રમાદમાં ન રહેતો.........લગ્નને થોડો વખત મોકૂફ રાખી લોકમત એટલી હદ સુધી કેળવજે કે જેથી દુર્યોધનની છાતી પર પગ મૂકી લોકો એ લગ્નમાં તને આશીર્વાદ આપવા હાજર થાય અને એ દ્રશ્યના ફોટોગ્રાફ જોઇ સમાજશત્રુઓની આંખમાં મરચાં પડે. મંદિરમાં આવતા અટકાવવાની સત્તા તારી બિરાદરીને હોઇ શકે નહિ, માટે એ

૨૨: 'મધુમક્ષિકા' : પૃ.૬૯

બાબતમાં કાયદેસર પગલાં લેવાં પણ ચૂકતો ના; અથવા, એટલે દૂર પણ શા માટે જવું ? લગ્ન કરીને તારા તે પગલા તરફ સહાનુભૂતિ ધરાવતા સજ્જનોની પલટન સાથે એક વિજેતાની માફક મંદિરમાં જઈ દર્શન કરજે, -જોઈ લેવાશે કે કોણ અને કેવી રુકાવટ કરે છે. મને પોતાને એકદા અમદાવાદના અમુક જાહેર મકાનમાં ભાષણ નહિ કરવા દેવાની બાજી રચવામાં આવી હતી અને ભાષણના સમયે દ્વારને અંદરથી સાંકળ દેવામાં આવી હતી, છતાં બસો સજ્જનોના લશ્કર સાથે દ્વાર ઉતારીને હું અંદર પેઠો હતો અને ભાષણ આપી એક લોકોપયોગી ફંડ કરી વિઘ્ન કરનારને પોલિસના હાથે જ દૂર ફેંકાવી ઊંચે મસ્તકે ચાલ્યો આવ્યો હતો."[૨૩]

વાડીલાલની આ તાકાત પ્રશંસનીય છે એમાં કોઈ ના કહી શકે એમ નથી. શારીરિક તો ન કહીએ પણ માનસિક અને આત્મિક બળ એમનામાં અમાપ હતું. કોઈને નમતું જોખવું એ એમના લોહીમાં જ નહોતું એમ આપણે ઉપર્યુક્ત વર્તન પરથી કહી શકીએ. વિધવા લગ્નના પ્રશ્ન અંગે તો વાડીલાલે અનેક લેખ લખ્યા હતા પણ "પ્રમાણિકતા અને વસ્તુસ્થિતિનું ભાન" શીર્ષકવાળા લેખમાં તો બાળલગ્નો અને વિધવા-ઓના આંકડા રજૂ કરી સમગ્ર જનતાનાં હૃદયમાં હલચલ મચાવી દે તેવી હકીકત આપી હતી; એ વિશેનું અવતરણ રજૂ કર્યા વિના આ વિધવાલગ્નની ચર્ચામાં ક્ષતિ રહી જાય એમ લાગવાથી નીચે આપ્યું છે:

" હિંદમાં ૨ કરોડ ૬૪ લાખ તો બાળવિધવા છે; એટલે કે ૧૫ વર્ષની નીચેની ઉંમરની એટલી વિધવાઓ છે ! ૧૦ થી ૧૫ ની વયની ~~કન્યા~~

---

૨૩. "જૈ. હિ." : ૧૯૨૦ : સપ્ટેમ્બર : પૃ. ૯૯-૧૦૦ અને "વા. મો. શાહનો સંસારસુધારો" : પૃ. ૨૬૯-૨૭૦.

૬૫॥લાખ "પત્ની"ઓ છે, અને ૨ા। લાખ વિધવાઓ છે ! ૫ થી ૧૦ વર્ષની વયની ૨ા। લાખ "પત્ની"ઓ છે અને ૯૫ હજાર વિધવાઓ છે ! ૪ વર્ષની ઉંમરની ૧ લાખ ૩૪ હજાર "પત્ની"ઓ છે, ૧૦ હજાર વિધવાઓ છે ! ૩ વર્ષની ઉંમરની ૫૦ હજાર "પત્ની"ઓ છે, અને બે હજાર વિધવાઓ છે. વધારે આંસુ પાડવાં હોયતો સાંભળો હજી :- <u>૧ વર્ષની ઉંમરની</u> ૩૧ હજાર "પત્ની"ઓ છે અને <u>બે હજાર વિધવાઓ</u> છે. પરિણામ શું ? ફકત <u>કલકત્તા</u> શહેરમાં ૧૦ વર્ષથી નીચેની ઉંમરની ૧૧૦૦ વેશ્યાઓ નજરે પડે છે કુલ્લે વેશ્યા કલકત્તામાં ૧૪ હજાર ! હિંદમાં કુલ ૫ લાખ સ્ત્રીઓ ખુલ્લીરીતે વેશ્યાનો ધંધો સેન્સસમાં નોંધાવે છે, શરમથી નહિ લખાવનારી વેશ્યાઓ અને ખાનગી કુકર્મો કરનારીની સંખ્યા તેથી પણ વિશેષ ! "દેશદર્શન" નામના હિંદી પુસ્તકના વિદ્વાન લેખકે આખા દેશમાં ફરીને દરેક સ્થિતિના લોકોને મળીને ખરી હકીકતો બહાર પાડી છે, તેમાંની ૩ વેશ્યાઓની હકીકત ગમે તેવા પથ્થર જેવા કલેજાને પણ વીંધી નાખવાને પૂરતી છે. એક સ્થળની વેશ્યા કહે છે : "હું બાળવિધવા છું. યાત્રાના બહાને મારો ભાઇ અહીં લાવી છોડી ગયો, ફરી પત્ર પણ લખ્યો નથી અને ખબરે લીધી નથી. ભૂખે મરવાથી વેશ્યાનો ધંધો કરું છું, તોય પૂરું થતું નથી. મારી ઉંમર ૨૯ વર્ષની છે; મારા જેવી અભાગીની અહીં બીજી ૯ સ્ત્રીઓ છે"! બીજા સ્થળની લક્ષ્મી કહે છે :"હું બ્રાહ્મણી છું. મારી સાસુ અહીં મૂકી ગઇ છે. મેં પત્ર લખ્યોતો જવાબ મળ્યો કે, અહીં શું મોં લઇને આવવું છે ? ત્યાં જમનામાં જ ડૂબી મર ! મા મરી ગઇ છે, બાપે પત્રનો જવાબ પણ લખ્યો નહિ." ત્રીજી કહે છે : " મારા પતિ સાધુ થઇ ગયા. સસરો નજીવી રકમના પેન્શન પર ગુજારો કરતો હતો. તે મરી જતાં ગુજરાન ચલાવવું મુશ્કેલ થઇ પડ્યું.

આ છોકરીને વેશ્યાના ઘેર વેચવાની તજવીજમાં છું. ભારતવાસીઓ! આંખો ખોલો, અને દેરાં-અપાસરા-મઠ-જોગી-જતિમાં લાગ્યા રહેવાને બદલે વધતા જતા આ ગજબ તરફ નજર કરો. તમારે ઘણું કરવાનું છે, સંથારા કરવા પાલવે તેમ હવે રહ્યું નથી. તમારા ૧૦૦ ભાઇઓમાં પ્રાથમિક શિક્ષણ પણ ૨૮ ને જ મળે છે, ૧૦૦ બહેનોમાં માત્ર ૪ ને જ મળે છે. અજ્ઞાનતાની કંઇ હદ ! અને આ અજ્ઞાનીઓ પછી ફલાણો ધર્મ સાચો ને ફલાણો જૂઠો કહી "પરીક્ષક" બને છે !.......ઓ ત્રાહિ ત્રાહિ !"[૨૪]

જો તે સમાજ આટલું જાણવા છતાં ન ચેતે અને બાળલગ્નો અટકાવી વિધવાના પુનર્લગ્ન કરાવવા માટે કટિબધ્ધ ન થાય તો વાડીલાલે વિધવાઓને મેદાનમાં આવવાની હાકલ કરી હતી અને પોતાને આવેલા સ્વપ્નના સ્વરૂપમાં એ વાત રજૂ કરી હતી કે "બાળાઓ, માતાઓ, વિધવાઓ, વગેરેની એક ગંજાવર ફોજ સાંબેલા, સૂપડાં, ચીપિયા, ત્રાક, કડછી વગેરે વગેરે ઘરવખરાની ચીજો હાથમાં લઇ તે વડે પુરુષવર્ગને મારવા કેવા વેગથી તથા કેવા દીવાનાપણાથી દોડી જતી હતી અને કેવી હૃદયભેદક ચીસો પાડતી હતી.......હું તે દેખાવને ભવિષ્યવાણી માનું છું, કારણકે મને કુદરતનો નિયમ અને ઇતિહાસનો પાઠ ધ્યાનમાં છે કે "રાજાઓ જ્યારે બહુ જ સ્વચ્છંદી અને જુલ્મી થાય છે ત્યારે પ્રજામાં છેવટે અણધાર્યું બળ ઉત્પન્ન થઇ તેઓ હુલ્લડ મચાવે છે અને અમર્યાદિત સત્તાનું ધૂસરું તોડી-ફોડી ફેંકી દે છે."[૨૫] વાડીલાલની આટલી હદની ક્રાંતિકારી ભવિષ્યવાણી આજે આપણે સાકાર થતી નિહાળીએ છીએ અને વાડીલાલ ખોટા

---

૨૪. "જૈ. હિ." : ૧૯૧૯ : સપ્ટેમ્બર થી જૂન ૧૯૧૮: પૃ. ૬૦૬-૬૦૭; અને "વા. મો. શાહનો સંસારસુધારો": પૃ. ૨૦૦-૨૦૨

૨૫. "જૈ. હિ.: ૧૯૧૫ : ઓક્ટોબર-ડિસેમ્બર : પૃ. ૩૮૭-૩૮૮; અને "વા. મો. શાહની તત્ત્વકથાઓ" : પૃ. ૩૪-૩૫

તો નહિ પણ થોડા વહેલા હતા એમ ચોક્કસપણે કહી શકીએ છીએ. તેઓએ સાચું જ કહયું હતું કે : "ધન્ય છે, હિન્દુ સમાજ તારા ન્યાયને ! શાબાશ છે તારી દયા અને માણસાઈની ભાવનાને !

ચૂલામાં પડો તારી કર્મની વિચિત્રતાની દલીલ ! કર્મ રંડાપો આપે, પણ કર્મ ફરજિયાત વૈધવ્ય પળાવતું નથી ! કર્મ ધનવાનને ભિખારી બનાવી શકે, પણ કર્મ એને હમેશને માટે ભિખારી રહેવાની નીતિને ધર્મ્ય માનવાની ફરજ પાડી શકે નહિ. કર્મ એક જુવાન દોસ્તનો વિયોગ કરાવી શકે; પણ કર્મ બીજો જુવાન મિત્ર મેળવવાની કોશિશને "પાપ" ઠેરવવા જેટલી નિર્દયતા શીખ્યું નથી, – એ નિર્દયતા તો એણે હિંદુ સમાજ માટે જ "રિઝર્વ્ડ" રાખી છે !"[૨૬]

આ રીતે અતિશય ઉગ્ર તેમજ કટુવાણીમાં લખેલા "વિધવા-વિવાહને લગતા લેખો "જૈનહિતેચ્છુ"માં રજૂ કરવાનું એમણે વર્ષો સુધી ચાલુ રાખ્યું હતું. અવતરણોની અતિશયતાના ભયથી આ પ્રશ્નને લગતા બીજા કેટલાક મહત્ત્વના લેખોનો ફકત ઉલ્લેખ કરી સંતોષ માનીશ.

૧. "લગ્ન, પુનર્લગ્ન અને બ્રહ્મચર્ય!" : જૈ. હિ. : ૧૯૧૫ ઓકટો.-ડિસે. પૃ.૩૮૯-૩૯૬; અને ૧૯૧૭ સપ્ટે. પૃ. ૫૨૩-૫૫૫ અને વા. મો. શાહનો સંસારસુધારો : પૃ. ૧૫૦-૧૯૬
૨. : આ દુ:ખ કેવી રીતે સહન કરવું ? એજન પૃ.:૩૫૬-૩૫૮ અને એજન પૃ. ૨૩૪-૨૩૭.

---

૨૬. "જૈ. હિ." : ૧૯૧૬ : માર્ચ : પૃ. ૯૫-૯૬; અને "વા. મો. શાહનો સંસારસુધારો" : પૃ. ૨૦૫

3. " વિધવા વિવાહની વિચારણા" : એજન ૧૯૧૬ : ઑગષ્ટ
પૃ. ૭૦-૭૭ : અને એજન પૃ. ૧૯૭-૨૨૯

૪. " બાળલગ્ન અને વૃદ્ધલગ્ન વિરુધ્ધ કાયદો" : એજન ૧૯૧૭
જૂન પૃ. : ૨૮૫-૨૮૯ ; અને એજન પૃ. ૨૭૫-૨૮૪

૫. " સમાજ સુધારકોને !" : જૈ. હિ. ૧૯૧૮ : જૂન પૃ. ૫૫૬-૫૬૫
તથા એજન : પૃ. ૧૪૩-૧૪૯ ; અને "જીવનમાધુરી : ૧૯૫૭ : જૂન

૬. " વિધવા લગ્નની છણાવટ" એજન ; પૃ. ૫૬૭-૫૯૦ અને
એજન : પૃ. ૨૫૬-૨૬૬

૭. " મહાત્માગાંધી અને વિધવાલગ્ન" એજન : પૃ. ૫૯૨-૫૯૪ ;
અને એજન પૃ. ૨૪૧-૨૪૫

૮. " જૈનોમાં વિધવાલગ્ન" : એજન ૧૯૧૯ સપ્ટે. પૃ. ૯૭-૧૦૧,
જૈ. હિ. ૧૯૨૧ જૂન : પૃ. ૧૩૯-૧૪૧ અને એજન પૃ. ૨૬૭-૨૭૪

૯. " વિધવા-વિવાહ-ખંડન" એક સ્વાધ્યાય : એજન : ૧૯૨૦
સપ્ટેમ્બર : પૃ. ૨૨૧-૨૨૩ ; "જૈનહિતૈષી" : ૧૯૨૦ : જુલાઇ
ઑગષ્ટ ; અને "સંસારસુધારો" : પૃ. ૨૩૦-૨૩૩

૧૦. " સમાજ સુધારણા" : જૈનપ્રકાશ : તા. ૨૮-૮-૧૯૨૭;
"સંસારસુધારો" : પૃ. ૧૩૩-૧૩૬

સુધારક વાડીલાલે ફકત બાળલગ્ન અને વૃદ્ધલગ્નનો વિરોધ અને વિધવાલગ્નની હિમાયત વિશેના જ લેખો લખ્યા છે એમ રખે કોઇ માની લે. કારણ જ્યારે જ્યારે અંધશ્રધ્ધા અને અન્યાય જણાયાં ત્યારે ત્યારે

એમણે વિરોધ કર્યો જ છે. "જૈનસમાચાર" યુગમાં શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણનો પ્રચાર ઠીક ઠીક પ્રમાણમાં થઇ રહ્યો હતો તે વખતે સંકુચિતવૃત્તિને વરેલા ધર્મધેલડાઓએ એ લખાણની સામે વિરોધનો સૂર ઉચ્ચાર્યો હતો ત્યારે વાડીલાલે શ્રીમદ્ રાજચંદ્રનાં લખાણમાં જે અદ્ભુતતા અને ઉપયોગિતા હતી તે તરફ એ મહાપુરુષનાં લખાણોમાંથી અવતરણો રજૂ કરી અંગુલિનિર્દેશ કર્યો હતો. પરંતુ થોડા સમય બાદ શ્રીમદ્ના ગતાનુગતિક ભક્તોએ તેમને માટે પ્રશંસાનાં પુષ્પો વેરતી વખતે ૨૫મા તીર્થંકર તરીકે જાહેર કર્યા હતા. અને શ્રીમદ્ રાજચંદ્રે પોતે પણ એમ કહેવાની હામ ભીડી હતી કે : " હું બીજો મહાવીર છું એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે. મારા ગ્રહ દસ વિદ્વાનોએ મળીને પરમેશ્વરગ્રહ ઠરાવ્યા છે. સત્ય કહું છું કે હું સર્વજ્ઞસમાન સ્થિતિમાં છું. વૈરાગ્યમાં ઝીલું છું."[૨૭] અને એમ પણ કહયું હતું કે : " મહાવીરે તેના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરી શ્રેષ્ઠ ધર્મ સ્થાપન કરીશ. અમે એ ધર્મના શિષ્યો કર્યા છે. અને એ ધર્મની સભા સ્થાપન કરી લીધી છે............સર્વ પ્રકારથી હું સર્વજ્ઞ સમાન અત્યારે થઇ ચૂકયો છું એમ કહું તો ચાલે. જુઓ તો ખરા ! સૃષ્ટિને કેવા રૂપમાં મૂકીએ છીએ."[૨૮]

આવું વાંચીને વાડીલાલથી મૌન સેવી શકાયું નહિ. તેમણે વિરોધની પરવા કર્યા વગર બેધડકરીતે જણાવી દીધું કે " તેમનાં જુદાં જુદાં લખાણોનો સંગ્રહ, નિષ્પક્ષપાત બુદ્ધિએ જોનારના હૃદયમાં લેખક માટે વિદ્વાન તરીકેનું માન ઉત્પન્ન કરવાને પૂરતો છે; જો કે સ્વામી

---

૨૭. " શ્રીમદ્ રાજચંદ્ર" : નવમી આવૃત્તિ : આંક ૨૭-૨૮;
પૃ. ૧૬૫-૧૬૬ શ્રીચત્રભૂજ બેચર મહેતા પર લખેલા પત્રમાંથી
૨૮. એજન.

રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ વગેરેની બુધ્ધિ અને પરાક્રમના મુકાબલામાં તેમનું તેજ તુરત ઝાંખું પડે છે. કાઉન્ટ ટૉલ્સ્ટૉય સાથે એમને સરખાવનાર તો બિચારા છેક જ મોહદશામાં હોય એમ લાગે છે. કાઉન્ટ મહાત્મા તો દરેક દિશામાં — જગહિતના વ્યવહારુ કામોની દરેક દિશામાં એક્કો હતો અને તેણે પોતાની સઘળી દોલત તથા શકિત જન હિતાર્થે અર્પણ કરી હતી, જયારે મરહુમ કવિની મિલકત તેમના પુત્ર, ભાઇ તથા કોર્ટ સિવાય બીજા કોઇને [જીવતાં કે તે પછી પણ] મળી જાણી નથી અને તેમની શકિત પણ વ્યાપાર અને ક્વચિત્ એકાંતવાસ વગર બીજા ઉપદેશના કે જીવદયાના કે દેશભકિતના કોઇ કામમાં ખર્ચાઇ જણાતી નથી. છતાં અંધશ્રધ્ધાળુ થઇ મોટી મોટી વાતો કરવી એ માત્ર અમુક દરજ્જે લાયકાત ધરાવતા પૂજ્યપાત્રને દુનિયામાં હલકા પાડવા જેવું જ કામ છે. જૈનોની હાલની સ્થિતિના પ્રમાણમાં એમનું એટલું જ્ઞાન પણ આપણને અભિમાન લેવા જેવું ગણાત, જો તેમના કેટલાક અતિડાહયા ભકતોએ તેમને અવતાર તરીકે પૂજાવવાની લોલુપતા ન રાખી હોત/તો." [29] આવા આખાબોલા વાડીલાલના દુશ્મન કોણ ન થાય ! શ્રીમદ્ રાજચંદ્રના ભકતો પણ એમના વિરોધીઓ બન્યા હતા. એ વાતને અનુલક્ષીને એ પત્રકારે ખુલાસો કરતાં લખ્યું હતું કે "મોક્ષનો રસ્તો જ મારા સિવાય બીજો નથી" તથા " મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે" એ મતલબના કેટલાક શબ્દો જીવનની શરૂઆતમાં ઉચ્ચારવાની ભૂલમાં તેઓ પડી ગયા હતા પરંતુ છેક મૃત્યુ વખતે આવી ભૂલમાંથી તેઓ મુકત થયા હતા," એ ખરેખર નોંધપાત્ર છે. [30] એ દ્રષ્ટિએ સને ૧૯૦૭ ના "જૈનસમાચાર"માં દર અઠવાડિયે શ્રીમદ્ રાજચંદ્રની પ્રરુપણાની તટસ્થભાવે સમાલોચના તેમણે લખી હતી.

---

૨૯. "જૈ. હિ. : ૧૯૧૧ : એપ્રિલ-મે : પૃ. ૧૮-૧૯ અને "જૈન સમાચાર" તા. ૮-૮-૧૯૧૦ : પૃ. ૫ ;

30. એજન પૃ. ૧૮

આ ઉપરાંત પંડિત લાલન અને શિવજી નામના શ્વે. મૂ.વર્ગના સ્વતંત્ર વિચારણાને વરેલા બે અગ્રેસરોને નવાંગીપૂજા કરાવવા નિમિત્તે અને "સ્વાનુભવદર્પણ" નામનું પુસ્તક પ્રસિદ્ધ કરવાના ગુનાને કારણે તેમના જ પંથના એક મુનિરાજ શ્રી નેમવિજયજીએ સાત ગામના મૂર્તિપૂજક સમાજમાંથી બહિષ્કાર કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો ત્યારે વાડીલાલે એ બંને મિત્રોના પક્ષમાં ઊભા રહીને જનતાને સાચી વાત સમજાવવા પ્રયત્ન કર્યો હતો. પંડિત લાલન તો વાડીલાલના દિલોજાન દોસ્ત હતા. એમણે તો ઈંગ્લૅંડ અને ફ્રાંસથી વાડીલાલની સમાજોદ્ધારની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાદાયક પત્રો પાઠવ્યા હતા છતાં એ જ્ઞાનીપુરુષ તરફથી સમાજને વધુ ઊંડી અને ફલદાયક દોરવણી મળે એવા હેતુથી વાડીલાલે "જૈનસમાચાર" અને "જૈનહિતેચ્છુ"માં ઘણા લેખો લખ્યા હતા.

૧. દસમી જૈન શ્વે. કૉન્ફ. એક ઊડતી નોંધ – જૈ. હિ. ૧૯૧૬ ઑગષ્ટ : પૃ. ૧૧૧–૧૧૪

૨. "બુઢા લાલનની જાન" : જૈ. હિ. ૧૯૧૬ ઑગષ્ટ: પૃ. ૧૪૭–૧૫૨

૩. " પંડિત લાલન અને શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ" : જૈનસમાચાર : તા. ૮–૮–૧૯૧૦ પૃ. ૫

૪. " પંડિત લાલન નિર્દોષ !" : એજન : તા. ૨–૧૧–૧૯૧૦ : પૃ. ૧૫

૫. " ટી-પૉટ માંનું તોફાન" – આ તે શિક્ષા કે "સેવા" : એજન : તા. ૧૫–૮–૧૯૧૦ : પૃ. ૧–૨

૬. " લાલન, લાલન ! હવે તો હદ થઈ !" " સ્વ તેમજ પર બંનેનું બગડે છે, માટે લાલન, હવે તો હદ થઈ ! એજન : તા. ૧૪–૧૧–૧૯૧૦ : પૃ. ૫–૬

HANSA MEHTA LIBRARY 351 THE M.S. UNIVERSITY OF BARODA

પંડિત લાલન જૈન વર્ગમાં દલીલપૂર્વક લખનાર અને બોલનાર તરીકે ખ્યાતિ મેળવી ચૂકયા હતા તેમને વા.મો.શાહે આહ્‌વાન આપ્યું હતું અને પોતાનું વર્તન સુધારવા અરજ કરી હતી. જ્યારે તે પંડિતજીએ મુંબઇમાં બાળકોનું [બાળક જેવા માણસોનું]માનપત્ર સ્વીકાર્યું ત્યારે તેમના કટ્ટા શત્રુએ પણ ન કર્યા હોય એવા પ્રહાર વાડીલાલે કર્યા હતા અને સૂચવ્યું હતું કે : " સિંહનું ચામડું" પાછું મૂકો અને "સુધારક" તથા "સમાજ-સેવક" તરીકે જ પ્રમાણિક પ્રવૃત્તિ કરો. તત્ત્વજ્ઞાનીના ઊંચા ગૌરવને ધૂળમાં ન રોળો; એને તો નિર્મળ જ રહેવા દો. જૈનસમાજમાં હજી તમારે માટે સ્થળ છે, જરૂર છે; તમે એને સહાય કરી શકશો. અને તે તમને માન આપી શકશે. વાજબી રીતે માન આપી શકશે; અને તમને માન પામતા જોઇને મારા જેટલો પ્રસન્ન બીજો કોઇ ભાગ્યે જ થશે."[31]

વા.મો.શાહનો દુશ્મનો વહોરી લેવાનો બીજો એક પ્રસંગ પણ નોંધપાત્ર છે. સને ૧૯૧૭ માં ભારતસચિવ સદ્‌ગત મોન્ટેગ્યુ હિંદની મુલાકાતે આવ્યા હતા ત્યારે કેટલાક જૈનોએ એ તકનો લાભ લઇને સરકાર સાથે પત્રવ્યવહાર કરીને સમસ્ત જૈન કોમ તરફથી તેમને માનપત્ર એનાયત કરવાની પરવાનગી મેળવી હતી અને એ માનપત્રના ખરડામાં જૈનોને ધારાસભામાં ખાસ બેઠકનો લાભ આપવાની માગણી મંજૂર કરવાની ઇચ્છા પણ જાહેર કરવામાં આવી હતી. એ ખરડો મંજૂર કરવા માટે એક જાહેરસભા બોલાવવામાં આવી હતી અને તેમાં મુખ્ય વિરોધી તરીકેનો પાઠ વાડીલાલે ભજવ્યો હતો. તે વખતે મીટિંગમાં હાજરી આપવાનો વાડીલાલને અધિકાર નથી એવી મેઘજીભાઇ થોભણ અને બીજા કેટલાકે

---

૩૧. " જૈ. હિ. : ૧૯૧૬ : ઑગષ્ટ : પૃ. ૧૫૨

પ્રમુખને અરજ કરી હતી ત્યારે વાડીલાલે જુસ્સાભર્યો જવાબ આપ્યો હતો કે : " જે વાતમાં બચાવ થઇ શકતો નથી તે વાત ઉડાડી દેવા માટે અથવા ક્ષુલ્લક અને અપમાનભર્યા રસ્તા લેવા તે બહાદુરીનું કામ નથી. કાયદાની નજરે આ સભામાં મને હાજરી આપવાનો હક નથી એ હું ખુલ્લા દિલથી સ્વીકારીશ. પણ કાયદાની નજર તે સભાને જ પાલવે કે જે સભા કાયદાપૂર્વક કામ કરતી હોય. શ્વે.મૂર્તિપૂજક સિવાય બીજા કોઇને સભાસદ થવાનો હક નહિ આપનાર સંસ્થા આખા હિંદના ત્રણે જૈન ફિરકાના નામથી સરકારને પત્ર લખે અને પછી મને - એક જૈનને - સમસ્ત જૈન કોમને લાગેવળગે એવા વિષયમાં મારો મત આપતાં અટકાવે એ "કાયદાની વાત" કહેવાય નહિ; અને આમંત્રણનું પૂછતા હો તો મારે ખેદ સાથે કહેવું પડશે કે રા. મેઘજીભાઇ વગેરે સ્થાનકવાસીઓ અહીં હાજરી આપી શક્યા છે તેનું મૂળ કારણ હું છું......... હું એટલું જ કહીશ કે, જે સવાલ સાથે સમસ્ત જૈન કોમને સંબંધ છે- રે સમસ્ત દેશના હિતાહિતનો જે સવાલ છે તે બાબતમાં વિચાર કરવા મળતી સભામાં - મને આમંત્રણનું કાગળિયું મળે કે ન મળે તોપણ હાજરી આપ્યા સિવાય હું રહી શકું નહિ.[૩૨]

સંસારસુધારક વાડીલાલે સમાજના મોટાભાગના પ્રશ્નોને સ્પર્શ કર્યો હતો. મુંબઇની વડી અદાલતના એક વખતના ન્યાયમૂર્તિ રા. દયારામ ગીદુમલનું નામ આખા હિંદમાં અને ખાસ કરીને ગુજરાત તેમજ સિંધમાં એ સમયે સંભળાતું હતું. એ દયારામ અને ઉર્મિલાના લગ્નની ઘટના તે સમયે અયોગ્ય ગણાઇ હોવાથી સમાજમાં ખૂબ ધમાલ મચી ગઇ હતી. વાડીલાલે જણાવ્યું હતું કે " દયારામભાઇનું નામ તો આખા દેશમાં -

---

૩૨. "જૈ. હિ." : સપ્ટે. ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૫૦૪

કેળવાયેલા તેમજ અભણ લોકોમા, સુધારકોમાં તેમજ ધાર્મિક વૃત્તિવાળાઓ-માં ગવાય છે, તેથી એમ તો જણાય છે જ કે તેઓ સઘળા વરરાજાઓ કરતાં વધારે ઉચ્ચ દરજ્જાના હોવા જોઇએ. સમાજનો મોટો વર્ગ આ લગ્નની વિરુધ્ધ હતો. ખ્યાતનામ ગુજરાતી સાહિત્યકાર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની પુત્રી ઉર્મિલા અને દયારામનાં લગ્ન વિરુધ્ધે બોલનારને વાડીલાલે બકવાટ કરનાર કહીને ચૂપ કરી દીધા હતા. એમણે કહયું હતું કે : " શ્રીયુત દયારામભાઇ એક ખરેખરા "યોગી" તરીકેનું જીવન ગાળતા જોવાયા છે. અસાધારણ શુધ્ધતાપૂર્વક ઇન્સાફ આપનારા ન્યાયાધીશ તરીકે કર્તવ્યનિષ્ઠ મનુષ્ય તરીકે, સતત અભ્યાસી જિજ્ઞાસુ તરીકે, પરોપકારી કર્મયોગી તરીકે અને શાંત સુધારક તરીકે તેઓએ જે કર્યું છે તેટલાથી તેમને આજ પહેલાં પરમાત્માથી સાક્ષાત્કાર થવો જોઇતો હતો, પરમપદ સાથે લગ્ન થઇ જવું જોઇતું હતું."[33]

દયારામ ગીદુમલે પોતે જ કહયું હતું કે : " ગીતા જેને "યોગભ્રષ્ટ" કહે છે તેવો હું છું. દ્રવ્યનો ત્યાગ કરવો મારે માટે સહેલો હતો; પણ અંદરનો "અહમ્" હણાય તે પહેલા આખી દુનિયા તરફથી તિરસ્કારનો વરસાદ પડવો જોઇએ.......મને મૃત્યુગત માનજો."

" કર્મોએ મને મરેલાઓની ભૂમિકામા ફેંકી દીધો છે. દ્રવ્યલોભથી તો હું મુકત હતો, પણ કીર્તિલોભ અને અહંભાવથી મુકત ન હતો. હવે કર્મોએ મારી પાસે એક એવું કૃત્ય કરાવ્યું છે, કે જેથી સ્વભાવતઃ જ દુઃખ ઉત્પન્ન થશે."[34]

---

33. "જૈ. હિ." : ૧૯૧૩ : જુલાઇ – ઑગષ્ટ : પૃ. ૩૫૫

34. એજન : પૃ. ૩૫૬

વધુમાં વાડીલાલે દયારામભાઇના આ પગલાને બિરદાવતાં કહ્યું કે " યોગીઓ ભૂલ નથી જ કરતા એમ કંઇ નથી, પણ જ્ઞાન-ગુણ મેળવ્યા પછી યોગી બનનારાઓ કેવા જલ્દીથી પોતાની ભૂલ જોઇ--સુધારી શકે છે તેનો આ પ્રત્યક્ષ દાખલો છે. જ્ઞાનીઓની ભૂલ પણ ખૂબીદાર હોય છે અને તેઓ ઊલટા ભૂલમાંથી કલ્યાણનો માર્ગ કરી શકે છે; અને બનેલી સ્વપ્નવત્ ભૂલ તેમના, સૌ. ઉર્મિલાના અને દેશના ભલા માટે થાઓ."[35]

કોઇને માઠું લાગે કે સારું તેની ચિંતા રાખ્યા વગર વાડીલાલ શાહ હંમેશાં પોતાને જે સાચું લાગતું તે સ્પષ્ટતાથી કહેતા. ઉપર્યુક્ત પ્રસંગ પરથી સમજાય છે કે સાચા હોવા છતાં સમાજથી તરછોડાયેલા કે સમાજના દુશ્મન બનેલા કેટલાકની મદદે વાડીલાલ કેવી રીતે પહોંચતા. ~~આ પ્રસંગોએ~~ એવા એ સમાજસુધારક વાડીલાલની નોંધમાત્ર લેવાનું ગુજરાતી સાહિત્યકારોએ વિસાર્યું છે તેથી શ્રી ત્રિભુવન હેમાણી ખેદ વ્યક્ત કરતાં કહે છે કે : " ભલેને આજના જૈનો એ વિચારક વા.મો. શાહને સાચી રીતે સમજયા છતાં એ વસ્તુનો જાહેરરીતે સ્વીકાર કરવાના અખાડા કર્યા કરે, ભલેને ગુજરાતના કોઇકોઇ સાહિત્યકારો એ પ્રગલ્ભચિંતકને એક અદના લેખક તરીકેનો સ્વીકાર કરવામાં પણ આંખ આડા કાન કરવાનું ચાલુ રાખે,[36] ભલેને છેલ્લા એક શતકની ગુજરાતની સંસ્કાર-પ્રવૃત્તિઓનું આલેખન કરનાર ઇતિહાસકાર ગુજરાતની અસ્મિતાના ગાયકોમાંના એક એવા એ સમર્થ સંસ્કૃતિ પૂજકને યાદ કરવાનું પણ સૌ.જન્ય ન દાખવે,[37] ભલેને ગુજરાતના સમાજસુધારાનું રેખાદર્શન કરાવનારા ગ્રંથમાં

35. અંજન : પૃ.૩૫૭
36. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કૃત : "અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય: ૧૯૫૦ : ૧ લી આવૃત્તિ
37. સ્વ. હીરાલાલ ત્રિ.પારેખ કૃત " અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" ખંડ-૪ : ૧૯૩૭ : પહેલી આવૃત્તિ

એ પ્રખર સમાજસુધારકના નામની બાદબાકી કરીને જ વાતો કરવાનું ચાલુ રાખવામાં આવે,[38] ભલેને ગુજરાતી સાહિત્યસર્જકોના ઇતિહાસ આલેખતી વખતે એ વા. મો. શાહના નામનો ઉલ્લેખ કરવાની પણ ના પાડવામાં આવે,[39] પરંતુ સૌ વાતની એકવાત એટલીજ છે કે ગુજરાતના સાચા સંસ્કારવાંછુઓ તો એ ફિલસૂફને સાચી રીતે સમજી ચૂકયા છે અને એ વાતની હવે કોઇથી ભાગ્યેજ ના પાડી શકાય તેમ છે."[40]

શ્રી ત્રિભુવન હેમાણીનું ઉપર્યુકત ફરિયાદ કરતું પુસ્તક "વા. મો. શાહનો સંસારસુધારો" શ્રી કનૈયાલાલ મુનશીને રીવ્યુ માટે મોકલ્યું હતું ત્યારે શ્રી મુનશીએ એમના Bhavan's Journal માં એનું રીવ્યુ નીચે મુજબ લખાવ્યું હતું:-

---

38. સ્વ. નવલરામ જ. ત્રિવેદી કૃત "સમાજ સુધારાનું રેખાદર્શન" ૧૯૩૪ : પહેલી આવૃત્તિ
39. સ્વ. કનૈયાલાલ મુનશી કૃત 'Gujarat and its literature' ૧૯૩૫ : પ્રથમ આવૃત્તિ અને ધીરુભાઇ ઠાકર કૃત ગુજરાતી સાહિત્ય-ની વિકાસરેખા ૧૯૫૭ : ઑકટોબર : આવૃત્તિબીજી ; પરંતુ સને ૧૯૬૬ માં પ્રગટ થયેલી આ જ પુસ્તકની ચોથી આવૃત્તિના પૃ. ૧૮૭-૧૮૮ ઉપર શ્રી ધીરુભાઇએ ટૂંકી નોંધ લીધી છે. વિશ્વનાથ ભટ્ટ જેવા ખ્યાતનામ વિવેચકે પણ "ગુજરાતી સાહિત્યમાં નિબંધ" ની ઇતિહાસકથામાં, ઉચ્ચ કક્ષાના નિબંધકારોના નામ સાથે શોભી રહે તેવા વા. મો. શાહના નામનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું છે. શ્રી સુંદરમે તેમના "ગુજરાતી સાહિત્યમાં નિબંધ" શીર્ષક વિવેચનામાં એજ ચીલે ચાલવાનું પસંદ કર્યું છે. શ્રી ઉમાશંકર જોષીએ તેમના "શૈલી અને સ્વરૂપ" સને ૧૯૭૨: બીજી આવૃત્તિમાં વાડીલાલના નામનો ઉલ્લેખ પણ કર્યો નથી તો તે તરફ વાચકનું ધ્યાન દોરાય એ સ્વાભાવિક છે. હા, પ્રવીણ દરજીએ તેમના "નિબંધ: સ્વરૂપ અને વિકાસ" ૧૯૭૫ : પહેલી આવૃત્તિ: પૃ. ૧૭૩-૧૭૫: શીર્ષક મહાનિબંધમાં આ નિબંધકારને યોગ્ય અંજલિ આપી છે.
40. "વા. મો. શાહનો સંસારસુધારો" : ઉપોદ્ઘાત: પૃ. ૪-૫.

"Vadilal Motilal Shah (1878-1931) was a noted Jain journalist and thinker. In the first three decades of the present century his frank, fearless and trenchant editorials and articles in his journals 'Jain Hitchhu' and 'Jain Samachar' on the many burning problems confronting the Hindu Society in general and the Jains in particular, gave a much needed jolt to the placid world of Gujarati thought.

Vadilal Shah's writings embrace religion, philosophy, social reforms and politics. If selected and collected in book form they would run into more than half a dozen, volumes. It is a good augury that, inspired by the revered Jain Saint Sri Nanchandraji Maharaj, a leading literary institution of Saurashtra has now sponsored the publication of Vadilal Shah's literature and has already brought out three volumes under the editorship of Sri Tribhuvan V. Hemani, himself an ardent follower of the great thinker. The volume under review is the fourth in the series and bears the same high standard of judicious and discriminating selection. The articles entitled "Marriage, Remarriage and Continence", "Social Reforms - Compulsory or Voluntary?" and "Shattered Shackles" are typical of the many splondoured genius of this great philosopher journalist".[41]

---

41. A review that appeared in Bhavan's Journal, Vol.VII,No.18, April 16, 1961.

## સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

" મને યાદ છે, હું એક દિવસ વિદ્યાર્થી હતો; નિર્માલ્ય કપડાં અને નીરસ ભોજન ઉપર નિર્વાહ કરવા માટે અહીંતહીં દોડી શ્રીમંત વિદ્યાર્થીઓને ખાનગી શિક્ષણ આપવાના કામમાંથી આવક કરતો - ભીખને ધિક્કારતો અને ભાડૂતી ઝૂપડીમાં મુશ્કેલીઓ માટે ~~એકલો જ~~ એકલો જ આંસુ પાડતો વિદ્યાર્થી હતો: એ વાત હું કદાપિ ભૂલી શકીશ નહિ. મારી સઘળી શક્તિઓ મારે નિર્વાહમાર્ગની સાધના માટે ખર્ચવી પડી ન હોત તો આજે જરૂર કંઇ ઓર જ ચીજ હોત. આહ, પણ તે નિર્ધનતા, તે મુશ્કેલીઓ, તે નિરાધારતા ! એનો ખ્યાલ એ સ્થિતિમાં નહિ મુકાયલાઓને કેવી રીતે આપી શકું ? એ વખતે હું કેટલું ઝંખતો કે કોઇ મિત્ર કે કુટુંબી તરીકે મારો હાથ પકડનાર અને "લોન" આપનાર વીરનર મળી આવે ! હું કેટલું ઝંખતો કે ભીખની શરમમાં છૂપાયલો ડંખ સમજનાર સહૃદય બંધુ મળી આવે ! પણ અફસોસ, જૈનસમાજ તે સમયે બંધુભાવ સમજવા જેટલો ઉન્નત થયો નહોતો; દાન અને ભીખ માટે તો કોઇકોઇ વ્યક્તિ તૈયાર હતી ખરી, પણ બંધુતા નામનું કરિયાણું તેમનાથી છેક જ અજાણ્યું હતું; અને મને બરાબર યાદ છે કે "બંધુ"ની શોધમાં નિષ્ફળ નીવડવાથી જ સ્વમાનવાળો આ યુવક કોલેજના એકજ વર્ષના અભ્યાસથી અટકી પડયો હતો.

મને યાદ છે - બરાબર યાદ છે આ બધું; અને એટલા જ માટે આજે હું બધાં ટાઇટલો કરતાં- બધા કર્તવ્યો કરતાં - બધા આનંદો કરતાં એક "બંધુ" થવામાં જ સૌથી વધારે મોટું કર્તવ્ય, સૌથી મોટો

આનંદ, સૌથી મોટો "ટાઇટલ" માનું છું. જૈન ભાઇઓ આ "બંધુ"-મંડળના સભ્ય થવાના આનંદના ભાગી થશે ?"[1]

આવી નિખાલસતાભરી પારદર્શક શૈલીમાં પોતાની વિચારણાને વાચા આપી હોય એવા લેખકો ગણ્યા ગાંઠયા મળે છે. વા.મો.શાહે કોઇની પણ આર્થિક મદદના અભાવે કેવું મુશ્કેલીભર્યું વિદ્યાર્થીજીવન વ્યતીત કર્યું હતું. તે ઉપર્યુકત અવતરણથી સમજાય છે. ઉચ્ચઅભ્યાસ માટેની દરેક પ્રકારની સુવિધા હોવા છતાં પૂરેપૂરી સુખસમૃધ્ધિવાળાં કુટુંબનાં બાળકો ભણી શકતાં નથી એવાં દૃષ્ટાંતો ઘણાં મળે છે જ્યારે જરૂરી એવી આર્થિક મદદ ઝંખનાર વાડીલાલ જેવા કેટલાક વિદ્યાર્થીઓ નિર્ધનતા, નિરાધારતા અને મુશ્કેલીઓનો સામનો કરતા કરતા ઉચ્ચકક્ષાના સદ્ગુણો કેળવે છે. વાડીલાલે વિદ્યાર્થીજીવનમાં આવી મદદ માટે કોઇની પાસે હાથ લંબાવવો ઉચિત માન્યો નહોતો. એ વાત એમના મનમાં સજ્જડપણે અંકાઇ ગઇ હતી એટલે પોતાને ભલે બંધુત્વનો સહારો ન મળ્યો પણ સગવડને અભાવે અભ્યાસને થંભાવી દેનારા વિદ્યાર્થીઓના સાચા બંધુ બનીને તેમને ટેકો મળી રહે એવા હેતુને લક્ષમાં રાખીને "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" ની સ્થાપના કરવાનું તેમણે વિચાર્યું હતું.

તા.૭ મી એપ્રિલ ૧૯૧૭ના રોજ ભરાયેલી સ્થા.કોન્ફરન્સની મેનેજિંગ કમિટીમાં પોતે પોતાને ખર્ચે કરવા ધારેલી સેવાની દરખાસ્ત નામંજૂર થયા પછી તેમના વિચારોએ બીજી દિશામાં વળાંક લીધો. તે સમયે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાય વચ્ચે એક કમનસીબ ઝગડાએ જન્મ લીધો હતો. તે બંને વચ્ચે કોઇપણ સંજોગોએ ઐકય સ્થાપી શકાય એવી

1 : 'જૈન હિતેચ્છુ' : ૧૯૧૬ : સપ્ટેંબર, ડિસેમ્બર : પૃષ્ઠ ૨૮૨

સ્ફુરણા થતાં તેમણે બંને સંપ્રદાયોના અગ્રેસરો સાથે વાટાઘાટો કરવાનું કાર્ય સાચા અંત:કરણથી આદરી દીધું હતું. પરિણામે સમાધાનનો સૂર ચોતરફથી સંભળાવવા લાગ્યો હતો. વાડીલાલે તે સમાધાનને વેગ મળે એ હેતુથી "તીર્થશાંતિનું મિશન" દર્શાવતો "જૈનહિતેચ્છુ"નો ૧૦૦ પૃષ્ઠના વિસ્તારવાળો એક ખાસ અંક પણ પ્રગટ કર્યો હતો.[૨] પોતાના એ મિશનને પાર પાડવા માટે ઈંદોર જતાં, તે મુસાફરી દરમ્યાન તેમને ઓચિંતી પ્રેરણા મળી હતી કે સમાજોન્નતિનો મુખ્ય આધાર દેશના વૃદ્ધો પર નહિ પરંતુ યુવાનો પર છે; તેથી જનસમાજ માટે ઐક્ય, વિદ્યા અને સેવાભાવનાનાં તત્ત્વોનો પ્રસાર કરવા માટે તેમણે યુવાનોને તૈયાર કરવાની અને પ્રોત્સાહિત કરવાની દ્રષ્ટિથી એક સંસ્થાની સ્થાપના કરવા નિર્ણય કર્યો. એવી સંસ્થા દ્વારા ભવિષ્યમાં ભિન્ન ભિન્ન વાડા ગચ્છ, ફિરકા કે સંપ્રદાયમાં વહેંચાયેલી જૈન કોમ હાથમાં હાથ મિલાવી એક સાથે રહેવા પામે એમ એમને સમજાયું હોવાથી મુંબઈ તેમજ અમદાવાદ એ બંને સ્થળે આવી સંસ્થા એક સાથે ખોલવાનું તેમણે ઠરાવ્યું. બીજે જ દિવસે એ વિચારને અમલમાં મૂકવાના પ્રયત્નો આદરી દીધા. સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી ચાલતી અને મુઆ વાંકે જીવતી મુંબઈની એક બોર્ડિંગ બંધ થવાની તૈયારીમાં હતી. વાડીલાલે યોગ્ય વાટાઘાટો કરીને પીરબાઈખી લ્હીંગના ચોથામાળે આવેલી એ બોર્ડિંગનું ફર્નિચર રૂા.૫૦૦ આપીને ખરીદી લીધું અને એજ સ્થળે "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ" માટે નિશ્ચિત કરી લીધુ કોલેજમાં વેકેશન હોવાથી દોઢેક મહિના જેટલો ટૂંકો ગાળો તેમની પાસે હતો તેથી અમદાવાદની અને મુંબઈની એમ બંને સંસ્થાઓ માટે વધારાનું જરૂરી ફર્નિચર એમણે ખરીદી લીધું.

---

૨. એજન ; પૃ. ૧–૧૦૦

અમદાવાદમાં પોતાના મકાનને બોર્ડિંગના કાર્ય માટે વ્યવસ્થિત રીતે ઉપયોગી થાય એવું બનાવવા રિપેરીંગ બાંધકામ માટે ૧૦૦ માણસો કામે લગાડયા અને પોતાના કુટુંબીઓ પણ ઝડપથી કામમાં મદદ કરે તેવી વ્યવસ્થા કરી. આ મકાન અંગેનું તમામ કાર્ય એમના લઘુબંધુ શકરાભાઇ તેમજ પુત્ર શાન્તિલાલે સંભાળી લીધું. તેમના તરફ મનોમન આભાર વ્યકત કરતાં વાડીલાલે કહયું હતું કે " મને મારા કુટુંબીઓમાં ઉદ્‌ભવેલી સેવાવૃત્તિ જોવાનો જે લાભ મળ્યો તે તો અદ્વિતીય જ છે. તેઓ તે વખતે મારી સાથે ૨૦ થી ૨૩ કલાક જાગતા, અર્ધભૂખ્યા રહેતા અને જમીનદોસ્ત કરેલા મકાનમાં જ્યાં ત્યાં સાદડીના ટુકડા ઉપર પડયા રહેતા. દોઢ મહિનાની તેમની આ પ્રેમમય સેવાઓ હું મરણ પ્રસંગે ગર્વથી યાદ કરીશ અને ઇચ્છીશ કે ફરી જન્મ લેવાનું મારા નસીબમાં લખાયલું જ હોય તો એજ લઘુબંધુ અને એ જ પુત્ર મળજો ! મારી મહેનત, થાક, ચિંતાઓ અને દરદ વખતે એ બાળકોનું દર્શન મને નવું બળ ધીરતું."[3] આમ બંને મકાનો તૈયાર થઇ ગયા પછી તા. ૨૪ મી જૂન ૧૯૧૭ ના રોજ મુંબઇમાં પીરબાઇ બીલ્ડીંગના સામેના ચોગાનમાં દબદબાભર્યો સમિયાણો બાંધીને સંસ્થાની ઉદ્‌ઘાટનવિધિ કરવામાં આવી હતી. મહાત્માગાંધી, મિ. પોલોક, શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, શ્રી નાનાલાલ દલપતરામકવિ, શ્રી હિંમતલાલ ગણેશજી અંજારિયા જેવા જૈનેતર તેમજ જૈન ગૃહસ્થોએ મોટી સંખ્યામાં એ પ્રસંગે હાજરી આપી હતી. શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સાધુઓ પણ હાજર રહયા હતા અને ઉદ્‌ઘાટક પ્રમુખ ઝાલરાપાટનના મહારાજા સર ભવાનીસિંહજી હતા. બંને વિદ્યાર્થીગૃહોનું ચાલુખર્ચ વાડીલાલે અને એમના મિત્ર મણિલાલ મહોકમદાસે ભોગવવાનું જાહેર કર્યું હતું તેથી ઉદ્‌ઘાટનને લગતી એ સભામાં કોઇપણ પ્રકારનો ફંડફાળો કરવાની

---

3. "જૈ. હિ." : ૧૯૧૭ : ઑકટોબર : પૃ. ૩૩૦-૩૩૧

વાડીલાલે મના કરી હતી, જેને પરિણામે ભવાનીસિંહજીએ વાર્ષિક રૂપિયા ૫૦૦ પ્રમાણે વીસવર્ષ સુધી આ સંસ્થાને આપવાનું સભા બરખાસ્ત થયા પછી રવાના થતી વખતે ખાનગીરીતે જણાવ્યું હતું. આ સંસ્થાઓનો આશય જૈનોના ત્રણે ફિરકાઓમાં ઐક્ય વધારવાનો હતો, તેથી મુંબઇમાં દેવ-બંદનિવાસી બાબુ જુગલકિશોરજી [દિગંબર જૈન] અને અમદાવાદમાં મણિલાલ નથુભાઇ દોશી [શ્વેતામ્બર મૂ.] બંનેએ સ્વેચ્છાએ માનાર્હ સેવાઓ આપવા કબૂલ કર્યું હતું.

ઉદ્ઘાટનના સમારંભમાં હાજર રહેલા અગ્રગણ્ય સાધુવર મણિસાગરજી મહારાજે ઐક્યનો મહિમા સમજાવીને શુભેચ્છા પાઠવતાં કહ્યું હતું કે: " અમારા જૈન સમાજમાં શ્રીમંતો થોડા નથી, તેમ વિદ્યાની જરૂરિયાત બાબતમાં લાંબા ભાષણો અને ઠરાવો કરનારાનો પણ તોટો નથી; પરંતુ શ્રીનો સદુપયોગ કરનારા અને કહેવા પ્રમાણે કરનારા બહુ થોડા છે. મિસ્ટર વાડીલાલ માત્ર બોલનારા નથી, પણ જેવી વાતો કરે છે તેવું જ કરનારા – ના, ના, પોતાની શક્તિનો પણ વિચાર કરવા નહિ થોભતા સર્વસ્વ હોમીને સેવા બજાવવા હમેશ તત્પર રહેનારા "જૈન" છે, કે જેવું જૈનપણું તમામ જૈન નામથી ઓળખાતા મનુષ્યોમાં અને સમસ્ત ભારતવાસીઓમાં જ્યારે થશે ત્યારે ભારતવર્ષની ઉન્નતિ જોવામાં આવશે."[૪]

કવિવર નાનાલાલે વાડીલાલને એમના કાર્યમાં સ્નેહ ઇચ્છતાં સમાજને પણ પોતાના કર્તવ્યનું ભાન કરાવતું વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે : " તેના સ્થાપકના આત્મભોગ કરતાં તેના ઉદાર વિચારો

---

૪. "જૈ. હિ." : ૧૯૧૭ : માર્ચ તથા જૂન : પૃ. ૧૫૯-૧૬૦.

વધારે ધ્યાન ખેંચે છે. જૈનના ત્રણે ફિરકાઓને પોતાના કુટુંબી ગણીને જ નહિ અટકતાં તેમણે થોડાએક અજૈન વિદ્યાર્થીઓને પણ આ સંસ્થામાં રાખવા ઇચ્છયું છે; એટલું જ નહિ પણ સંસ્થાની મેનેજિંગ તથા એડવાઇઝરી કમિટીઓમાં પણ અજૈન તત્ત્વ રાખ્યું છે. આવા ઉદાર વિચારોની અસર આ દેશને થવાની જરૂર છે............શરીરબળ છેક જ ઊતરતી પાયરીનું હોવા છતાં બે માસ જેટલા ટૂંક સમયમાં મિ. વાડીલાલે બે સંસ્થાઓ સ્થૂલ રૂપમાં ઊભી કરી બતાવી એ તેમના ઉત્સાહ અને આત્મબળનો અચૂક પૂરાવો છે. પરંતુ બીજાઓએ માત્ર વાહવાહ કરીને દૂર રહેવાનું નથી. ખરા કાર્યવાહકો અત્યંત બોજો શિરપર લઇ અકાળ મૃત્યુ પામે અને તેમની સેવાઓ કોમને લાંબો સમય મળવા પામે નહિ તે ઇચ્છવાજોગ નથી: સહચારીઓ તેમના બોજાનો કેટલોક ભાગ પોતે ઉપાડી તેમને રાહત આપે તો તેઓ વધારે લાંબો વખત અને વધારે ઉત્તમ રીતે કામ બજાવી શકે."[૫] કવિશ્રી નાનાલાલની આ ટકોર તે સમયના સમાજને ગમી નહિ જ હોય કારણ દુશ્મનોની ટોળીથી ઘેરાયેલા વાડીલાલની પ્રવૃત્તિઓનો અંત આર્થિક મદદના અભાવે જ વહેલો આવ્યો હતો એમ એમના જીવનના પ્રસંગો અને પરિણામ ઉપરથી આપણે ચોક્કસ કહી શકીએ છીએ.

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ અને હિંમતલાલ ગણેશજી અંજારિયાએ પ્રભાવકારી પ્રવચનો કરી "આવા સેંકડો વાડીલાલો પાકો !"[૬] એવા તારીફના શબ્દો ઉચ્ચાર્યા હતા.

પ્રત્યુત્તર આપતાં વાડીલાલે જણાવ્યું હતું કે: " એવા વ્રતને તરવારની ધાર પર ચાલવા જેવું કઠિન કહેવામાં આવ્યું છે તે કંઇ

---

૫. એજન : પૃ. ૧૬૧
૬. એજન : પૃ. ૧૬૩

અતિશયોક્તિ નથી. જેમને અનુભવ છે તેમને પૂછો : તેઓ કહેશે કે જેઓની તમે સેવા બજાવશો તેઓ જ તમને રીબાવશે, નિંદા કરશે, પૈસે ટકે ખુવાર કરવા મથશે, જેલમાં મોકલશે, જીવલેણ સંકટોમાં ઉતારશે; એવે વખતે પણ "તેઓ જાણતા નથી કે તેઓ શું કરે છે" એમ સમજી તેમના તરફનો પ્રેમ ઓછો ન કરતાં સેવાકાર્ય કર્યે જવું એ કંઇ બાળકના ખેલ નથી. એવો સેવાભાવ જો મારા નાના વિદ્યાર્થી બંધુઓ પૈકીના ૫-૧૦ માં પણ પ્રગટશે તો હું મારી જિંદગીને સફળ સમજીશ. બોર્ડિંગો, સ્કૂલો, કોલેજો જીવે કે મરે તે કંઇ મહત્ત્વનીવાત નથી; પણ તે બોર્ડિંગ કે સ્કૂલ તે કોલેજનો જન્મ સફલ છે કે જેણે એક મહાત્મા ગાંધી કે એક લ્યુથર કે એક દાદાભાઇ ઉત્પન્ન કર્યા હોય."[19]

"સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ"માં કોઇપણ જાતના ભેદભાવ વગર જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓને કોઇના પણ ભલામણપત્ર વગર પ્રવેશ મળતો હતો. એ ગૃહની વિશેષતા એ હતી કે એની કાર્યવાહક સમિતિમાં શ્રી હંસરાજ પ્રાગજી, શ્રી ઠાકરશી મૂળજી, શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી હિંમતલાલ અંજારિયા, શ્રી રમણભાઇ નીલકંઠ, શ્રી રણજીતરામ વાવાભાઇ મહેતા, પ્રો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવ અને શ્રી હરિપ્રસાદ છત્રપતિ જેવા જૈનેતર ગૃહસ્થો અને કેટલાક શ્વેતામ્બર, દિગમ્બર અને સ્થાનકવાસી જૈન વિદ્વાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ વિદ્યાર્થીગૃહની સ્થાપના અંગે સ્પષ્ટતા કરતાં વા. મો. શાહે જણાવ્યું હતું કે :-

<u>જૈન ભાઇઓ !</u>

---

19. અંજન : પૃ. ૧૬૬

તમારી આસપાસ અને તમારા મધ્યમાં !
અજ્ઞાન, કુસંપ, વહેમો અને સડાનું
સંયુક્ત શત્રુલશ્કર ત્રાસ વર્તાવી રહ્યું છે !
તેને તમે કેવી રીતે હઠાવશો?

છૂટાછવાયા ફિરકા અને ગચ્છોથી કાંઇ નહિ બને;
સંયુક્ત બળ જ કામ લાગશે !

માટે જ

'સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ' સ્થપાયું છે.
તમારા સઘળા ફિરકામાં વિદ્યા ફેલાવશે.
તમારા સઘળા ફિરકામાં એકતા ફેલાવશે.
તે તમારા સઘળા ફિરકામાં ચૈતન્ય રેડશે.
"સંયુક્ત જન વિદ્યાર્થીગૃહ"
ત્રણે જૈન ફિરકાનું સૈયારું મંદિર છે."[૮]

આ સૈયારા મંદિરનો આશય બતાવતાં એમણે નોંધ્યું છે કે:

૧. જૈનના ત્રણે ફિરકા વચ્ચે વ્યવહારુ ઐક્ય નું બળ ઉત્પન્ન કરવું અને મતસહિષ્ણુતા તથા પ્રેમભાવ ખીલવવાં,

૨. જૈન સમાજમાં વ્યાપાર – શાસ્ત્ર, ડાકટરી, સાયન્સ, હુન્નરકળા અને વકીલાતને લગતા અભ્યાસની સગવડ વધારી આપી ભવિષ્યના નેતાઓને સારી આમદાની કરતા "શહેરી" બનાવવાં,

3. જૈન જાતિમાં કોમ, ધર્મ અને દેશની સેવા કરવાની તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન કરવી.[૯]

---

૮. " જૈ. હિ." : સપ્ટે ૧૯૧૭ થી જૂન ૧૯૧૮ : પૃ. ૪૧૨-૧૦

૯. એજન : ૧૯૧૭ માર્ચ તથા જૂન : પૃ. ૧૮૧

આ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓએ " જૈન સ્ટુડન્ટસ એસોસીએશન" નામનું મંડળ સ્થાપ્યું હતું તેના ઉપક્રમે અમદાવાદ શહેરની સઘળી કૉલેજ તેમજ સ્કૂલના જૈન વિદ્યાર્થીઓનું પ્રીતિસંમેલન તા. ૨૯ ઑગષ્ટ ૧૯૧૮ ના રોજ સદ્ગત રમણભાઈ નીલકંઠના પ્રમુખપદે મળ્યું હતું. અમદાવાદના કેટલાયે અગ્રગણ્ય પ્રતિષ્ઠિત સજ્જનો એ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખસ્થાનેથી શ્રી રમણભાઈએ પ્રવચન કરતાં કહ્યું હતું કે: " આજે દેશને ખરી દશાનું ભાન અપ્રિય થઈને પણ કરાવે એવા પુરુષોની બહુ જરૂર છે.... ..છે. ખરો શુભેચ્છક તે જ છે કે જે વાહવાહ કરવાને બદલે, અગર અધોગતિને ચૂપચાપ જોઈ રહેવાને બદલે, અપ્રિય બનીને પણ સત્ય કહે અને ઠસાવે. રા. વાડીલાલના હૃદયની આગ તેમની સેવાવૃત્તિનો પુરાવો છે. તેમના વિચારો અને પ્રવૃત્તિઓ સામે કેટલીક વ્યક્તિઓ અને કેટલાક પત્રકારો ટીકા કરવામાં તથા અફવા ઉડાડવામાં મજા માને છે તે જાણી મને આશ્ચર્ય થતું નથી; કારણકે ઉત્તમ વિચારો અને ઉત્તમ કામોની કદર થતાં હંમેશાં વિલંબ જ થાય."[૧૦]

આ પ્રીતિ સંમેલનમાં બનેલો એક પ્રસંગ નોંધપાત્ર છે. જ્યારે વાડીલાલને હારતોરા પહેરાવવામાં આવ્યા હતા ત્યારે વાડીલાલે એ હાર તોડી નાખીને એનાં ફૂલો છૂટાં પાડી વિદ્યાર્થીઓ ઉપર ફેંક્યાં હતાં અને કહ્યું હતું કે " મને મળતા હરેક માનના તમે ભાગીદાર છો માટે તે પુષ્પો હું તમને જ અર્પણ કરું છું. એ માનને જાળવી રાખવાની જોખમદારીનું ભાન તમને સદાકાળ રહો અને આ પુષ્પો જેવી સુવાસ તમારાં કામોમાંથી પ્રગટો એવી આશિષ સાથે થોડા વખતને માટે છૂટા પડવાની હું તમને રજા આપું છું."[૧૧]

---

૧૦. "જૈ. હિ." : ૧૯૧૮ : સપ્ટેમ્બર : પૃ. ૬૯

૧૧. "જૈ. હિ." : ૧૯૧૭ : માર્ચ તથા જૂન : અંકનું છેલ્લું પૃષ્ઠ.

રમણભાઇ નીલકંઠ સાથેના પરિચયનો આ કંઇ પહેલો પ્રસંગ નહોતો. સને ૧૯૦૬ ની સાલમાં જ્યારે ભગુભાઇ કારભારીએ વાડીલાલ ઉપર કેસ કર્યો હતો ત્યારે તેમના વગર ફીના વકીલ તરીકે રમણભાઇએ સેવા બજાવી હતી અને પોતાનું વકીલપણું સાબિત કર્યું હતું. ત્યારબાદ સને ૧૯૧૩ ના જાન્યુઆરીમાં પત્રકાર જીવનને તિલાંજલિ આપી વ્યાપારી જીવન સ્વીકાર્યું ત્યારે રમણભાઇના પ્રમુખપણા નીચે માનપત્ર એનાયત થયું હતું. આ ઉપરાંત સને ૧૯૨૭ માં વાડીલાલને ગલિયારા પારિતોષિક મળ્યું ત્યારે ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળના પ્રમુખ રમણભાઇ હતા. લકવાની બિમારીમાં સપડાયેલા અને લખવાને અશક્ત હોવા છતાં એમણે ધ્રુજતે હાથે વાડીલાલ પર ગરબડિયા અક્ષરે પત્ર લખ્યો હતો તે નીચે પ્રમાણે છે:

"Your letter of Yesterday. I am sending its accompaniment to Mr. K.M. Munshi with instructions to send it to the Treasurer. Yes, I remember how I defended you - I remember the farewell meeting at which I presided.[12]

વાડીલાલ અને રમણભાઇની દોસ્તીનો આછો ખ્યાલ આપણને આ ઉપરથી સહેજે આવી શકે છે.

વાડીલાલે "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ"ના આર્થિક મદદ ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશિપોની વ્યવસ્થા કરી હતી. એ સમજતા હતા કે વિદ્યાર્થી પોતે જો આવી મદદની યાચના કરવા જાય તો એને નિરાશ થવું પડે અથવા તો એને પૈસા માગવાની ખરાબ ટેવ પડી જાય, માટે જેમને સ્કોલરશિપ આપવાની ઇચ્છા હોય એવા સજ્જનોએ

---

૧૨. તા. ૨૮-૨-૧૯૨૭ નો રમણભાઇએ વાડીલાલને લખેલો પત્ર.

સંસ્થાને જ પૈસા આપવા એમ જાહેર કર્યું. એ પૈસા વિદ્યાર્થીને એની જરૂરિયાત પ્રમાણે લોનના રૂપમાં આપવામાં આવતા તથા એ વિદ્યાર્થીઓ ભણીગણીને કમાતા થાય ત્યારે સંસ્થાને તે પૈસા પરત કરે એવું સૂચન કરવામાં આવતું, જેથી બીજા વિદ્યાર્થીઓને મદદ મળી શકે. શ્રી તુળસીદાસ મોનજી કરાણી નામના એક શ્વેતામ્બર મૂર્તિપૂજક ભાઇએ આ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવાના હેતુથી માસિક પંદર રૂપિયાની આઠ વર્ષની સ્કોલરશિપના પહેલા હપતાના રૂા.૧૮૦ ઉપરાંત આ દાન એમને બે મહિના વહેલું કરવું જોઇતું હતું તેને બદલે મોડું સૂઝયું તેના પ્રાયશ્ચિતના રૂા.૨૦ મળીને રૂા.૨૦૦ મોકલ્યા. ત્યારબાદ "હિતેચ્છુ"નો ખાસ અંક વાંચીને શારદાપૂજન નિમિત્તે તેમણે રૂા.૫૦૧- મોકલ્યા. થોડા દિવસબાદ પંદર રૂપિયાની સ્કોલરશીપના બીજા હપતા તરીકે રૂા.૫૪૦ નો ચેક મોકલ્યો અને થોડા દિવસબાદ એ જ ભાઇએ પત્રમાં એક રૂા.૭૨૦- નો અને બીજો ૬૦૧ નો ચેક મોકલી આપતાં લખ્યું હતું કે : " પ્રિય બન્ધુ ! આ સાથેનો રૂા.૭૨૦- નો ચેક મારા તથા મારા મિત્ર રા.પ્રભુદાસ શેશકરણ તરફની સ્કોલરશીપના ખાતામાં જમા કરશો અને રૂા.૬૦૧- નો બીજો ચેક "વધારાની મદદ" તરીકે જમા કરશો. લિ. સેવક તુલસીદાસ"[13] આમ ઉપરાઉપરી પૈસા મોકલીને એ તુળસીદાસભાઇએ વાડીલાલને વિમાસણમાં મૂકી દીધા હતા. કેવા શબ્દોમાં એ ભાઇઓનો આભાર માનવો એ એમને સમજાતું નહોતું. તેમણે જણાવ્યું હતું કે, " તમે - મારાપર જુલમ કરવા માંડયો છે. જૈન કોમને કામની કદર નથી એવા મારા તહોમતને ખોટું પાડી મને જુઠો ઠરાવવાનો એક સંપ કર્યો છે; અને સેવકના "સેવક" બનીને આશ્ચર્યમાં

---

૧૩. "જૈ.હિ." : ૧૯૧૭ સપ્ટેમ્બર થી જૂન ૧૯૧૮ : પૃ.૪૧૨-૨૪

ગરકાવ કરી મૂંગો બનાવી દીધો છે............તમે મારા "સિધ્ધાંતો અને "લાગણી"ઓ વચ્ચે યુધ્ધ જગાડી મને હચમચાવી નાખ્યો છે. હું તમને "આશીર્વાદ" ન આપી શકું; માત્ર "શાપ" જ આપી શકું, અને તે એ જ કે, તમે અનંતકાળને માટે અકિંચન અને અશરીરી થાઓ !

વિદ્યાર્થીગૃહ ચાલે કે કાલે બંધ પડે, હું જીવું કે કલાક પછી મરણ પામું, લોકો સંસ્થાને પોતાની બનાવે કે તોડી નાખે, – ગમેતેમ થાય– મારું મિશન પાર પડયું છે અને હવે હું કાંઇક દિલાસા સાથે મરી શકીશ."[૧૪]

તુળસીદાસભાઇ જેવા સજ્જનના આવા પ્રેમની વાડીલાલને અનુભૂતિ થઇ તેથી એમને થયેલો આત્મસંતોષ ઉપર્યુક્ત કથન ઉપરથી સમજાય છે.

એ જ વિદ્યાર્થીગૃહના એક, વિદ્યાર્થી શ્રી બી.કે વરડયા; જેમણે "સંયુક્ત વિદ્યાર્થીગૃહ"માં રહીને મેડીકલ કોલેજની પરીક્ષા પાસ કરી હતી તેમણે સંસ્થા છોડયા બાદ એસી. સર્જનની રૂા.૧૯૦– ના પગારથી નોકરી મળી હતી. શ્રી વરડયાએ એમના પહેલા પગારમાંથી રૂા.૧૦૦– "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ"માં મોકલ્યા હતા. એમને ધન્યવાદ આપતાં વાડીલાલે લખ્યું હતું કે: " એક વિદ્યાર્થી બી.એ. કે બેરીસ્ટર કે સીવીલીઅન કે વ્યાપારી થાય એમાં કાંઇ મોટું આશ્ચર્ય નથી; તેઓના હ્રદયમાં દેશસેવા કે જનસેવાનાં બીજ રોપાય એ જ મોટી ચીજ છે. સુંદર ફૂલમાં સુગંધી ન હોય તો તે શા કામનાં ? હિંદને આજે એવા

---

૧૪. એજન : પૃ.૪૧૨–૨૫

વિદ્યાર્થીઓની જરૂર છે કે જેઓ ભણે — ખૂબ ભણે — પહેલા વર્ગમાં પાસ થાય એવું ભણે — પરંતુ તેથીએ વધારે સેવાધર્મનો પાઠ ભણે — અને અભ્યાસ પૂરો કર્યા બાદ યથાશક્તિ સમાજસેવામાં ફાળો આપે."[૧૫]

શ્રી ઝવેરચંદ મેઘાણીનાં પત્ની દમયંતીબેન જ્યારે કુમારિકા હતાં ત્યારે વા.મો.શાહના પત્રોના વાંચનથી ખૂબ જ પ્રભાવિત થયાં હતાં. એમનો પત્ર પણ અહીં રજૂ કર્યો છે. તેઓએ લખ્યું હતું કે : "બાપુ, હું તમારી પાસે એક મહેરબાની માગવા ઇચ્છું છું. મને બાળકી ધારીને મારી વાત હસી કાઢો નહિ તો હું માગવાની હિંમત ધરી શકું. હું બાળકી છું ખરી પણ બોડિંગ જેવી વિદુષીની બહેનપણી છું. એ બહેનપણાં તમારા "હિતેચ્છુ"ના ઉપદેશોએ કરાવ્યાં છે, તેથી તમારાથી મને બાળકી ગણીને મારી માગણી હસી કાઢી શકાશે નહિં. મારા પિતાજી મને કોઇ કોઇ વખત બક્ષિસ આપે છે તે હું સાચવી રાખું છું, તથા કોઇ કોઇ વખત હાથની કારીગરીથી કરાતા કામના વેચાણમાંથી કાંઇક કાંઇક મેળવું છું. એવી રીતે મારી પાસે થોડીક રકમ એકઠી થઇ છે અને તે હું મારી બહેનપણીને આપવા ઇચ્છું છું. મહિને રૂા.૫- ની એક સ્કોલરશીપ તમને પસંદ પડે તે વિદ્યાર્થીને મારી વતી પાંચ વર્ષ સુધી આપશો. મારી આ તુચ્છ રકમ સ્વીકારશોતો મારા ઉપર મહેરબાની થઇ સમજીશ. કારણકે તેથી સેવાનું એકપણ કામ કરી શકવાનો મને ગુપ્ત આનંદ થશે."[૧૬] આ દમયંતીબેનની સેવાની ભાવના ઉપર વાડીલાલનાં હૃદયમાં આફરીનતાનો વરસાદ વરસ્યો હતો.

---

૧૫. એજન : પૃ. ૪૧૨-૨૬
૧૬. એજન : પૃ. ૪૧૨-૨૮

ચોથો બનાવ આશ્ચર્ય પમાડે તેવો હતો. કોઇએક અજાણ્યા ભાઇએ વાડીલાલની ઑફિસમાં જઇ રૂા. ૨૫ ટેબલ પર મૂકી જણાવ્યું હતું કે એમના સગાભાઇને પ્લેગ થયો હતો એવી જાણ થતાં પોતે મનમાં જ નક્કી કર્યું હતું કે જો ભાઇને પ્લેગ મટી જશે તો રૂા. ૨૫- "સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ"ને ભેટ કરશે. ત્યારબાદ તેમના આશ્ચર્ય વચ્ચે તે ભાઇ પ્લેગમાંથી બચી ગયો હતો જેથી પોતે કરેલા નિર્ણય મુજબ પૈસા આપવા આવ્યા હતા. આ ભાઇનું નામ મગનલાલ વિઠ્ઠલદાસ હતું.

"સંયુક્ત વિદ્યાર્થીગૃહ"ની સ્થાપના પછી વાડીલાલને સારાનરસા બંને પ્રકારના અનુભવો થયા હતા. એમને જેમ મિત્રો ઘણા હતા તેમ વિરોધીઓની સંખ્યા પણ નાનીસૂની નહોતી. ફક્ત વાડીલાલને જ મિત્રો અને દુશ્મનો બંને હતા એમ નથી. મહાત્મા ગાંધીજીને પણ દુશ્મનો ક્યાં નહોતા ? તફાવત એટલો કે કોઇને મિત્રો અને શુભેચ્છકો ઘણા હોય તો કોઇને દુશ્મનો ઝાઝા હોય, પણ હોય તો ખરા જ. સુધારાના કાર્યોની ઝંડી ઊંચકનાર પોતે એ બધું સમજીને જ કાર્ય શરૂ કરે છે. વાડીલાલ આ બાબતથી અજ્ઞાત નહોતા. એમનો આખાબોલો સ્વભાવ એમના દુશ્મનોની સંખ્યામાં વધારો કરતો હતો, નીચેનો નાનકડો પ્રસંગ એની સાક્ષી પૂરે છે. મનઃસુખલાલનાં પિતાશ્રી અને વાડીલાલ વચ્ચે મૈત્રીસંબંધ હતો. મનઃસુખલાલ મેટ્રિક પાસ થયા પછી તેમને આગળ અભ્યાસ કરાવવાની મુશ્કેલી હતી. વાડીલાલે એમને "વિદ્યાર્થીગૃહ"માં પ્રવેશ આપ્યો અને યોગ્ય મદદ આપવાની તૈયારી બતાવી. એક દિવસ એમને ચિંતાગ્રસ્ત સ્થિતિમાં બેઠેલા જોઇને વાડીલાલે પૂછપરછ કરી તો

જાણવા મળ્યું કે બીજે દિવસે એમની ટર્મ ફી ભરવાના પૈસા નહોતા. વાડીલાલે એક પૂંજીપતિ પર ચિઠ્ઠી લખી આપી અને ત્યાંથી ટર્મ ફીના પૈસા મળી રહેશે એમ દિલાસો આપ્યો. બીજે દિવસે મનઃસુખલાલને વધુ ઉદાસ જોઇને વાડીલાલે એમને બોલાવ્યા અને વાત પૂછી તો તેમનાથી રડી દેવાયું અને કહયું કે જે શ્રીમંત પર એમણે ચિઠ્ઠી લખી આપી હતી તેણે પૈસા આપવાની ના પાડી એટલું જ નહિ પણ અપમાનજનક શબ્દો બોલી ચિઠ્ઠી ફાડી નાખી હતી. વાડીલાલ ચૂપચાપ એમને સાથે લઇ ગ્રાંડ મેડીકલ કોલેજમાં ગયા, ફી ભરી દીધી અને પાછા ફરતા પેલા શ્રીમંતને મળવા ગયા. વાડીલાલને પ્રત્યક્ષ જોઇને તે ગભરાયા અને ગેંગેં ફેંફેં કરવા લાગ્યા. વાડીલાલ એમને ધમકી આપતા હોય એમ બોલ્યા: " આ ભવમાં તો કંઇ સંતતિ નથી એટલે બીજા ભવમાં આજનાં સુકૃત્યોને પરિણામે સંતતિ મળે એવી અભિલાષાથી આ વિદ્યાર્થીને મોકલ્યો હતો, પણ તમારે સુખી થવાની ઇચ્છા નથી એમ તમારા દંભની સઘળી વાત આ વિદ્યાર્થીએ કરી તે ઉપરથી લાગે છે."[૧૭] આમ કહી વાડીલાલે તેમની વિદાય લીધી હતી. એ મનઃસુખલાલ અભ્યાસ પૂરો કરી આફ્રિકા જઇ ખૂબ કમાયા હતા અને એમણે લીધેલી સ્કોલરશિપની રકમમાં બીજી તેટલી રકમ ઉમેરીને "વિદ્યાર્થીગૃહ" ને પરત કરી હતી.

આ " સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ"ની શરૂઆત વાડીલાલ અને મણિલાલ મહોકમદાસ શાહે ભાગીદારીમાં કરી હતી કારણ અડધો ફાળો મણિલાલ શાહે આપ્યો હતો. એક વર્ષસુધી સંગાથ આપીને મણિલાલ શાહ આ ભાગીદારીમાંથી છૂટા થયા હતા. તેનો ઇશારો

---

૧૭. "જિનસંદેશ" : તા. ૧-૬-'૭૧ : પૃ.૫

કરીને વાડીલાલે કહ્યું હતું કે : "આભારનું લીસ્ટ જ્યાં સુધી એક વ્યક્તિનો આભાર માનું નહિ ત્યાં સુધી અપૂર્ણ જ ગણાશે, કે જે વ્યક્તિએ મારા ધંધાના ભાગીદાર તરીકે એક વરસ સુધી સામેલગીરી આપી છે. " સઘળો ધન્યવાદ હું મારા ધંધાના ભાગીદાર અને મિત્ર મિ. મણિલાલ મહોકમદાસ શાહ કે જે ઉચ્ચ શિક્ષણની પ્રસાદી નહિ પામવા છતાં ઉચ્ચ શિક્ષણના પ્રચારની મારી ઇચ્છાને એકમત થઇ ખર્ચમાં સાથે રહેવા તૈયાર થયા છે, તેમને અર્પણ કરું છું."[18] "વિદ્યાર્થીગૃહ" તેમજ વ્યાપાર બંનેના એમના ભાગીદારીના સંબંધનો સને ૧૯૧૮ ના જુલાઇ માસમાં અંત આવી ગયો હતો.

વાડીલાલના સ્વર્ગવાસ પછી થોડાં વર્ષો બાદ આ સંસ્થાનો કબજો વાડીલાલના વારસદારો પાસેથી શ્રી મણિલાલે સંભાળી લીધો હતો. એકાદ દસકા પછી એ સંસ્થાનું નવું બંધારણ ઘડાવીને મોટું ફંડ ભેગું કરીને વાડીલાલે યોજેલા "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" ના નામથી જ નવી બોર્ડિંગ સને ૧૯૪૯ માં સાયનમાં [મુંબઇ] સ્થાપી હતી. મણિલાલ શાહના પ્રશંસકો એ તેમના સ્વર્ગવાસ પછી તેમની એક આરસપ્રતિમા પ્રસ્થાપન કરવાનો સમારંભ પણ યોજ્યો હતો.[19] એ સમારંભના પ્રમુખપદે-થી પરમાનંદ કુંવરજી કાપડિયાએ સુયોગ્ય રીતે કહ્યું હતું કે : " આ મારું વક્તવ્ય પૂરું કરું તે પહેલાં એક બાબત હમણાં જ મારા મન ઉપર આવે છે તે આપની સમક્ષ રજૂ કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી અને તે એ છે કે સ્વ. વાડીલાલ મોતીલાલ શાહની જોડીનો પ્રખર લેખક--વિચારક આપણા જૈન સમાજમાં હજુ બીજો કોઇ પાકયો જોયો કે જાણ્યો નથી. નાયગરાના ધોધ જેવો તેમની વાણીનો પ્રવાહ હતો.

---

૧૮. "જૈ. હિ." : સને ૧૯૧૮ : સપ્ટેમ્બર : પૃ. ૧૬-૧૭

૧૯. તા. ૧૬-૪-૧૯૬૧ ના દિવસે સાયનમાં સમારંભ યોજાયો હતો.

નીડરતા તેમને વરેલી હતી. સમાજના પ્રશ્નો અંગે તેમના દિલમાં નિરંતર આગ સળગતી હતી. જૈનસમાજની એકતાના તેઓ આદ્ય પુરસ્કર્તા હતા. તેમના અને મણિભાઇના સંયુકત દાનમાંથી આ સંસ્થાનો જન્મ થયો હતો. આ બધું ધ્યાનમાં લેતાં તેમની આરસપ્રતિમા તૈયાર કરાવીને આ સ્થાનમાં પ્રતિષ્ઠિત કરવી ઘટે છે. આ ન કરીએ ત્યાં સુધી આપણું સ્મૃતિરક્ષાનું કાર્ય અધૂરું જ લેખાય.[20]"

આ "વિદ્યાર્થીગૃહ" માંથી મણિલાલ શાહ સને ૧૯૧૮ માં જ્યારે વાડીલાલથી છૂટા પડયા ત્યારે સમાજમાં વા.મો.શાહના અનેક વિરોધીઓ થઇ ચૂકયા હતા. એ વિરોધીઓએ સાચી ખોટી વાતો ફેલાવી વાડીલાલને કાદવના છાંટા ઉડાડવા માંડયા હતા પરંતુ વા.મો.શાહે તે તરફ બહુ ધ્યાન નહોતું આપ્યું. આ વિરોધનો વંટોળ જ્યારે ખૂબ ચગ્યો ત્યારે "વિદ્યાર્થીગૃહ"ની મેનેજિંગ કમિટીની મીટિંગ સરકારી એડવોકેટ જનરલની હાજરીમાં ભરીને તેમની સલાહ મુજબ વર્તવાનું વા.મો.શાહે મુનાસબ ધાર્યું હતું. તે સમય દરમ્યાન મળતી કારોબારી સમિતિની મીટિંગોના રોજકામની બુક આજે પણ શ્રી ત્રિભુવન વી. હેમાણી પાસે સચવાયેલી છે. આ વિશે કંઇપણ પિંજણ કરવાને બદલે વા.મો.શાહે છેલ્લી નોંધ જે "જૈનહિતેચ્છુ" માં લીધી હતી તે જ દર્શાવવાનું ઉચિત માન્યું છે. તે નીચે પ્રમાણે છે : " ખરી વાત કે જે કહેતાં જુના સંબંધને અને મારા હૃદયને આઘાત થાય તેમ છે તે ખાતર જાહેર નહિ કરી શકવાને લીધે કેટલાક ખટપટિયાઓ ખોટી હકીકત ફેલાવી મને જ નુકસાન કરવામાં ફાવી શકે છે...........

---

૨૦. "પ્રબુદ્ધ જીવન" : તા.૧૬-૪-૧૯૬૧ ; અને "વા.મો.શાહનું રાજકારણ" છેલ્લા પૂઠા ઉપરનું અવતરણ.

.......દરમ્યાનમાં કહી લેવાની રજા લઈશ કે, જે ગૃહસ્થોએ માસિક સ્કોલરશીપોનાં વચન આપ્યાં હતાં અને છતાં ગમે તેની સમજાવટ-થી તે વચન મુજબની રકમો ખટપટનું બહાનું લઈને દાબી રાખી છે તેઓને તેમના એ વચનભંગના દોષ માટે તો ઠપકો નહિ આપવા જેટલી ઉદારતા હું રાખી શકીશ; પણ મારી પ્રમાણિકતા માટે – ગમે તેવી વ્યકિતના કહેવાથી પણ – જે શંકા કરે તેને હું મારો દ્રોહી માન્યા સિવાય રહી શકું નહિ. તેઓ મારા આત્માનું સજ્જડ અપમાન કરે છે એમ જો હું ન માનું તો હું જ મારા આત્માનું લાયબલ કરનાર આત્મદ્રોહી ઠરું. હું કહીશ કે સો ટકાથી વધુ ટકાની પ્રમાણિકતા હોઈ શકતી જ નથી અને વાડીલાલની બરાબરીની પ્રમાણિકતા તો ઘણામાં હશે પણ એથી વધુ પ્રમાણિકતા હોવી જ શકય નથી. જેણે નિર્ધનસ્થિતિમાં પણ સ્ત્રીધન વેચીને ગુપ્તરીતે અજાણ્યા વિદ્યાર્થીઓની સેવા બજાવી હતી, જેણે થોડુંક ધન પ્રાપ્ત થતાં શકિત બહારનો બોજો ઉઠાવ્યો હતો તેના સંબંધમાં પબ્લીકના નાણાંની બાબતમાં ખોટો ખ્યાલ ઉપજાવનાર સગા બાપને – અને ક્ષણભરને માટે પણ – માનવો એ જ એનું ગળું કાપવા બરાબર દ્રોહ છે.......................આ વ્યકિતઓ – પછી તે ગમે તેવી શ્રીમંત હોય કે સ્નેહી હોય કે મારા સમક્ષ હજાર ભલી વાતો કરનારી હોય, પણ એ વ્યકિતઓને હું મારા દ્રોહી અને રાક્ષસ જ માનું. સમાજસેવક કે સમાજનેતા થવા ઈચ્છનારને હું મારા અંગત અનુભવથી અને મોંઘા મૂલ્યે ખરીદેલો અનુભવ આપીશ કે શત્રુનો વિશ્વાસ ભલે કરજો, પણ તમારા પ્રશંસકો અને સાગ્રીતોથી પૂરા ચેતતા રહેજો."[૨૧]

---

૨૧. "જૈ. હિ." : ૧૯૧૯ નવેમ્બર : પૃ. ૨૪૧–૨૪૫

આવું છેલ્લું સનાતનસત્યવાળું વાકય ઉચ્ચાર્યા બાદ "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" માટે દાન આપનાર દાતાઓને કાર્ડ લખી એમના પૈસાની યોગ્ય વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતું. જેને એ દાન પાછું ન લેવું હોય તેઓએ એ ધનનો ઉપયોગ વાડીલાલની મરજી મુજબ કરવાની રજા આપતો જવાબ પણ મંગાવ્યો હતો. વાડીલાલે એમને કહયું કે " દરેકને પોતપોતાની ઇચ્છા મુજબ વર્તવાનો હકક છે; અને મને મારા આત્મ-ગૌરવની રક્ષા કરવાનો હકક છે. મારી પ્રમાણિકતાનાં પુરાવા અને પ્રમાણપત્રો અને કાબૂ રાખનારા, એની અગત્ય સ્વીકારવા હું હવે તૈયાર નથી.[૨૨]

કાંઇપણ બદલાની આશા વગર વાડીલાલે તન, મન, ધનથી સમાજની સેવા સ્વીકારી છતાં સમાજ કદર કરી શકયો નહિ અને અતિ-પ્રમાણિક વા.મો.શાહ ઉપર પણ દુષિત નજરે જોવા લાગ્યો ત્યારે વાડીલાલનું મન વ્યગ્રતા અનુભવે એ સ્વાભાવિક છે. આ એમની વ્યગ્રતાદર્શક વાણી પણ નોંધનીય છે.

છેવટે "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ"માં રહી શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ યશસ્વી કારકીર્દીવાળી કેટલીક વ્યકિતઓને યાદ કરવી જ રહી. સદ્ગત મહાદેવભાઇ દેસાઇ, મધ્યસ્થ સરકારના માજી નાયબ નાણાંપ્રધાન શ્રી મણિલાલ ચતુરભાઇ શાહ, "સૌ.રાષ્ટ્ર" અને "જન્મભૂમિ" જેવાં ખ્યાતનામ દૈનિકપત્રોના સ્થાપક સદ્ગત અમૃતલાલ શેઠ, પ્રસિધ્ધ નૃત્યકાર શ્રી ઉદયશંકર, વલ્લભવિદ્યાપીઠના ભુતપૂર્વ ઉપકુલપતિ અને ગુજરાતના

---

૨૨. "જૈ. હિ." : સને ૧૯૧૯ નવેમ્બર : પૃ. ૨૪૫

હાલના મુખ્યપ્રધાન શ્રી બાબુભાઇ જશભાઇ પટેલ , શ્રી વાલજી ગોવિંદજી દેસાઇ એવા કેટલાય વિદ્વાનોએ પોતાના અભ્યાસની ઇમારતનો પાયો વાડીલાલના "સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ" માં નાખ્યો હતો અને તેને માટે તેઓ ગૌરવ અનુભવતા હતા. આ વાડીલાલના "વિદ્યાર્થીગૃહ" ની અને એમની પોતાની સફળતા જ ગણાય.

વાડીલાલના સમાજસુધારાને લગતી અનેક વાતો તેમનાં લખાણને ફરી ફરીને વાંચીએ છીએ તેમ તેમ નીકળતી રહે છે તેથી આ વાત અહીં-થી જ અટકાવીને વા.મો.શાહના દેહવિલય પછી વિવિધ પત્રોમાં અપાયેલી અંજલિઓનો નિર્દેશ માત્ર કરી સંતોષ માનીશું. "મુંબઇ સમાચાર" માં શ્રી સોરાબજી કાપડિયાએ, "હિન્દુસ્તાન પ્રજામિત્ર" માં શ્રી હરિલાલ ભરૂચાએ, "જૈનપ્રકાશ"માં શ્રી ડાહયાલાલ મહેતાએ "પ્રજાબંધુ" માં શ્રી ચુનિલાલવર્ધમાન શાહે, "કૌમુદી" માં શ્રી વિજયરાય વૈદ્યે અને વાડીલાલના પ્રતિસ્પર્ધી સમા "જૈન" પત્રમાં શ્રી ભીમજી હરજીવન પારેખે (સુશીલે) તથા "સાહિત્ય"માં મટુભાઇ કાંટાવાળાએ વાડીલાલને સુંદર અંજલિઓ અર્પણ કરી હતી. વા.મો.શાહની શોકસભાઓ ગુજરાત મુંબઇમાં તો ભરાય પણ છેક ડેરાઇસ્માઇલખાન પેશાવર, જેલમ,અમૃતસર, દિલ્હી, આગ્રા, કલકત્તા, ઝરિયા, મદ્રાસ, કોચીન જેવાં દૂરદૂરનાં અનેક સ્થળોએ ભરાઇ હતી એ ઉપરથી વાડીલાલના શુભેચ્છકો કેટલા હશે તેનો આપણને ખ્યાલ આવે છે.

મુનિરત્ન શ્રી મોહન ઋષિએ સંદેશો પાઠવ્યો હતો કે "શ્રી વાડીલાલભાઇ તો વિશ્વના હતા. તેમના અવસાનથી સમસ્ત સમાજને ઘણું દુ:ખ થયું છે. જૈન સમાજમાં સો વરસમાં આવો હીરો પાકયો નથી.

જૈન સમાજ તેમના વિયોગથી અનાથ બન્યો છે. સમાજનો શિરતાજ ઉડી ગયો. આ દૃશ્ય સમાજ સામે સદા ઊભું રહેશે."[23]

મુનિવર શ્રી નાનચંદજી મહારાજે વાડીલાલના કાર્યોને બિરદાવતા કહ્યું હતું કે: "જૈન સમાજના ઉદયમાટે જે સાધુ વર્ગ કરી શક્યો નથી તેથી વિશેષ સદ્ગતના આત્માએ કરી બતાવ્યું છે. શારીરિક, માનસિક, અને આત્મિક ભોગ આપી આપીને તેઓએ પોતાનું આખું જીવન કેવળ પરમાર્થી કરી મૂક્યુ હતું ઉપરાંત સમાજના અનેક કડવા ઘૂંટડા પીવા પડયા હતા તે તો જુદા ! જે સત્ય પોતાને સમજાયું તે જગતને ચરણે ધરવા માટે તેની નીડરતા- તેનો ઉત્સાહ, તેની ક્ષમતા વગેરે ગુણો એક વીરને છાજે તેવા હતા."[24] મુનિશ્રી નાનચંદજીએ વાડીલાલના જીવનની સાર્થકતા ખૂબજ ટૂંકાણમાં સાબિત કરી બતાવી હતી.

ત્રીજા મુનિવર શ્રી ત્રિલોકચંદજી મહારાજે નીચે પ્રમાણે સંદેશો મોકલ્યો હતો: "શ્રી વાડીલાલ મોતીલાલ શાહ એ નામથી ઓળખાતો પવિત્ર આત્મા, જ્ઞાનપુંજ મહારથી સમર્થ પ્રભાવશાળી, તત્વ-નિધાન અને "જૈન" કે "જન"ની કલ્યાણ ભાવનામાં સદોદિત રહેનાર અદૃશ્યને પંથે અદૃશ્ય થયો. એના જવાથી જૈન જ્યોતિ ઝાંખી પડી જશે, પડી ગઇ છે. એવાઓ મરતા નથી પણ અમરપંથે જાય છે તેમ સદા અમરતા જ સેવે છે અને અમર છે."[25]

---

૨૩. "હિન્દુસ્તાન પ્રજામિત્ર" : તા. ૮-૧૨-૧૯૩૧

૨૪. એજન

૨૫. એજન